Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

10.3

મધ્યયુગના ભારતનો ઇતિહાસ

ધોરણ સાતમું

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ ખાતાનો મંજૂરી ક્રમાંક

પ્રાશિસં/૨૦૦૮-૦૯/મંજૂરી ૫૦૫(૨૩)/૧૨૦૬ તા. ૨૫.૨.૨૦૦૮

મધ્યયુગના ભારતનો ઇતિહાસ

ધોરણ સાતમું

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રથમાવૃત્તિ : ૨૦૦૮
પુર્નમુદ્રણ :
જુલાઈ, ૨૦૧૧

© મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે -૪૧૧ ૦૦૪.

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે આ પુસ્તકના બધા હક્ક રહેશે. આ પુસ્તકમાંનો કોઈપણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી વગર છાપી શકાશે નહિ.

સંપાદક મંડળ : શ્રી. બાપૂસાહેબ શિંદે
શ્રી. વિજયચંદ્ર થત્તે
પ્રા. ગણેશ રાઉત
પ્રા. અનિલ ગૌતમ
શ્રી. આબાસાહેબ શિંદે
શ્રી. લક્ષ્મણ ભોયે
શ્રી. મોગલ જાધવ, સમન્વયક

લેખક : પ્રા. લહૂ ગાયકવાડ
પ્રા. દિલાવરખાન પઠાણ

ભાષાંતરકાર : શ્રીમતી કલ્પના મહેતા

ભાષાંતર સંયોજક : શ્રીમતી કેતકી જાની, વિશેષાધિકારી ગુજરાતી, પાઠ્યપુસ્તક મંડળ, પુણે.

સંયોજક : શ્રી. એમ. એસ. જાધવ, વિશેષાધિકારી ઈતિહાસ અને નાગરિકશાસ્ત્ર, પાઠ્યપુસ્તક મંડળ, પુણે.

મુખપૃષ્ઠ અને સજાવટ: શ્રી. સચિન જોશી

નક્શાકાર : શ્રી. રવિકિરણ જાધવ

નિર્મિતિ : શ્રી. પ્રભાકર પરબ, નિર્મિતિ અધિકારી

અક્ષરગૂંથણી : મુદ્રા વિભાગ, પાઠ્યપુસ્તક મંડળ, પુણે.

કાગળ : ૭૦ જીએસએમ., ક્રિમવ્હોવ

મુદ્રણાદેશ : N/PB/2012-13 (5,000)

મુદ્રક : Rajesh Art, Lower Parel - 13.

પ્રકાશક : શ્રી. વિવેક ગોસાવી, નિયંત્રક
પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ, પ્રભાદેવી, મુંબઈ ૨૫.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતનું સંવિધાન

આમુખ

અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ સમાજવાદી
બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત
કરવાનો તથા તેના સર્વ નાગરિકોને :

સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય;
વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,
ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા;
દરજ્જા અને તકની સમાનતા;

પ્રાપ્ત થાય તેમ કરવાનો
અને તેવા સર્વમાં વ્યક્તિનું ગૌરવ
અને રાષ્ટ્રની એકતા અને અખંડતા
સુદૃઢ કરે એવી બંધુતા વિકસાવવાનો
ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને
અમારી સંવિધાનસભામાં
૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજથી
આ સંવિધાન અપનાવી તેને અધિનિયમિત કરી
અમને પોતાને અર્પિત કરીએ છીએ..

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારા દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસ્તાવના

'રાષ્ટ્રીય અભ્યાસક્રમ ધોરણ ૨૦૦૦ અને ૨૦૦૫' અનુસાર મહારાષ્ટ્ર રાજ્યમાં 'પ્રાથમિક શિક્ષણ અભ્યાસક્રમ ૨૦૦૪' તૈયાર કરવામાં આવ્યો. આ અભ્યાસક્રમની અમલબજાવણી ૨૦૦૬-૨૦૦૭ ના શાલેય વર્ષથી ક્રમશઃ શરૂ કરવામાં આવી છે.

ઉપરના સરકારમાન્ય અભ્યાસક્રમ અનુસાર મંડળે ઇતિહાસ વિષયનું સાતમા ધોરણનું પ્રસ્તુત પાઠ્યપુસ્તક તૈયાર કર્યું છે. આ પાઠ્યપુસ્તક આપના હાથમાં મૂકતાં અમને આનંદ થાય છે.

અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા વિદ્યાર્થીકેંદ્રીત બની રહે, સ્વયં-અધ્યયન ઉપર વિશેષ ભાર આપી શકાય, પ્રાથમિક શિક્ષણના અંતે અધ્યાપન પ્રક્રિયા આનંદદાયી બની રહે તેવા વ્યાપક દષ્ટિકોણને નજરસમક્ષ રાખી આ પુસ્તક તૈયાર કર્યું છે. 'સ્વયં અધ્યયન' સરળ બને, માટે પુસ્તકમાં દરેક પાઠો ઉપર સ્વાધ્યાય આપેલા છે.

પાઠ્યપુસ્તક વધારેમાં વધારે નિર્દોષ અને દર્જેદાર બને, એ દષ્ટિએ મહારાષ્ટ્રના બધા ભાગોમાંથી તજ્ઞ શિક્ષક, કેટલાંક શિક્ષણતજ્ઞ અને વિષય નિષ્ણાતો પાસેથી આ પુસ્તકનું સમીક્ષણ કરાવવામાં આવ્યું છે. આવેલી સૂચના અને અભિપ્રાયોનો કાળજીપૂર્વક વિચાર કર્યા પછી પુસ્તકને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. સંપાદક મંડળ, લેખક અને ચિત્રકારે અતિશય નિષ્ઠા અને પરિશ્રમપૂર્વક આ પુસ્તક તૈયાર કર્યું છે. ડૉ. મધુ સંપટે આ પુસ્તકનું બારીકાઈથી ગુણવત્તા પરીક્ષણ કર્યું છે. મંડળ આ દરેકનું મનઃપૂર્વક આભારી છે.

વિદ્યાર્થી, શિક્ષક અને વાલીઓ આ પુસ્તકનું સ્વાગત કરશે એવી આશા છે.

(એસ. એન. પવાર)
સંચાલક
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ
અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

પુણે
તા : ૨૫ ફેબ્રુઆરી ૨૦૦૮

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

૧.	ભારત અને દુનિયા	૧
૨.	પ્રાદેશિક સત્તાનો ઉદય	૭
૩.	આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક જીવન	૧૩
૪.	દિલ્હીની સુલતાનશાહી	૨૦
૫.	વિજયનગર અને બહમની રાજ્યો	૨૭
૬.	ધાર્મિક સમન્વય	૩૩
૭.	મોગલ સત્તાની સ્થાપના અને વિસ્તાર	૩૮
૮.	મોગલ સત્તાનો વિસ્તાર	૪૫
૯.	નવા સત્તાકેંદ્રોનું નિર્માણ	૫૧
૧૦.	મોગલયુગનું સમાજજીવન	૫૪
૧૧.	શિવાજી પહેલાનું મહારાષ્ટ્ર	૬૧
૧૨.	સ્વરાજ્ય સ્થાપના	૬૮
૧૩.	મોગલો સાથે સંઘર્ષ	૭૫
૧૪.	સ્વરાજ્યનો કારભાર	૮૪
૧૫.	રૈયતનો રાજા	૯૧
૧૬.	મરાઠાઓનો સ્વાતંત્ર્યસંગ્રામ	૯૬
૧૭.	મરાઠી સત્તાનો વિસ્તાર	૧૦૩
૧૮.	પાણીપતનું ત્રીજું યુદ્ધ	૧૦૯
૧૯.	મરાઠી સત્તાના આધારસ્તંભ	૧૧૬

- મુખપૃષ્ઠ – રાયગઢ
- અંતિમ પૃષ્ઠ – દોલતાબાદનો કિલ્લો

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. ભારત અને દુનિયા

ભારતના પ્રાચીનકાળનો અભ્યાસ આપણે ગયા વર્ષે કર્યો છે. આ વર્ષે આપણે મધ્યયુગના ભારતનો અભ્યાસ કરવાના છીએ. મધ્યયુગનો સમય પ્રત્યેક દેશના ઇતિહાસમાં જુદોજુદો ગણાય છે. ભારતીય ઇતિહાસના મધ્યયુગનો સમય સ્થૂળ રીતે ઈસવી સનના નવમા સૈકાથી અઢારમાં સૈકાના અંત સુધીનો છે. યુરોપના મધ્યયુગનો સમય ઈસવી સનના પાંચમા સૈકાથી પંદરમા સૈકા સુધીનો છે.

સામંતશાહી : ઈસવી સનના પાંચમા સૈકામાં રોમન સામ્રાજ્યનો વિનાશ થયો. તે પછી યુરોપમાં પ્રભાવશાળી કહી શકાય તેવી કોઈ મધ્યવર્તી સત્તા રહી નહિ. પરિણામે આ સમયમાં લોકોને પોતાના જીવનની અને માલમત્તાની અસલામતી લાગવા માંડી. ઈસવી સનના આઠમા સૈકામાં સમ્રાટ શાર્લમને પોતાના નેતૃત્ત્વ હેઠળ યુરોપને સંગઠિત કરવાનો પ્રયત્ન કર્યો. શાર્લમનના મૃત્યુ પછી તેણે સ્થાપેલા સામ્રાજ્યનું વિભાજન થયું અને ફરીથી મધ્યવર્તી સત્તા નિર્બળ બની. આ પરિસ્થિતિનો ફાયદો જુદાજુદા પ્રદેશના સામંતોએ ઉઠાવ્યો. સામંત એટલે સરદાર. સામંતોના નિયંત્રણ હેઠળ યુરોપમાં એક નવી વ્યવસ્થા અસ્તિત્ત્વમાં આવી. તેને 'સામંતશાહી' કહેવાય છે.

પ્રજાનું રક્ષણ કરવું, પોતાના પ્રદેશમાં શાંતિ અને સુવ્યવસ્થા રાખવી, રાજાના વતી ન્યાય આપવાનું કામ કરવું અને રાજાને મદદ કરવી વગેરે કામો સામંતોને કરવાં પડતાં.

સામંતો પોતપોતાના પ્રદેશમાં કિલ્લેબંધી કરેલા વાડા બાંધીને રહેતા હતા. આ વાડાને ગઢ (હવેલી) કહેતા. આ ગઢમાંથી તેઓ પોતાના પ્રદેશનો કારભાર કરતા. આ પ્રદેશના ખેડૂતો અને શ્રમિક લોકો સામંતોના

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ગઢ (હવેલી)

વર્ચસ્વ હેઠળ હતા. સામંતો સામાન્ય જનતાનું અતિશય શોષણ કરતા. ખેતી ઉત્પન્નનો મોટો ભાગ તેઓ ખેડૂતો પાસેથી લઈ લેતા. સમય જતાં તેમની જમીન સામંતોએ પચાવી પાડી તેને કારણે અનેક ખેડૂતો ભૂદાસ (વેઠિયા) બન્યા. ભૂદાસ એટલે પોતાની માલિકીની જમીન ન ધરાવતા ખેતમજૂર. આ ખેતમજૂરો સામંતોની સેવામાં રહેતા. આ ખેડૂત-વેઠિયાની સ્થિતિ હાલાકીભરી હતી. તેમને કોઈપણ પ્રકારની સ્વતંત્રતા નહોતી. સામંતોની ખેતીવાડીમાં તેમને વિના પગારે કામ કરવું પડતું.

વેપારી વર્ગનો ઉદય : એશિયાખંડમાંથી ખાસ કરીને ભારતમાંથી અને અગ્નિ એશિયામાંથી મસાલાના પદાર્થો યુરોપની બજારોમાં વેચાતા. યુરોપ સાથે થતાં આ વેપારમાં આરબોનો ફાળો મહત્ત્વનો હતો. મૂલ્યવાન ધાતુ, કપાસ, રેશમ, સાકર, ચા, કાપડ, મસાલાના પદાર્થો વગેરે

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસ્તુઓની યુરોપની બજારમાં મોટી માંગ હતી. મધ્યયુગમાં યુરોપનો વેપાર વધવા લાગ્યો. વ્યાપાર વિષયક વિવિધ કામ કરનારો વેપારી વર્ગ અસ્તિત્વમાં આવ્યો. યુરોપમાં વ્હેનિસ, જિનોવા વગેરે નવાં નગરો વેપાર માટે પ્રસિદ્ધ થયાં.

ઇસ્લામનો ઉદય : ઈસવીસનના સાતમા સૈકામાં મહંમદ પયગંબરે ઇસ્લામનો ઉપદેશ આપ્યો. 'કુરાન શરીફ' એ ઇસ્લામ ધર્મનો પવિત્ર ગ્રંથ છે. ઇસ્લામ શબ્દનો અર્થ પરમેશ્વર ઉપર અતિશય શ્રદ્ધા, તેમની ઇચ્છાનું અને આજ્ઞાનું પાલન અને ઈશ્વરને સંપૂર્ણ શરણે જવું તેવો થાય છે.

ઇસ્લામનો ઉપદેશ : ઈશ્વર એકજ હોવાથી મહંમદ પયગંબરને ઈશ્વરે મોકલેલા છે. દરરોજ નિયમિત રીતે પાંચ વખત પ્રાર્થના કરવી, રમજાન મહિનામાં ઉપવાસ કરવા, આપણી આવકમાંથી ચોક્કસ રકમનું ગરીબગુરબાઓ માટે દાનધર્મ કરવું, આપણા આયુષ્યમાં એકવખત તો હજયાત્રા કરવી, માતા-પિતા માટે આદર રાખવો આવો ઇસ્લામનો ઉપદેશ છે.

આરબોનો ઉદય : મહંમદ પયગંબરના આ ઉપદેશનો પ્રસાર અરબસ્તાનમાં થયો. એશિયા ખંડની નૈઋત્યમાં આવેલા મોટા દ્વિપકલ્પને અરબસ્તાન કહેવાય છે. અરબસ્તાનના લોકો વિવિધ ટોળીઓમાં વિખરાયેલા હતા. આ ટોળીઓમાં હંમેશાં પરસ્પર સંઘર્ષ રહેતો. મહંમદ પયગંબરે તેમને સંગઠિત કર્યાં. પયગંબરના વારસદાર એટલે ખલિફા. તેમણે આરબોની સત્તાનો વિસ્તાર કર્યો. આ વિસ્તાર યુરોપના સ્પેનથી ભારતની પશ્ચિમ સીમા ઉપરના સિંધ પ્રદેશ સુધી ફેલાયો.

આરબોનું યોગદાન : આરબોએ કલા, વિજ્ઞાન, સાહિત્ય ક્ષેત્રમાં નોંધપાત્ર કામગીરી કરી છે. સ્થાપત્યકલાની એક સુંદર શૈલી નિર્માણ કરી. આ સ્થાપત્યશૈલીની અર્ધવર્તુળાકાર કમાન, ઘુમ્મટ, ઊંચા મિનારા,

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



Based upon Survey of India map with the permission of the Surveyor General of India. The territorial waters of India extended into the sea to a distance of twelve nautical miles measured from the appropriate base line. The responsibility rest with the publisher.

© Government of India Copyright- 2008

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
સુરેખ નક્શીકામ અને જાળીકામ વગેરે વિશિષ્ટતા હતી. સ્પેનમાં કાર્ડોવા, ઇજિપ્તમાં કૈરો અને સાઉદી અરેબિયામાં મક્કા, મદીનાની મસ્જિદમાં આ શૈલી જોવા મળે છે. સિરિયામાં દમાસ્કસ, ઈરાકમાં બગદાદના વિશાળ રજવાડા એ ઉત્કૃષ્ટ સ્થાપત્યકલાનાં ઉદાહરણો છે. ફુવારાવાળા મોટાંમોટાં ઉદ્યાનો પણ એક વિશિષ્ટતા છે.

શિક્ષણ અને સાહિત્યમાં પણ આરબોએ ઉલ્લેખનીય પ્રગતિ કરી. સ્પેનમાં કાર્ડોવા વિદ્યાપીઠ મહત્ત્વની હતી. બગદાદમાંની મદરેસામાં શિક્ષણ મેળવવા માટે દૂરદૂરના પ્રદેશોમાંથી વિદ્યાર્થીઓ આવતા હતા. કૈરોની વિદ્યાપીઠમાં એક સમયે બાર હજાર વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવતા હતા. આરબોએ પ્રાચીન ગ્રીક અને પ્રાચીન ભારતીય વૈજ્ઞાનિક ગ્રંથોના અરબી ભાષામાં ભાષાંતરો કર્યાં. ખગોળશાસ્ત્ર અને ગણિતવિષયક ભારતીય સંકલ્પનાનો પરિચય આરબોને લીધે જ પશ્ચિમના દેશોને થયો. જગપ્રસિદ્ધ 'અરેબિયન નાઈટ્સ' માંની વાર્તાનું સંકલન આ જ સમયમાં થયું.

આરબ વેપારીઓ એશિયા ખંડની અનેક વનસ્પતિ યુરોપમાં લઈ ગયા. સંતરાનો પાક યુરોપમાં લેવા માંડ્યા. સ્પેન અને પોર્ટુગલમાં ખજૂરનાં ઝાડ વાવ્યાં. બંદુકનો દારૂ, હોકાયંત્ર, ચિનાઈમાટીનાં વાસણો તેઓ ચીનમાંથી યુરોપમાં લાવ્યા.

ભારત અને દુનિયા : મધ્યયુગમાં એશિયાખંડના ખાસ કરીને ભારતના સંદર્ભમાં વેપારની બાબતમાં આરબોની ભૂમિકા મહત્ત્વની રહી છે. સામ્રાજ્યનો વિસ્તાર કરવા માટે આરબ સત્તાધીશો ભારત તરફ વળ્યા. આઠમા સૈકામાં મહંમદ બિન કાસિમ નામના આરબ સેનાનીએ સિંધ પ્રાંત ઉપર ચડાઈ કરી. ત્યાંના દાહીર રાજાને હરાવ્યો. આ ચડાઈને કારણે આરબોનો ભારત સાથે પહેલીવાર જ રાજકીય સંબંધ સ્થપાયો.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પછીના સમયમાં મધ્યએશિયાના તુર્ક, અફઘાન, મોગલ લોકો ભારતમાં આવ્યા અને તેમણે ભારતમાં પોતાની સત્તા સ્થાપી. આ સંદર્ભની માહિતી આપણે આગળના પાઠોમાં મેળવવાના છીએ.

સ્વાધ્યાય

૧. ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો.

(અ) ભૂદાસ એટલે પોતાની ..... ની જમીન ન હોય તેવા ખેતમજૂર.
(આ) મહંમદ પયગંબરે આપેલો ઉપદેશ ..... ગ્રંથમાં છે.
(ઇ) ખગોળશાસ્ત્ર અને ..... વિષયક ભારતીય સંકલ્પનાનો પરિચય આરબ લોકોને લીધે પશ્ચિમના દેશોને થયો.

૨. એક વાક્યમાં જવાબ લખો.

(અ) યુરોપની બજારમાં કઈ કઈ વસ્તુની માંગ હતી?
(આ) આરબોએ ક્યા ક્ષેત્રોમાં ઉલ્લેખનીય કામગીરી કરી?
(ઇ) આરબો ચીનમાંથી યુરોપમાં કઈ કઈ વસ્તુ લાવ્યા?

૩. ત્રણથી ચાર વાક્યમાં જવાબ લખો.

(અ) સામંતો જનતાનું શોષણ કેવી રીતે કરતા?
(આ) ઇસ્લામનો ઉપદેશ ક્યો છે?

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. પ્રાદેશિક સત્તાનો ઉદય

ઈસવી સનના આઠમા સૈકાથી તેરમા સૈકાના સમયમાં ભારતમાં અનેક નાની-મોટી સત્તાઓ અસ્તિત્વમાં આવી. આ પાઠમાં આપણે પાલ, રાષ્ટ્રકૂટ, ચૌલ, રાજપુત અને યાદવ જેવી પ્રાદેશિક સત્તાઓ વિશેની માહિતી મેળવવાના છીએ.

પાલ : ઈસવી સનના સાતમા સૈકાના ઉત્તરાર્ધમાં બંગાળનો પ્રદેશ ત્યાં રાજ્ય કરનારા જુદાજુદા રાજાઓ વચ્ચે વહેંચાઈ ગયો હતો. ત્યાંની પરિસ્થિતિમાં અરાજકતા વ્યાપી ગઈ હતી. આવી પરિસ્થિતિમાં બંગાળના રાજાઓ આપસઆપસનો મતભેદ ભૂલી જઈ સૌ સંગઠિત થયા. તેમણે સહમતિથી ગોપાલની પ્રમુખપદે નિમણૂંક કરી. ઈ.સ. ૭૨૫ માં ગોપાલે બંગાળમાં પાલ સત્તાની સ્થાપના કરી. તેણે મગધ ઉપર ચડાઈ કરીને રાજ્યનો વિસ્તાર કર્યો. તેના પુત્ર ધર્મપાલે મગધદેશ ઉપર પોતાની સત્તા સ્થાપી. તેણે કરતોયા નદીના કિનારે આવેલા પુડવર્ધનપૂરને પોતાની રાજધાની બનાવી. ધર્મપાલે કનોજના રાજા ઈંદ્રાયુધને હરાવ્યો. રાષ્ટ્રકૂટ અને પ્રતિહાર સાથે તેને સંઘર્ષ કરવો પડ્યો, ફક્ત રાષ્ટ્રકૂટ રાજા ત્રીજા ગોવિંદ સામે ધર્મપાલનો પ્રયત્ન સફળ થયો નહિ. ધર્મપાલને કનોજ ઉપર પોતાનું પ્રભુત્વ રાખવા માટે પ્રતિહાર રાજા નાગભટ્ટ સાથે સંઘર્ષ કરવો પડ્યો. નાગભટ્ટે મુંગેરમાં ધર્મપાલને હરાવ્યો. ધર્મપાલ પછી તેનો પુત્ર દેવપાલ સત્તા ઉપર આવ્યો. દેવપાલે ઓરિસ્સા રાજ્યનો પોતાના રાજ્યમાં સમાવેશ કર્યો.

રાષ્ટ્રકૂટ : ઈસવી સનના આઠમા સૈકામાં મહારાષ્ટ્રમાં રાષ્ટ્રકૂટ વંશનો ઉદય થયો. રાષ્ટ્રકૂટ વંશનો પહેલો પરાક્રમી રાજા દંતિદુર્ગ હતો. દંતિદુર્ગ પછી સત્તા ઉપર આવેલા પહેલા કૃષ્ણએ ચાલુક્યોની રાજધાની

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બદામી જીતી લીધી. તેણે કર્ણાટક અને આંધ્રપ્રદેશનો કેટલોક ભાગ પોતાના રાજ્યમાં સમાવી લીધો.

ઈ. સ. ૭૯૪માં ગાદી ઉપર બેઠેલા રાજા ત્રીજા ગોવિંદની કારકિર્દીમાં રાષ્ટ્રકૂટ સત્તા કનોજથી રામેશ્વર સુધી ફેલાઈ હતી. તેના પુત્ર અમોઘવર્ષે સોલાપુર પાસે માલખેડ નામનું નવું નગર વસાવ્યું. તે રાજધાનીનું કેન્દ્ર બન્યું. આગળ જતાં ત્રીજા કૃષ્ણએ અલાહાબાદ સુધીનો પ્રદેશ જીતી લીધો. તેણે ચૌલ રાજાએ આપેલા આહ્વાનને પડકાર્યું. દસમા સૈકામાં ચાલુક્ય રાજા તૈલે રાષ્ટ્રકૂટોને હરાવ્યા.

ચૌલ : દક્ષિણભારતના મુખ્ય અને પ્રાચીન વંશોમાંનો એક વંશ એટલે ચૌલવંશ. ચૌલોનું રાજ્ય તામિલનાડુમાં હતું. વિજયાલય ચૌલસત્તાના સંસ્થાપક હતા. સુમારે ઈ. સ. ૮૫૦માં તેણે તંજાવર જીતી લીધું. તંજાવર ચૌલોની રાજધાની બની. ચૌલોના ઇતિહાસમાં રાજરાજ પહેલો અને પહેલો રાજેન્દ્ર આ બે રાજાઓ બાહોશ અને કર્તવ્યશીલ થઈ ગયા.

રાજરાજ પહેલાએ ગંગ, ચેર અને પાંડ્ય રાજસત્તાને પરાજિત કરી. પોતાના નૌકાદળના બળના આધારે તેણે માલદીવ ટાપુઓ અને ઉત્તર શ્રીલંકા જીતી લીધા. આગળ જતાં તેણે વેંગીના ચાલુક્ય અને કલિંગના રાજાને પણ પરાજિત કર્યા. તેણે ચૌલોનું શક્તિશાળી રાજ્ય સ્થાપ્યું.

રાજરાજ પહેલા પછી તેનો પુત્ર રાજેન્દ્ર પહેલો સત્તા ઉપર આવ્યો. તેણે સંપૂર્ણ શ્રીલંકા જીતી લીધી. ચેર અને પાંડ્યોનું રાજ્ય પોતાના સામ્રાજ્યમાં જોડી દીધું. ચાલુક્યોને તેણે અનેક વખક પરાજિત કર્યા. ગોદાવરી નદી ઓળંગીને કલિંગ, દક્ષિણ કોસલ, પૂર્વ બંગાળના રાજાઓને પણ પરાજિત કર્યા. આગળ તે ગંગાનદી સુધી ગયો. આ વિજયની

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યાત્રાને લીધે તેને 'ગંગૈકોંડ' નું બિરુદ મળ્યું.

રાજેન્દ્ર પહેલાએ મલેશિયામાંના શૈલેન્દ્ર વંશની વિરુદ્ધ નૌકાદળની ચડાઈ કરી. ભારતના ઇતિહાસમાં આવા સ્વરૂપની આ પહેલી જ મોટી નૌકાદળની ચડાઈ હતી. રાજેન્દ્ર પહેલાએ બંગાળ, મલેશિયાનો દ્વિપકલ્પ જીતી લીધો. તેણે ગંગૈકોડચોલપૂરમ નામની નવી રાજધાની વિકસાવી.

Based upon Survey of India map with the permission of the Surveyor General of India. The territorial waters of India extended into the sea to a distance of twelve nautical miles measured from the appropriate base line. The responsibility rest with the publisher. © Government of India Copyright- 2008

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજેન્દ્ર પહેલા પછીના ચૌલરાજાઓ બહુ કર્તવ્યશીલ નહોતા. બારમા સૈકામાં ચૌલ સત્તાનું મહત્ત્વ ઓછું થયું. આગળ જતાં અલાઉદ્દીન ખીલજીના સેનાપતિ મલિક કાફૂરે ચૌલ રાજ્યસત્તા નષ્ટ કરી.

રજપૂત : ઈસવી સનના અગિયારમાં સૈકામાં અવંતીના પ્રતિહારોની સત્તા નાશ પામી. ત્યારપછી ઉત્તર ભારતમાં અનેક રજપૂત સત્તા અસ્તિત્ત્વમાં આવી તેમાંથી કનોજના ગઢવાલ, માળવાના પરમાર, અજમેરના ચૌહાણ વિશેષ મહત્ત્વની રજપૂત સત્તા હતી.

ગઢવાલ વંશના સંસ્થાપક ચંદ્રદેવ હતા. કનોજ ગઢવાલોની રાજધાની હતી. ગોવિંદચંદ્ર ગઢવાલ વંશનો કર્તવ્યશીલ રાજા હતો. તેણે બંગાળ, મગધ અને પૂર્વમાળવાનો પ્રદેશ પોતાના રાજ્ય સાથે જોડી દીધો. આગળ જતાં ગઝનીના મહંમદ ઘોરીએ ગઢવાલ સત્તાનો નાશ કર્યો.

પરમાર વંશના સંસ્થાપક કૃષ્ણરાજ હતા. માળવામાંની ધાર પરમારોની રાજધાની હતી. આ વંશના સૌથી મહત્ત્વના અને કર્તવ્યશીલ રાજા ભોજ હતા તેણે પરમારોની સત્તા દક્ષિણમાં કોંકણ સુધી વિકસાવી. તે પરાક્રમ, વિદ્વત્તા અને ગુણગ્રાહકતા માટે પ્રસિદ્ધ હતા. ચૌદમા સૈકાની શરૂઆતમાં અલ્લાઉદ્દીન ખીલજીએ પરમારોની સત્તા નષ્ટ કરી.

ઉત્તર રાજસ્થાનના પ્રદેશમાં ચૌહાણોનું રાજ્ય હતું. ત્રીજો પૃથ્વીરાજ ચૌહાણ આ વંશનો પરાક્રમી રાજા હતો. તેણે ઈ. સ. ૧૧૯૧માં તરાઈના યુદ્ધમાં મહંમદ ઘોરીનો પરાજય કર્યો. કનોજના ગઢવાલ રાજા જયચંદ રાઠોડનો પૃથ્વીરાજ સાથે તંગદિલીભર્યો સંબંધ હતો. મહંમદ ઘોરીએ પછીના વર્ષે પૃથ્વીરાજ વિરુદ્ધ ચડાઈ કરી.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે સમયે પૃથ્વીરાજે જયચંદ રાઠોડની મદદ માંગી. તેમ છતાં જયચંદે તેને મદદ કરી નહિ. મહંમદે પૃથ્વીરાજનો પરાજય કરી અજમેર જીતી લીધું. તે પછી કનોજ ઉપર ચડાઈ કરી. તેણે જયચંદને ઠાર કર્યો / મારી નાંખ્યો.

યાદવ : આ મહારાષ્ટ્રનો એક ઇતિહાસ પ્રસિદ્ધ વંશ છે. શરૂઆતમાં યાદવો નાસિક જિલ્લાના ચાંદવડમાં સ્થાયી થયા હતા. યાદવ રાજા સેઉણચંદ્રએ સિન્નરને રાજધાની બનાવી. ઈસવી સનના બારમા સૈકામાં પાંચમા ભિલ્લમે પોતાની રાજધાની ઔરંગાબાદ નજીક આવેલ દેવગિરીને બનાવી. ત્યાં તેણે પોતાનો રાજ્યાભિષેક કર્યો.

યાદવ વંશનો બીજો સિંઘણ રાજા સૌથી કર્તવ્યશીલ હતો. તેણે માળવા, કર્ણાટક અને લગભગ સંપૂર્ણ મહારાષ્ટ્ર ઉપર પોતાનું વર્ચસ્વ સ્થાપ્યું. તેના સમયમાં યાદવોની સત્તા સર્વોચ્ચ શિખરે પહોંચી હતી. તેરમા સૈકામાં અલ્લાઉદ્દીન ખીલજીએ દેવગિરી ઉપર ચડાઈ કરી તે સમયે રામચંદ્રદેવ રાજા હતા. અલ્લાઉદ્દીને તેને હરાવ્યા. યાદવ સત્તાની પડતી શરૂ થઈ ગઈ. આગળ જતાં બહુ જલ્દી યાદવોની સત્તાનો અંત આવ્યો.

ઈસવી સનના આઠમા અને તેરમા સૈકામાં ભારતના જુદાજુદા પ્રદેશોમાં વિવિધ પ્રાદેશિક સત્તાઓ ઉદય પામી. આ સત્તાઓનો અંદરોઅંદર સતત સંઘર્ષ ચાલુ રહેતો. આ પરિસ્થિતિનો ફાયદો વાયવ્ય તરફથી આવેલા તુર્કી આક્રમકોએ ઉઠાવ્યો. ઈસવી સનના તેરમા સૈકાની શરૂઆતમાં તેમણે દિલ્હીમાં પોતાનું સત્તાકેંદ્ર સ્થાપ્યું.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧. ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો.

(અ) ગોપાલે બંગાળમાં ..... સત્તાની સ્થાપના કરી.

(આ) રાષ્ટ્રકૂટ વંશનો પહેલો પરાક્રમી રાજા ..... હતો.

(ઇ) વિજયાલય ..... સત્તાનો સંસ્થાપક હતો.

(ઈ) માળવામાંની ..... પરમારોની રાજધાની હતી.

૨. એક વાક્યમાં જવાબ લખો.

(અ) ધર્મપાલને કઈકઈ સત્તા સાથે સંઘર્ષ કરવો પડ્યો?

(આ) રાષ્ટ્રકૂટ રાજા પહેલા કૃષ્ણએ પોતાના રાજ્ય સાથે ક્યો પ્રદેશ જોડી દીધો?

(ઇ) ભોજરાજા ક્યા ગુણો માટે પ્રસિદ્ધ હતા?

(ઈ) પૃથ્વીરાજે તરાઈના યુદ્ધમાં કોને હરાવ્યો?

૩. બે થી ત્રણ વાક્યોમાં જવાબ લખો.

(અ) પહેલા રાજરાજે ચૌલોનું શક્તિશાળી રાજ્ય કેવી રીતે સ્થાપ્યું?

(આ) બીજા સિંઘણે ક્યા ક્યા પ્રદેશો ઉપર પોતાનું વર્ચસ્વ સ્થાપ્યું?

૪. કારણો લખો.

(અ) ચૌલ રાજા રાજેન્દ્ર પહેલાએ 'ગંગૈકોંડ' બિરુદ મેળવ્યું.

(આ) ઈસવી સનના તેરમા સૈકામાં તુર્કોએ દિલ્હીમાં પોતાનું સત્તાકેન્દ્ર સ્થાપ્યું.

ઉપક્રમ

ભારતના નકશામાં પાલ, રાષ્ટ્રકૂટ, ચૌલ, રજપૂત, યાદવ વગેરે સત્તાનાં સ્થળો બતાવો.

□□□

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક જીવન

ઈસવી સનના આઠમાથી તેરમા સૈકાના સમયમાં ભારતમાં બનેલા આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક પરિવર્તનોની માહિતી આપણે આ પાઠમાં મેળવવાના છીએ.

પરરાષ્ટ્રો સાથે વેપાર : ઈસવી સનના આઠમા અને નવમા સૈકામાં ભારતના બહારના દેશો સાથેના વેપારમાં મંદી આવી હતી. દસમા સૈકા પછી પરરાષ્ટ્રો સાથેના વેપારમાં ફરીથી વેગ આવ્યો.

આરબ સામ્રાજ્યની સ્થાપના પછી આરબોનો ભારત સાથેનો વેપારી સંબંધ વધ્યો. ભારતના કાપડ, સુગંધી દ્રવ્યો અને મસાલાના પદાર્થોની આરબ વેપારીઓ તરફથી મોટી માંગણી રહેતી. આરબ લોકો ભારતમાં આવતી વખતે પોતાની સાથે ખજૂર અને ઘોડાઓ લાવતા. ભારતમાંથી તેઓ લીંબુ, નાળિયેર, આંબા વગેરે અરબસ્તાનમાં લઈ જતા.

આ જ સમયમાં ભારતનો ચીન અને અગ્નિએશિયાના દેશો સાથે વેપારી સંબંધ વધવા લાગ્યો. ચીનમાં મસાલાના પદાર્થો તેમજ હાથીદાંત, કાચનો સામાન, ઔષધિદ્રવ્યો, લાખ વગેરે પદાર્થોની મોટી માંગ હતી. ગુજરાતમાંનું ભરૂચ મહત્ત્વનું બંદર હતું. કેરળમાંના મલબારમાંથી સિસમનું લાકડું ચીનને મોકલવામાં આવતું. બંગાળમાંના તામ્રલિપ્તી બંદરેથી જાવા, સુમાત્રા વગેરે ટાપુઓ તરફ ભારતમાંથી વેપારી જહાજો જતાં. બંગાળના પાલ રાજાએ અને દક્ષિણભારતના ચૌલોએ આ વેપારને પ્રોત્સાહન આપ્યું. ચૌલ રાજા પહેલા રાજેન્દ્રએ પોતાનો પ્રતિનિધિ ચીનમાં મોકલ્યો. વેપારના નિમિત્તે અનેક ભારતીયો અગ્નિ એશિયાના દેશોમાં ગયા. વેપારીઓની પાછળ ધર્મોપદેશકો પણ ત્યાં ગયા. ત્યાં તેમણે હિંદુ અને

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
બૌદ્ધ વિચારોનો પ્રસાર કર્યો. જાવા ટાપુમાંનો બોરોબુદુરના બૌદ્ધ સ્તૂપ તો કંબોડિયામાંનું અંકોરવટ મંદિર આ પ્રભાવનાં ઉદાહરણો છે.

નગરોનો વિકાસ : નવી ઉદય પામેલી રાજસત્તાને કારણે તેમજ વ્યાપારવૃદ્ધિને લીધે આ સમયમાં નગરોનો વિકાસ થયો. માલખેડ, ઉજ્જૈન, તંજાવર, અજમેર વગેરે નગરો અત્યંત સમૃદ્ધ બન્યાં. રાજાના મંત્રી, પદાધિકારીઓ, સરદાર, વેપારી અને નોકરવર્ગ શહેરોમાં રહેતા.

વ્યવસાય અને ઉદ્યોગ : ગામડાંમાં રહેતા લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી હતો. વરસાદના પાણીથી અને નદીઓ અને તળાવમાંથી કાઢેલી નહેરોનાં પાણીથી ખેતી કરવામાં આવતી. ચોખા, બાજરો, ઘઉં, તેલિબિયાં, શેરડી, દ્વિદળ અનાજ, કપાસ જેવા પાકો લેવામાં આવતા. ફણસ, કેરી, દ્રાક્ષ, અંજીર, કોઠું વગેરે ફળોનું ઉત્પાદન કરવામાં આવતું.

ખેતીવ્યવસાયની સાથે અન્ય વ્યવસાયોનું પણ લોકજીવનમાં મહત્ત્વ હતું. લોખંડ, તાંબુ, સોનું, ચાંદી વગેરે ધાતુઓ ઉપર આધારિત ધાતુઉદ્યોગો હતા. કોલ્હાપુર, યવતમાળ વગેરે સ્થળે ગોળનો ઉદ્યોગ મહત્ત્વનો હતો. મહારાષ્ટ્રમાંનું પૈઠણ પૈઠણીસાડી માટે અને આંધ્રપ્રદેશમાંનું વરંગળ ઝીણા (પાતળા) કાપડ માટે પ્રસિદ્ધ હતું.

સ્થાનિક સ્તરનો વેપાર વસ્તુવિનિમય દ્વારા થતો હતો. દૂરના વેપાર માટે સોના-ચાંદી અને તાંબાના સિક્કાનો ચલણ તરીકે ઉપયોગ કરવામાં આવતો. યાદવોના સમયમાં 'પદ્મટંક' સોનાના સિક્કા હતા.

સામાજિક સ્થિતિ : ભારતીય સમાજ જાતિ-પેટાજાતિઓમાં વિભાજીત હતો. વિવિધ જાતિઓ વચ્ચેના સંબંધો રૂઢિ અને પરંપરાએ નિશ્ચિત કર્યા હતા. જ્ઞાતિ બહાર લગ્ન કરવાની બંધી હતી. વ્યવસાય જ્ઞાતિ ઉપર આધારિત થતા ગયા. જાતિ વ્યવસ્થાને લીધે સમાજમાં વિષમતાની ખાઈ વધંતી ગઈ. સમાજવ્યવસ્થા પિતૃપ્રધાન હતી. સ્ત્રીઓનું

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાન ગૌણ હતું. પરંતુ કુટુંબમાં તેમની ભૂમિકા મહત્ત્વની હતી.

શિક્ષણ : સમાજમાં શિક્ષણનો પ્રસાર મર્યાદિત જ રહ્યો. વ્યક્તિને વ્યવસાયની માહિતી કુટુંબમાંથી મળતી. આ સમયમાં નાલંદા વિદ્યાપીઠની અને વિક્રમશીલા વિદ્યાપીઠની ખ્યાતિ સર્વત્ર ફેલાયેલી હતી. અહીં નેપાળ, તિબેટ, ચીન, મ્યાનમાર, કંબોડિયા, શ્રીલંકા, ઈંડોનેશિયા વગેરે દેશોમાંથી વિદ્યાર્થીઓ આવતા હતા.

મંદિર સ્થાપત્ય : આ સમયમાં મંદિર સ્થાપત્ય કલા વિકસિત થઈ. ભારતના વિવિધ ભાગોમાં અનેક મંદિરો બાંધવામાં આવ્યાં. ભવ્યતા, નાજુક અને સુરેખ શિલ્પકામ, કોતરકામ, ઊંચાં શિખરો, ગોપુર અને વિશાળ પ્રાંગણ આ સમયના મંદિર સ્થાપત્યની વિશિષ્ટતા હતી.



લિંગરાજ મંદિર - ભુવનેશ્વર

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહારાષ્ટ્રમાં વેરુળમાં ખોદેલી ગુફા જગપ્રસિદ્ધ છે. તેમાંનું કૈલાસ મંદિર કોતરકામનો અપ્રિતમ નમૂનો છે. દક્ષિણ ભારતમાં તંજાવરમાં બૃહદિશ્વરનું મંદિર પ્રસિદ્ધ છે. ભુવનેશ્વરનું લિંગરાજ મંદિર, પુરીનું જગન્નાથ મંદિર, કોણાર્કનું સૂર્યમંદિર અને મધ્યપ્રદેશના ખજુરાહોમાં કંદારીય મહાદેવ મંદિર જેવાં મંદિરો વિશેષ પ્રસિદ્ધ છે.



કોણાર્કનું સૂર્યમંદિર

રાજસ્થાનમાં આવેલા આબુના પહાડમાંના દેલવાડાનાં જૈન મંદિરો આરસપહાણના કોતરકામ માટે પ્રસિદ્ધ છે. કર્ણાટકમાં આવેલા વેલૂરનું ચેન્નકેશવ તો હળેબીડમાં આવેલું હોયસળેશ્વર મંદિરનું કોતરકામ અપ્રિતમ છે.

સમાજજીવનમાં પ્રાર્થનાસ્થળોનું વિશેષ મહત્ત્વ હોય છે. આ

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



કંદારીય મહાદેવ મંદિર - ખજુરાહો

સ્થળોએ ઉત્સવના પ્રસંગોએ મેળો ભરાય છે. મંદિરોના પ્રાંગણમાં ગાયન, વાદન, નૃત્ય, મૂર્તિકળા, સ્થાપત્ય વગેરે કળા શીખવવામાં આવતી. મંદિરોને લીધે આ કલાઓનો વિકાસ થયો. કાશી, નાસિક, પૈઠણ જેવાં કેટલાંક નગરો પરંપરાથી તીર્થક્ષેત્ર તરીકે પ્રસિદ્ધ હતાં. કાંચીપૂરમ, મદુરાઈ, તિરુપતિ વગેરે નગરો પણ તીર્થક્ષેત્ર તરીકે પ્રસિદ્ધિ પામ્યાં.

લઘુચિત્રો : લઘુચિત્રો એટલે નાના આકારનાં ચિત્રો. હસ્તલિખિત ગ્રંથો સુશોભિત કરવા માટે તેમાં લઘુચિત્રો દોરવામાં આવ્યાં. બંગાળના પાલ રાજાએ લઘુચિત્રો દોરવાની શૈલીને પ્રોત્સાહન આપ્યું.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહિત્ય : આ સમયમાં સંસ્કૃત, તામિલ, તેલુગુ, કન્નડ વગેરે પ્રાદેશિક ભાષાઓમાં વિવિધ વિષયો ઉપર સાહિત્ય રચાયું.

જયદેવે 'ગીતગોવિંદ' કાવ્ય લખ્યું. આ કાવ્યમાં કૃષ્ણભક્તિનો મહિમા વર્ણવ્યો છે. કલ્હાણે 'રાજતરંગિણી' ગ્રંથ લખ્યો. આ ગ્રંથમાં તેણે પ્રાચીન સમયથી તે ઈસવી સનના બારમા સૈકા સુધીના કાશ્મીરના ઇતિહાસનું વર્ણન કર્યું છે. ઈસવી સનના બારમા સૈકામાં ભાસ્કરાચાર્ય સર્વશ્રેષ્ઠ ગણિતજ્ઞ થઈ ગયા. તેમણે 'સિદ્ધાંતશિરોમણી' ગ્રંથ લખ્યો. પંપે કન્નડ ભાષામાં 'આદિપુરાણ', 'પંપભારત', મહાકાવ્યો લખ્યાં. કવિ કંબને તામિલભાષામાં રામાયણ લખ્યું. મુકુંદરાજે 'વિવેકસિંધુ' નામનો મરાઠી ભાષામાં ઓવીબદ્ધ ગ્રંથ લખ્યો. મુકુંદરાજને મરાઠી ભાષાના આદિકવિ માનવામાં આવે છે.

સ્વાધ્યાય

૧. ખાલી જગ્યામાં યોગ્ય પર્યાય લખો.

(અ) કેરળમાંના મલબારમાંથી ..... નું લાકડું ચીનમાં મોકલાતું હતું.
(સાગ, સિસમ, દેવદાર)

(આ) રાજેન્દ્ર પહેલાએ પોતાના પ્રતિનિધિને ..... મોકલ્યો.
(ચીનમાં, કંબોડિયામાં, ઈંડોનેશિયામાં)

(ઇ) યાદવોના સમયમાં ..... સોનાના સિક્કા હતાં.
(હોન, શિવરાઈ, પદ્મટંક)

૨. 'અ' જૂથ અને 'બ' જૂથને યોગ્ય રીતે જોડો.

'અ' જૂથ	'બ' જૂથ
(અ) ગીતગોવિંદ	(૧) મુકુંદરાજ
(આ) રાજતરંગિણી	(૨) કંબન
(ઇ) સિદ્ધાંત શિરોમણી	(૩) કલ્હણ

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ઈ) વિવેકસિંધુ (૪) ભાસ્કરાચાર્ય
(૫) જયદેવ

૩. એક વાક્યમાં જવાબ લખો.

(અ) આરબ વેપારીઓની ભારતની કઈ કઈ વસ્તુઓની માંગણી હતી?
(આ) વેપાર માટે ચલણ તરીકે કઈ ધાતુના સિક્કાનો ઉપયોગ કરવામાં આવતો?
(ઇ) મંદિરોના પ્રાંગણમાં કઈ કઈ કલા શીખવવામાં આવતી?

૪. બે થી ત્રણ વાક્યોમાં જવાબ લખો.

(અ) ખેડૂતો ક્યા ક્યા પાકોનું અને ફળોનું ઉત્પાદન કરતા હતા?
(આ) મંદિર સ્થાપત્યની કઈ વિશિષ્ટતા હતી?

ઉપક્રમ

તમારા પરિસરમાં આવેલી એકાદી પ્રાચીન ઈમારતની મુલાકાત લો. નીચેના મુદ્દાના આધારે તે ઈમારતની માહિતી મેળવો.

- ઈમારત ક્યા સમયની છે.
- કોણે બાંધી છે?
- ઈમારત ઉપરનું કોતરકામ - નક્શીકામ

યાદવ કાળનો સિક્કો - પદ્મટંક

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. દિલ્હીની સુલતાનશાહી

ઈસવી સનના અગિયારમાં સૈકામાં ભારત ઉપર તુર્કોનાં આક્રમણો થવાં લાગ્યાં. તે પોતાની સત્તાનો વિસ્તાર કરતાં કરતાં ભારતની વાયવ્ય સરહદ સુધી આવી ગયા. ગઝનીના સુલતાન મહંમદે ભારત ઉપર અનેક વાર ચઢાઈઓ કરી. આ ચઢાઈઓ દ્વારા તેણે મથુરા, વૃંદાવન, કનોજ, સોમનાથનાં સમૃદ્ધ મંદિરો લૂંટીને ત્યાંની અઢળક સંપત્તિ પોતાની સાથે લઈ ગયો.

ઈસવી સનના બારમા સૈકામાં અફઘાનિસ્તાનમાં આવેલા ઘૂરના સુલતાન મહંમદ ઘોરીએ ભારત ઉપર આક્રમણ કર્યું. ભારતના જીતેલા પ્રદેશનો કારભાર કરવા માટે તેણે કુતુબુદ્દીન ઐબકની નિમણૂંક કરી. મહંમદ ઘોરીના મૃત્યુ પછી ઐબકે ભારતમાંના પોતાના વર્ચસ્વ હેઠળના પ્રદેશનો કારભાર સ્વતંત્રપણે કરવાની શરૂઆત કરી. રજપૂતો અને તુર્કી સરદારોએ તેનો વિરોધ કર્યો. આ વિરોધનો સામનો કરી તેણે પોતાની સત્તા સ્થિર કરવાનો પ્રયત્ન કર્યો. તેના સમયમાં દિલ્હીમાં કુતુબમિનાર બાંધવાના કામની શરૂઆત કરવામાં આવી. ઈ. સ. ૧૨૧૦ માં તેનું મૃત્યુ થયું.



કુતુબમિનાર - દિલ્હી

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અલ્તમશ : કુતુબુદ્દીન ઐબકના મૃત્યુના સમયે અલ્તમશ બદાઉન રાજ્યનો કારભાર સંભાળતો હતો. દિલ્હીના ઉમરાવોએ તેની પોતાના પ્રમુખ તરીકે પસંદગી કરી. તેને અનેક પડકારોનો સામનો કરવો પડ્યો. તેણે રજપૂતોનું, તેમજ ગંગા અને યમુના નદીના પ્રદેશનું અને બંગાળમાંનું બંડ શમાવી દીધું. પોતાની સત્તા કાયમ કરી. બગદાદના ખલિફાએ અલ્તમશના આ કાર્યનું મહત્ત્વ ધ્યાનમાં રાખીને, સુલતાન તરીકે તેને માન્યતા આપી. સુલતાન એટલે રાજ્યનો પ્રમુખ. અલ્તમશને દિલ્હીના

અલ્તમશના ચાંદીના સિક્કા - ટંકા

પહેલા સુલતાન તરીકે ઓળખવામાં આવે છે. તેંણે ચાંદીનો સિક્કો 'ટંકા' પ્રચારમાં મૂક્યો.

રઝિયા : અલ્તમશે પોતાની પુત્રી રઝિયાને વારસ તરીકે નીમી હતી. તેણે રઝિયાને ઉત્તમ પ્રકારનું શિક્ષણ આપ્યું હતું. અલ્તમશના સમયમાં તેને રાજ્યકારભારનો અનુભવ મળ્યો હતો. તે કર્તવ્યનિષ્ઠ, પરાક્રમી અને પ્રજા હિતચિંતક હતી. સૈન્યની લડાઈનું નેતૃત્ત્વ તે પોતે કરતી હતી. એક સ્ત્રી સુલતાન પદે આવે તે વાત તે સમયના સમાજને માન્ય ન હતી. તેને કારણે દરબારમાંના અનેક સરદારોએ તેનો વિરોધ કર્યો. સરદારો ઉપર નિયંત્રણ મૂકવાના પ્રયત્નોમાં તેને સફળતા મળી નહિ. ઈ. સ. ૧૨૪૦ માં તેની હત્યા કરવામાં આવી. દિલ્હીના સુલતાન

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદે બેસનારી રઝિયા પહેલી અને એકમાત્ર સ્ત્રી હતી.

બલ્બન : રઝિયા પછી દિલ્હીની ગાદી ઉપર આવેલો મહત્ત્વનો સુલતાન એટલે બલ્બન હતો. તેણે સિંધ, બંગાળ, અયોધ્યા પ્રાંતના બળવાખોર સરદારોને પરાજિત કર્યા. મંગોલ આક્રમકોનો બંદોબસ્ત કરીને તેણે ભારતની વાયવ્ય સરહદ સુરક્ષિત કરી. દિલ્હીની સુલતાનશાહીને મજબૂત કરી. ઈ. સ. ૧૨૮૬ માં બલ્બનનું મૃત્યુ થયું. પ્રસિદ્ધ તત્ત્વજ્ઞાની અને કવિ અમીર ખુસરો તેના દરબારમાં હતો.

અલ્લાઉદ્દીન ખિલજી : અલ્લાઉદ્દીન ખિલજી ઈ. સ. ૧૨૯૬ માં દિલ્હીનો સુલતાન થયો. પોતાના રાજ્યનું વિશાળ સામ્રાજ્યમાં રૂપાંતર કરવાની તેની મહત્ત્વાકાંક્ષા હતી. મંગોલ આક્રમણખોરોથી તેણે પોતાનું રાજ્ય સુરક્ષિત કર્યું. ગુજરાત અને માળવાનો પ્રદેશ પોતાના વર્ચસ્વ હેઠળ તે લાવ્યો.

રાજસ્થાનના રણથંબોર અને ચિતોડ જેવા કિલ્લા તેણે જીતી લીધા. રાજસ્થાનના મોટા ભાગના રાજાઓએ અલ્લાઉદ્દીન ખિલજીનું વર્ચસ્વ માન્ય કર્યું. અલ્લાઉદ્દીને દક્ષિણની સત્તાનો પરાજય કરીને તેમને પોતાનું વર્ચસ્વ માન્ય કરવાની ફરજ પાડી. આવી રીતે અલ્લાઉદ્દીન ખિલજીએ દક્ષિણમાં પોતાની સત્તાનો વિસ્તાર કર્યો.

અલ્લાઉદ્દીન ખિલજીની પ્રશાસન ઉપર મજબૂત પકડ હતી. તેણે મહેસૂલ વ્યવસ્થામાં સુધારણા કરી. પ્રત્યક્ષ ખેતીવાડી હેઠળ રહેલી જમીનની માપણી કરી મહેસૂલ નક્કી કરવામાં આવ્યું. પોતાનાં સૈન્યને જીવનાવશ્યક વસ્તુ યોગ્ય ભાવે મળે, માટે વસ્તુની કિંમત નક્કી કરી આપી. વજન અને માપ ઉપર કડક નિયંત્રણ મૂક્યું. ઈ. સ. ૧૩૧૬માં અલ્લાઉદ્દીનનું મૃત્યુ થયું.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહંમદ તઘલખ : ઈ.સ. ૧૩૨૫ માં મહંમદ તઘલખ સુલતાનપદે આવ્યો. તઘલખના સામ્રાજ્યમાં ઉત્તરમાં પેશાવરથી દક્ષિણમાં મદુરાઈ સુધી અને પશ્ચિમમાં સિંધથી પૂર્વમાં આસામ સુધીનો પ્રદેશ સમાયેલો હતો.



Based upon Survey of India map with the permission of the Surveyor General of India. The territorial waters of India extended into the sea to a distance of twelve nautical miles measured from the appropriate base line . The responsibility rest with the publisher. © Government of India Copyright- 2008

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
મહંમદે પોતાના આ વિસ્તૃત ફેલાયેલા સામ્રાજ્યના કારભારમાં સુધારણા કરવાનો પ્રયત્ન કર્યો.

રાજધાનીનું સ્થળ મધ્યવર્તી હોવું જોઈએ, તે મંગોલ આક્રમણથી સુરક્ષિત હોવું જોઈએ એ હેતુથી મહંમદે પોતાની રાજધાની દિલ્હીથી દેવગિરિ બદલી. દેવગિરિનું નામ દૌલતાબાદ રાખ્યું. આ સ્થળાંતર કરતી વખતે દરબારીઓ, ઉમરાવો અને પ્રજાને ખૂબજ અગવડ પડી. તેઓ ખૂબ નારાજ થયા. ત્યારે રાજધાનીનું સ્થળાંતર કરવાનો નિર્ણય તેણે પડતો મૂક્યો.

મહંમદે ચલણ વ્યવસ્થામાં સુધારણા કરવાનો પ્રયત્ન કર્યો. તેણે તાંબાના નવા સિક્કા બહાર પાડ્યા. પ્રચારમાં રહેલા સોના-ચાંદીના સિક્કાને બદલે તાંબાના સિક્કાનો ઉપયોગ કરવાનો હુકમ કર્યો, પણ તાંબાના સિક્કા પાડવા ઉપર નિયંત્રણ મૂકવામાં આવ્યું નહિ. તેને લીધે વ્યવહાર કરતી વખતે ગૂંચવણભરી સ્થિતિ નિર્માણ થઈ. ત્યારે મહંમદે તાંબાના સિક્કા પાછા લઈને તેના બદલે સોના-ચાંદીના સિક્કા આપવાનો આદેશ આપ્યો. પરિણામે સરકારી તિજોરીમાં પ્રચંડ અછત વરતાઈ. તેને આ ઉપક્રમ પાછો ખેંચવો પડ્યો.

મહંમદે ખેતીવિભાગ શરૂ કર્યો. આ વિભાગને કેટલીક જમીન આપી. પડતર જમીનમાંથી પાક લેવા કહ્યું. વારાફરતી પાક લેવાથી અનાજના ઉત્પાદનમાં વૃદ્ધિ થાય છે કે કેમ તે જોવા માટે કહ્યું. આ ઉપક્રમની યોગ્ય અમલબજાવણી થઈ નહિ. અધિકારીઓએ ફંડનો મોટા પ્રમાણમાં વ્યય કર્યો. તેને લીધે તેનો આ ઉપક્રમ પણ સફળ થયો નહિ.

મહંમદ તઘલખ તરંગી હતો. પરંતુ પોતાની કલ્પના સાકાર કરવા કે પોતાના તરંગોને વ્યવહારમાં મૂકવા માટેનું વ્યવહારિક કૌશલ્ય તેની પાસે ન હતું. તેને લીધે તેની સારી સારી કલ્પનાઓ પણ નિષ્ફળ ગઈ.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહંમદ તઘલખના અંત સમયે બધી જગ્યાએ અશાંતિ અને બળવાની સ્થિતિ હતી. તેની હયાતીમાં જ સુલતાનશાહીના વિભાજનની શરૂઆત થઈ ગઈ. ઈ. સ. ૧૩૫૧ માં તેનું મૃત્યુ થયું.

ફિરોજ તઘલખ : મહંમદ તઘલખ પછી ફિરોજ તઘલખ દિલ્હીનો સુલતાન થયો. તેણે લોકકલ્યાણનાં કેટલાંક કામો કર્યા. મહંમદ તઘલખે ખેડૂતોને આપેલાં કરજો માફ કર્યાં. સતલજ અને યમુના નદીઓમાંથી નહેરો કાઢી. ખેતીવાડી હેઠળ વધારે જમીન લાવવા માટે ખેડૂતોને પ્રોત્સાહન આપ્યું. લોકોને અસહ્ય લાગતા કર તેણે રદ કર્યા. ફિરોજપુર, જોનપુર, હિસ્સાર, ફિરોજાબાદ વગેરે નવાં નગરો તેણે વસાવ્યાં. તેની કારકીર્દિના સમયે જ કુતુબમિનારનું કામ પૂર્ણ થયું.

નાસિરુદ્દીન મહંમદ તઘલખ વંશનો છેલ્લો સુલતાન હતો. તેની કારકિર્દીમાં ઈ. સ. ૧૩૯૮ માં મંગોલ સત્તાધીશ તૈમૂરલંગે ભારત ઉપર ચડાઈ કરી. દિલ્હી અને આસપાસના પ્રદેશોમાંથી અઢળક ધન લૂંટી લઈને તે પોતાની માતૃભૂમિમાં પાછો ફર્યો. આ પછી ખૂબજ થોડા સમયમાં તઘલખોની સત્તાનો અંત થયો.

તઘલખો પછી દિલ્હી ઉપર કેટલોક વખત સૈયદ વંશનો અમલ રહ્યો. તે પછી દિલ્હીમાં લોદી વંશની સત્તા સ્થાપિત થઈ. ઈબ્રાહીમ લોદી છેલ્લો સુલતાન હતો. તેના સ્વભાવદોષના કારણે તેના અનેક શત્રુઓ ઊભા થયા. અફઘાન સરદારો પણ તેના વિરોધી બન્યા. પંજાબના સૂબેદાર દોલતખાન લોદીએ કાબૂલના સત્તાધીશ બાબર સાથે ઈબ્રાહીમ લોદી વિરુદ્ધ ષડ્યંત્ર રચી બાબરને આમંત્રણ આપ્યું. ઈ. સં. ૧૫૨૬ માં બાબરે ઈબ્રાહીમ લોદીને પરાજિત કર્યો અને તેની સાથે જ સુલતાનશાહીનો અંત આવ્યો.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧. ખાલી જગ્યામાં યોગ્ય પર્યાય લખો.

(અ) કુતુબમિનારના કામની શરૂઆત ..... ના સમયમાં થઈ.
(અલ્તમશ, મહંમદ તઘલખ, કુતુબુદ્દીન ઐબક)

(આ) અલ્તમશે ..... નામનો ચાંદીનો સિક્કો બહાર પાડ્યો.
(હોન, રૂપિયો, ટંકા)

(ઇ) દિલ્હીના સુલતાનપદે બેસનારી ..... પહેલી અને એકમાત્ર સ્ત્રી હતી.
(રઝિયા, ચાંદબીબી, નૂરજહાં)

(ઈ) મહંમદ તઘલખે ..... નામ દોલતાબાદ રાખ્યું.
(રણથંબોરનું, દેવગિરિનું, કનોજનું)

૨. એક વાક્યમાં જવાબ લખો.

(અ) અલ્લાઉદ્દીન ખિલજીએ વસ્તુની કિંમત શા માટે નક્કી કરી આપી?

(આ) મહંમદ તઘલખે પોતાની રાજધાની દિલ્હીથી દિવગિરી શા માટે ખસેડી?

(ઇ) ફિરોજ તઘલખે ક્યાં ક્યાં નગરો વસાવ્યાં?

૩. ત્રણ થી ચાર વાક્યોમાં જવાબ લખો.

(અ) અલ્લાઉદ્દીન ખિલજીએ કઈ કઈ સુધારણા કરી?

(આ) મહંમદ તઘલખને તાંબાના નવા સિક્કા બહાર પાડવાનો ઉપક્રમ શાથી પાછો ખેંચવો પડ્યો?

(ઇ) ફિરોજ તઘલખે લોકકલ્યાણનાં ક્યાં ક્યાં કામો કર્યાં?

૪. કારણો લખો.

(અ) બગદાદના ખલીફાએ અલ્તમશને સુલતાન તરીકે માન્યતા આપી.

(આ) મહંમદ તઘલખે શરૂ કરેલો ખેતી વિભાગનો ઉપક્રમ નિષ્ફળ નીવડ્યો.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. વિજયનગર અને બહમની રાજ્યો

દિલ્હીના સુલતાન મહંમદ તઘલખની કારકિર્દીમાં જ તઘલખ સામ્રાજ્યના વિભાજનની શરૂઆત થઈ ગઈ હતી. દિલ્હીની મધ્યવર્તી સત્તા વિરુદ્ધ દક્ષિણમાં બંડ થયું. તેમાંથી જ વિજયનગર અને બહમની આ બે શક્તિશાળી રાજ્યોનો ઉદય થયો.

વિજયનગરનું રાજ્ય

સ્થાપના : હરિહર અને બુક્ક નામના બે ભાઈઓ દિલ્હીની સુલતાનશાહીની સેવામાં સરદાર તરીકે હતા. મહંમદ તઘલખના સમયમાં દક્ષિણમાં રાજકીય અસ્થિરતા નિર્માણ થઈ. હરિહર અને બુક્કે આ પરિસ્થિતિનો ફાયદો ઉઠાવી. ઈ. સ. ૧૩૩૬ માં દક્ષિણમાં વિજયનગરના રાજ્યની સ્થાપના કરી. આ રાજ્યની રાજધાની 'હંપી' હતી. હરિહર વિજયનગરનો પહેલો રાજા હતો.

રાજ્યવિસ્તાર : હરિહરે પોતાની કારકિર્દીમાં તુંગભદ્રા નદીના પરિસરનો પ્રદેશ, કોંકણનો કેટલોક ભાગ અને કેરળમાંના મલબાર કિનારાપટ્ટીનો પ્રદેશ જીતી લીધો. બહમની સત્તા સાથે તેને સંઘર્ષ કરવો પડ્યો.

હરિહર પછી તેનો ભાઈ બુક્ક સત્તા ઉપર આવ્યો. બુક્કે રામેશ્વર સુધીનો પ્રદેશ પોતાના આધિપત્ય હેઠળ લઈ લીધો. મલબાર અને શ્રીલંકાના રાજાએ તેનું પ્રભુત્ત્વ માન્ય કર્યું.

બુક્ક પછી બીજો હરિહર સત્તા ઉપર આવ્યો. તેના સેનાપતિ ગુંડે કારવાર, મ્હૈસૂર, ત્રિચિનાપલ્લી અને કાંચી વગેરે પ્રદેશો જીતી લીધા. વિજયનગર અને બહમની રાજ્યો વચ્ચે સતત સંઘર્ષ થતો રહ્યો.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
વિજયનગરના રાજા પહેલા દેવરાયે બહમની સત્તા સાથે સંબંધ સુધારવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તેમાં તેને સફળતા મળી નહિ.

કૃષ્ણદેવરાય : ઈ. સ. ૧૫૦૯ માં કૃષ્ણદેવરાય વિજયનગરનની ગાદી ઉપર આવ્યા. વિજયનગર રાજ્યના ઇતિહાસમાં આ સૌથી કર્તવ્યનિષ્ઠ રાજા હતા. કૃષ્ણદેવરાયે ઓરિસ્સાના રાજા ગજપતી પ્રતાપરુદ્રને હરાવ્યો. તેની પાસેના વિજયવાડા, રાજમહેંદ્રીનો પ્રદેશ જીતીને પોતાના રાજ્યમાં જોડી દીધો. કૃષ્ણદેવરાયે બહમની સુલતાન મહમૂદશાહના નેતૃત્ત્વ હેઠળ એકત્રિત થયેલા સુલતાનના સૈન્યના સંઘને પરાજિત કર્યો. તેમની કારકિર્દીમાં વિજયનગરનું રાજ્ય પૂર્વમાં કટકથી પશ્ચિમમાં ગોવા સુધી અને ઉત્તરમાં રાયચૂર દોઆબથી દક્ષિણમાં હિંદી મહાસાગર સુધી ફેલાયેલું હતું. તેણે પશ્ચિમ કિનારા ઉપરના પોર્ટુગીઝો સાથે સુલેહભર્યો સંબંધ સ્થાપ્યો. ઈ. સ. ૧૫૩૦ માં કૃષ્ણદેવરાયનું મૃત્યુ થયું.

કૃષ્ણદેવરાય

કૃષ્ણદેવરાય મહાન સેનાની હતા. પ્રત્યેક લડાઈના અંતે તે યુદ્ધના સ્થળનું નિરીક્ષણ કરતા. જખ્મી થયેલા સૈનિકોને યોગ્ય વૈદ્યકીય સુવિધા ઉપલબ્ધ થાય તે માટે તે પોતે ધ્યાન આપતા. કૃષ્ણદેવરાયને આ સૈનિકો પ્રત્યે આત્મીયતા હતી. કૃષ્ણદેવરાયની આ આત્મીયતાને લીધે તેમને સૈનિકોની નિષ્ઠા મળતી.

કૃષ્ણદેવરાય પોતે વિદ્વાન હતા. તેમણે તેલુગુ ભાષામાં 'આમુક્ત માલ્યદા' નામનો રાજનિતીવિષયક ગ્રંથ લખ્યો. તેને સંગીતનું પણ જ્ઞાન હતું. તેણે શિલ્પકલાને પ્રોત્સાહન આપ્યું. કૃષ્ણદેવરાયની કારકિર્દી દરમ્યાન વિજયનગરમાં હજારો રામમંદિરો અને વિઠ્ઠલ મંદિરોનું બાંધકામ થયું

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું. આ મંદિરો ઉપરનું શિલ્પકામ અપ્રતિમ છે. વિઠ્ઠલમંદિરમાંના મંડપ વિશિષ્ટતાથી ભરેલા છે. દોડતા જતા ઘોડેસવારોનાં શિલ્પો આ મંદિરના સ્તંભો ઉપર કોતરેલાં છે. કૃષ્ણદેવરાયનું વર્ણન 'મહાન ન્યાયી રાજ્યકર્તા' તરીકે કરવામાં આવે છે.



Based upon Survey of India map with the permission of the Surveyor General of India. The territorial waters of India extended into the sea to a distance of twelve nautical miles measured from the appropriate base line . The responsibility rest with the publisher. © Government of India Copyright- 2008

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેતીવિષયક નીતિ : કૃષ્ણદેવરાયે ખેતી તરફ વિશેષ ધ્યાન આપ્યું. ખેતી તેમનો મનગમતો વિષય હતો. તેઓ કહેતા હતા, પ્રદેશ નાનો હોય તોપણ તળાવ, નહેર જેવી જલસિંચનની સુવિધા તો હોવી જોઈએ. તે માટે તેણે અનંતસાગરમ્, કુરવાઈ, વ્યાસરાય સમુદ્ર વગેરે સ્થળે તળાવો બાંધ્યાં. કર્ણાટકમાંના કોરગાલમાં મોટો બંધ બાંધી તેમાંથી નહેર કાઢી.

કૃષ્ણદેવરાયે જંગલનું મહત્ત્વ જાણ્યું હતું. જંગલો સારાં રાખવાં, તે આપણા રાજ્યની સરહદ સુધી વધારવાં, તેવો તેનો દઢ વિચાર / મત હતો.

કૃષ્ણદેવરાય પછી વિજયનગરના રાજ્યની સ્થિતિ કથળતી ગઈ. કર્ણાટક રાજ્યના તાલિકોટમાં આદિલશાહી, નિઝામશાહી, કુતુબશાહી અને બરીદશાહી અને વિજયનગર વચ્ચે ઈ. સ. ૧૫૬૫ માં યુદ્ધ થયું. આ યુદ્ધમાં વિજયનગરના રામરાયનો પરાજય થયો. તે પછી વિજયનગરનું મહત્ત્વ નષ્ટ પામ્યું.

બહમની રાજ્ય

સ્થાપના : મહંમદ તઘલખનું વર્ચસ્વ ફગાવી દેવા માટે દક્ષિણમાં સરદારોએ બંડ કર્યું. તેમણે દોલતાબાદનો કિલ્લો જીતી લીધો. આ સરદારોના પ્રમુખ હસન ગંગૂએ દિલ્હીના સુલતાનના સૈન્યને પરાજિત કર્યું. ઈ. સ. ૧૩૪૭ માં નવું રાજ્ય અસ્તિત્ત્વમાં આવ્યું. તેને બહમની રાજ્ય કહેવાય છે. હસન ગંગૂ બહમની રાજ્યનો પહેલો સુલતાન બન્યો. તેણે 'અલ્લાઉદ્દીન બહમનશાહ' નો ખિતાબ ધારણ કર્યો.

રાજ્યવિસ્તાર : અલ્લાઉદ્દીન બહમનશાહે કર્ણાટક રાજ્યમાં આવેલા 'ગુલબર્ગ' માં પોતાની રાજધાની સ્થાપી. તેણે બીડર, માલખેડ, ગોવા, કોલ્હાપુર, તેલંગણ અને દાભોળનો પ્રદેશ જીતી લીધો. તેના મૃત્યુ પછી તેનો પુત્ર પહેલો મહંમદશાહ સત્તા ઉપર આવ્યો. તેણે વિજયનગર અને વરંગળ વિરુદ્ધ સંઘર્ષ ચાલુ જ રાખ્યો. આગળ જતાં સુલતાનપદે આવેલા અહમદશાહની કારકિર્દીના સમયમાં બીડર રાજધાની બની.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહંમદ ગવાન : ત્રીજા મહંમદશાહના સમયમાં મહંમદ ગવાન મુખ્ય વજીર હતો. તે ઉત્તમ પ્રશાસક હતો. તેણે બહમની રાજ્યને વધુ શક્તિશાળી બનાવ્યું. ગવાને સૈનિકોને જાગીર આપવાને બદલે રોકડો પગાર આપવાની શરૂઆત કરી. સૈન્યમાં શિસ્ત નિર્માણ કરી.

મહંમદ ગવાને જમીન મહેસૂલ વ્યવસ્થામાં પણ સુધારણા કરી. જમીનની માપણી કરીને મહેસૂલનો દર નક્કી કર્યો. પરિણામે બહમની રાજ્યની આર્થિક પરિસ્થિતિમાં સુધારો થયો.

મહંમદ ગવાન વિદ્યાપ્રેમી હતો. ગણિત અને વૈદક વિષયમાં તેનું પ્રભુત્ત્વ હતું. તેણે મોકલાવેલા પત્રોનો સંગ્રહ 'રિયાજ-ઉલ-ઈન્શા' ના નામે પ્રસિદ્ધ છે. તેનો પોતાનો વ્યક્તિગત ગ્રંથસંગ્રહ હતો. તેણે અરબી અને ફારસી વિદ્યાના અભ્યાસ માટે બીડરમાં મદરેસાની સ્થાપના કરી. બહમની રાજ્યના ઘડતરમાં તેનો મોટો ફાળો હતો.

મહંમદ ગવાન પછી બહમની સરદારોમાં જૂથબાજી વધવા લાગી. પરિણામે બહમની સત્તા નિર્બળ બની. વિજયનગર અને બહમની વચ્ચેના સંઘર્ષની બહમની રાજ્ય ઉપર પ્રતિકૂળ અસર થઈ. પ્રાંતીય અધિકારીઓ વધારે પડતી સ્વતંત્રતાથી વર્તવા લાગ્યા. બહમની રાજ્યનું વિભાજન થયું. તેમાંથી વરાડની ઈમાદશાહી, બીડરની બરીદશાહી, બીજાપુરની આદિલશાહી, અહમદનગરની નિઝામશાહી અને ગોવળકોંડાની કુતુબશાહી જેવા બહમની રાજ્યના પાંચ ટૂકડા થયા.

સ્વાધ્યાય

૧. ખાલી જગ્યામાં યોગ્ય પર્યાય લખો.

(અ) વિજયનગરનો પહેલો રાજા ..... હતો.

(બુક્ક, હરિહર, કૃષ્ણદેવરાય)

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(આ) કૃષ્ણદેવરાયે 'આમુક્તમાલ્યદા' ગ્રંથ ..... ભાષામાં લખ્યો.
(હિંદી, તામિલ, તેલુગુ)

(ઇ) બહમનશાહે કર્ણાટક રાજ્યના ..... માં પોતાની રાજધાની સ્થાપી.
(બીડર, ગુલબર્ગ, કોરગાલ)

૨. 'અ' જૂથ અને 'બ' જૂથને યોગ્ય રીતે જોડો.

'અ' જૂથ	'બ' જૂથ
(અ) કૃષ્ણદેવરાય	(૧) મુખ્ય વજીર
(આ) હસન ગંગૂ	(૨) મહાન સેનાની
(ઇ) મહંમદ ગવાન	(૩) બહમની રાજ્યનો પહેલો સુલતાન
	(૪) વિજયનગરનો પહેલો રાજા

૩. એક વાક્યમાં જવાબ લખો.

(અ) કૃષ્ણદેવરાયની કારકિર્દીમાં ક્યાં ક્યાં મંદિરોનું બાંધકામ થયું?
(આ) કૃષ્ણદેવરાયનો જંગલોની બાબતમાં ક્યો દૃઢ મત હતો?
(ઇ) બહમની સત્તા શાથી નિર્બળ બની?

૪. બે થી ત્રણ વાક્યોમાં જવાબ લખો.

(અ) કૃષ્ણદેવરાયને સૈનિકોની નિષ્ઠાનો લાભ શાથી મળ્યો?
(આ) મહંમદ ગવાને કઈ કઈ સુધારણા કરી?

□□□

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. ધાર્મિક સમન્વય

મધ્યયુગના ભારતના સમાજજીવનમાં ભક્તિ પંરપરાનું એક વિશિષ્ટ મહત્ત્વ છે. ભારતના જુદાજુદા પ્રદેશોમાં આ પરંપરા નિર્માણ થઈ હતી. તે સંબંધી માહિતી આપણે આ પાઠમાં મેળવવાના છીએ.

ભક્તિ સંપ્રદાય : દક્ષિણ ભારતમાં નાયનાર અને અળવાર આ બે ભક્તિ સંપ્રદાયોનો ઉદય થયો. નાયનાર શિવભક્ત હતા. અળવાર વિષ્ણુભક્ત હતા. આ ભક્તિ સંપ્રદાયોમાં સમાજના દરેક સ્તરના લોકો સહભાગી થયા હતા. ઈશ્વરપ્રેમ, માનવતા, જીવદયા, કરૂણા વગેરે મૂલ્યો સંબંધી ઉપદેશ તેમણે આપ્યો. દક્ષિણ ભારતમાં રામાનુજ અને અન્ય આચાર્યોએ ભક્તિ સંપ્રદાયનો પાયો મજબૂત કર્યો. ઈશ્વર બધા માટે છે, ઈશ્વર ભેદભાવ કરતો નથી, એવું તેમણે કહ્યું. ઉત્તર ભારતમાં પણ રામાનુજના ઉપદેશની સારી અસર થઈ.

સંત કબીર

ઉત્તર ભારતમાં ભક્તિ સંપ્રદાયનું મહત્ત્વ સંત રામાનંદે સમજાવ્યું. તેના શિષ્ય સંત કબીર હતા. તેમણે તીર્થક્ષેત્રો, વ્રતો, મૂર્તિપૂજાને મહત્ત્વ આપ્યું નહિ. સંત કબીરે સત્યને જ ઈશ્વર માન્યો. સર્વ મનુષ્ય એક છે. રામ અને રહીમ જુદા નથી તેવો ઉપદેશ તેમણે આપ્યો. તેમણે જાતિભેદ, પંથભેદ, ધર્મભેદ માન્યા નહિ. કબીરને હિંદુ-મુસલમાન વચ્ચે એકતા સાધવી હતી.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંગાળમાં ચૈતન્ય મહાપ્રભુએ કૃષ્ણભક્તિનું મહત્ત્વ સમજાવ્યું. તેઓ ભારતભરમાં ફર્યા. હરિનામ સંકિર્તનનો ઉપદેશ આપ્યો. તેમના ઉપદેશને લીધે લોકો જાતિ, પંથના બંધનો ઓળંગીને ભક્તિ સંપ્રદાયમાં સહભાગી થયા. ચૈતન્ય મહાપ્રભુના પ્રભાવથી શંકરદેવે આસામમાં કૃષ્ણભક્તિનો પ્રસાર (ફેલાવો) કર્યો. ગુજરાતમાં સંત નરસિંહ મહેતા પ્રસિદ્ધ વૈષ્ણવ સંત થઈ ગયા. તેઓ સાચા કૃષ્ણભક્ત હતા. તેમણે સમતાનો સંદેશ આપ્યો. તેમણે ભક્તિ ઉપર વિપુલ પ્રમાણમાં કાવ્યરચના કરેલી છે. તેમને ગુજરાતી ભાષાના આદિકવિ માનવામાં આવે છે.

સંત મીરાંબાઈએ કૃષ્ણભક્તિનો મહિમા સમજાવ્યો. તેઓ મેવાડના રાજવી કુટુંબનાં હતાં. રાજવી કુટુંબના સુખનો ત્યાગ કરીને કૃષ્ણભક્તિમાં તેઓ તલ્લીન બન્યાં. રાજસ્થાની અને ગુજરાતી ભાષાંમા તેમણે ભક્તિરચના કરી છે. તેમનાં ભક્તિગીતો ભક્તિ, સહિષ્ણુતા અને માનવતાનો સંદેશ આપનારાં છે. આજે પણ તેમની રચનાઓ લોકપ્રિય છે. હિંદી સાહિત્યના મહાકવિ સૂરદાસે 'સૂરસાગર' નામનું કાવ્ય લખ્યું. તે કાવ્યનો વિષય કૃષ્ણભક્તિ હતો. સંત તુલસીદાસના 'રામચરિતમાનસ' ગ્રંથમાં રામભક્તિનો સુંદર આવિષ્કાર થયેલો જોવા મળે છે. પંડિતોની કર્મઠતા ઉપર તેમણે ટીકા કરી છે.

શ્રી બસવેશ્વર

કર્ણાટકમાં બસવેશ્વરે વીરશૈવ પંથને સંગઠિત કર્યો. જાતિભેદ વિરુદ્ધ ભૂમિકા ભજવી. શ્રમની પ્રતિષ્ઠાનું મહત્ત્વ સમજાવ્યું. પોતાના સંપ્રદાયમાં સ્ત્રીઓને પણ સહભાગી બનાવી.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાનો ઉપદેશ લોકભાષામાં એટલે કન્નડ ભાષામાં આપ્યો. સાદું અને નિર્મળ જીવન જીવવું, એવો તેમનો સંદેશ હતો. તેમના કાર્યની સમાજ ઉપર સારી અસર થઈ. કર્ણાટકમાં પુરંદરદાસ નામના એક મહાન સંત થઈ ગયા. તેમણે કન્નડ ભાષામાં અનેક ભક્તિકવનો રચ્યાં છે. આજે પણ તે લોકપ્રિય છે. મહારાષ્ટ્રની ભક્તિ પંરપરા વિશેની માહિતી આપણે આગળ જતાં મેળવવાના છીએ.

ગુરુનાનક : ગુરુનાનકે વિવિધ તીર્થક્ષેત્રોની મુલાકાત લીધી. તેઓ મક્કા પણ ગયા હતા. ભક્તિભાવના દરેક જગ્યાએ સરખી જ છે, તે બાબત તેમના ધ્યાનમાં આવી. બધા સાથે સમાન રીતે રહેવું, એવો તેમનો ઉપદેશ હતો. હિંદુ અને મુસલમાનો વચ્ચે ઐક્ય સાધવા માટે તેમણે ઉપદેશ આપ્યો. શુદ્ધ આચરણ ઉપર ભાર મૂક્યો. પરમેશ્વર એકજ છે. શુદ્ધ આચરણ દ્વારા જ તેની પ્રાપ્તી થાય છે, તેવું તેમણે કહ્યું. સ્ત્રીઓને તેમણે આદરભર્યું સ્થાન આપ્યું.

ગુરુનાનકના ઉપદેશથી અનેક લોકો પ્રભાવિત થયા. તેમના શિષ્યોની સંખ્યા દિવસેદિવસે વધતી ગઈ. તેમણે પોતાના શિષ્યોને જે ઉપદેશ આપ્યો તેનો એક ગ્રંથમાં સંગ્રહ કરવામાં આવ્યો છે. તેને 'આદિગ્રંથ' કહેવાય છે. ગુરુનાનકના અનુયાયીઓને શિષ્ય એટલે 'શીખ' કહેવામાં આવે છે. 'આદિગ્રંથ' એટલે જ 'ગ્રંથસાહેબ' એ શીખોનો પવિત્ર ગ્રંથ છે. આ ગ્રંથમાં સંત નામદેવ, ચૈતન્ય મહાપ્રભુ અને સંત કબીરની રચનાઓનો સમાવેશ છે. ગુરુનાનક પછી શીખોના નવ

ગુરુનાનક

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
ગુરુ થઈ ગયા. ગુરુગોવિંદસિંગ શીખોના દસમા ગુરુ. શીખધર્મી લોકો 'ગ્રંથસાહેબ' ધર્મગ્રંથને જ ગુરુ માનીને તેનું પઠન કરે છે.

સૂફી સંપ્રદાય : સૂફી સંપ્રદાય મૂળ ઈરાનનો સંપ્રદાય છે. પરમેશ્વર પ્રેમમય છે અને પ્રેમ અને ભક્તિના માર્ગે જ તેના સુધી પહોંચી શકાય છે, એવી સૂફી સાધુને શ્રદ્ધા હતી. આ સાધુઓ અત્યંત સાદાઈથી રહેતા હતા. પ્રાણીમાત્ર ઉપર પ્રેમ રાખવો, પરમેશ્વરનું ચિંતન કરવું, સાદાઈથી રહેવું એવો તેમનો ઉપદેશ હતો. ભારતમાં આવેલા સૂફી સંતોમાં ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી એક જાણીતા તત્ત્વજ્ઞાની હતા. તેમની માફક જ શેખ નિઝામુદ્દીન ઓલિયા એક મહાન સૂફી સંત હતા. સૂફી સંતોના ઉપદેશની અસર જેવી મુસલમાન સમાજ પર થઈ, તેવી જ હિંદુ સમાજ પર પણ થઈ. આ બંને સમાજોને નજીક લાવવામાં ખૂબ મોટી મદદ મળી.

સંતોએ બતાવેલો ભક્તિમાર્ગ સર્વ સામાન્ય લોકોને આચરણમાં ઉતારવો સરળ હતો. દરેક સ્ત્રીપુરુષોને ભક્તિ સંપ્રદાયમાં પ્રવેશ હતો. સંતોએ પોતાના વિચાર લોકભાષામાં જ રજૂ કર્યા. સર્વસામાન્ય લોકોને તે વધારે નજીકના લાગ્યા. ભારતીય સંસ્કૃતિનું જે ઘડતર થયું છે, તેમાં ભક્તિમાર્ગનો ઘણો મોટો ફાળો છે.

સ્વાધ્યાય

૧. ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો.

(અ) સૂરદાસે ..... કાવ્ય લખ્યું.

(આ) શીખોનો પવિત્ર ગ્રંથ ..... છે.

(ઇ) શેખ નિઝામુદ્દીન ઓલિયા એક મહાન ..... સંત હતા.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. એક વાક્યમાં જવાબ લખો.

(અ) ભક્તિ સંપ્રદાયે ક્યો ઉપદેશ આપ્યો?
(આ) સંત મીરાંબાઈએ પોતાનાં ભક્તિગીતો દ્વારા ક્યો સંદેશ આપ્યો?
(ઇ) સૂફી સાધુને કઈ શ્રદ્ધા હતી?

૩. બે થી ત્રણ વાક્યોમાં જવાબ લખો.

(અ) સંત કબીરે શો ઉપદેશ આપ્યો?
(આ) બસવેશ્વરે ક્યાં કાર્યો કર્યાં?
(ઇ) ગુરુનાનકે શો ઉપદેશ આપ્યો?

ઉપક્રમ

'સંતોના ઉપદેશની સમાજ પર થયેલી અસર' આ વિષય ઉપર શિક્ષકની મદદથી વર્ગમાં ચર્ચાસત્ર આયોજિત કરો.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭. મોગલ સત્તાની સ્થાપના અને વિસ્તાર

ઈ.સ. ૧૫૨૬ માં દિલ્હીની સુલતાનશાહી નષ્ટ પામી. ત્યાં મોગલ સત્તાની સ્થાપના થઈ. મોગલ સત્તાની સ્થાપના અને તેના વિસ્તાર વિશેની માહિતી આપણે આ પાઠમાં મેળવવાના છીએ.

બાબર : બાબર મોગલ સત્તાનો સ્થાપક હતો. તે મધ્ય એશિયાના ફરઘાના રાજ્યનો રાજા હતો. મધ્ય એશિયામાંની સત્તાસ્પર્ધામાં તેને સ્થિરતા મળી નહિ. તેણે અફઘાનિસ્તાનના કાબૂલ, ગઝની અને તેની આસપાસનો પ્રદેશ જીતી લીધો. તેણે અફઘાનિસ્તાનમાં પોતાની સત્તા સ્થિર કરી. તેણે ભારતની સમૃદ્ધિ અને સંપત્તિ વિશે સાંભળ્યું હતું. માટે જ તેણે ભારત ઉપર ચડાઈ કરવાની યોજના બનાવી.

સુલતાન ઈબ્રાહીમ લોદી દિલ્હીમાં રાજ્યકારભાર કરતા હતા. સુલતાનશાહીમાંના પંજાબના પ્રદેશમાં દોલતખાન લોદી મુખ્ય અધિકારી હતો. ઇબ્રાહીમ લોદી અને દોલતખાન લોદી વચ્ચેના સંબંધમાં તંગદિલી નિર્માણ થઈ હતી. દોલતખાને ભારત ઉપર આક્રમણ કરવા માટે બાબરને આમંત્રણ આપ્યું. આ તકનો લાભ લઈ બાબરે ભારત ઉપર આક્રમણ કર્યું. બાબરના આક્રમણનો વિરોધ કરવા માટે ઇબ્રાહીમ લોદી સૈન્ય લઈને નીકળી પડ્યો. ઇબ્રાહીમ

બાબર

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોદી અને બાબર વચ્ચે ૨૧ એપ્રિલ, ૧૫૨૬ ના દિવસે પાણિપતમાં યુદ્ધ થયું. આ યુદ્ધમાં બાબરે ભારતમાં પહેલી જ વાર તોપખાનાનો અસરકારક ઉપયોગ કર્યો. ઇબ્રાહીમ લોદીના સૈન્યનો પરાજય કર્યો. આ યુદ્ધ પછી બાબર આગળ દિલ્હી તરફ ગયો. ભારતના ઇતિહાસમાં આ યુદ્ધને પાણીપતના પહેલા યુદ્ધ તરીકે ઓળખવામાં આવે છે.

પાણીપતના યુદ્ધ પછી બાબરને રજપૂતોના વિરોધનો સામનો કરવો પડ્યો. મેવાડના રાણા સંગે રજપૂત રાજાઓને એકત્રિત કર્યાં. બાબર અને રાણાસંગ વચ્ચે ખાનુવામાં યુદ્ધ થયું. આ યુદ્ધમાં રાણાસંગ અને તેના સૈન્યે અત્યંત પરાક્રમ બતાવ્યું, તેમ છતાં આ જ યુદ્ધમાં બાબરના તોપખાના અને અનામત સૈન્યે અસરકારક કામગીરી બજાવી. પરિણામે રાણાસંગના સૈન્યનો પરાજય થયો. આવી રીતે રજપૂતો તરફથી મળેલા પડકારોનો સામનો કરવામાં બાબર સફળ થયો. ઈ. સ. ૧૫૩૦ માં બાબરનું મૃત્યુ થયું.

હુમાયુ : બાબરના મૃત્યુ પછી તેનો પુત્ર હુમાયુ ગાદી ઉપર આવ્યો. બાબરે અફઘાનોની સત્તાનો નાશ કર્યો હતો. અફઘાનો મોગલોના વિરોધી બન્યા હતા. બિહારમાંના અફઘાનોના પ્રમુખ શેરખાન અને હુમાયુ વચ્ચે ચૌસામાં યુદ્ધ થયું. શેરખાને આ યુદ્ધમાં હુમાયુનો પરાભવ કર્યો. ચૌસાના યુદ્ધ પછી શેરખાને 'શેરશાહ' નું નવું નામ ધારણ કર્યું. હુમાયુ અને શેરશાહ વચ્ચે કનોજમાં ઈ. સ. ૧૫૪૦ માં ફરીથી યુદ્ધ થયું. આ યુદ્ધમાં પણ શેરશાહે હુમાયુનો પરાભવ કર્યો. શેરશાહે આગ્રા, દિલ્હી જીતી લીધાં. બાબરે સ્થાપેલું રાજ્ય હુમાયુ ગુમાવી બેઠો. શેરશાહે દિલ્હીમાં સૂરવંશની સત્તા સ્થાપી. હુમાયુને પછીનાં પંદર વર્ષો સુધી રાજ્ય વગર ભટકતા રહેવું પડ્યું.

શેરશાહ સૂર : દિલ્હીમાં સત્તા સ્થાપ્યા પછી શેરશાહે પોતાના

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજ્યનો વિસ્તાર કર્યો. તેના સામ્રાજ્યમાં પંજાબ, મુલતાન, સિંધ, રાજસ્થાનનો ઘણોખરો ભાગ, માળવા, બુંદેલખંડ વગેરે પ્રદેશોનો સમાવેશ થતો હતો.

શેરશાહે પ્રશાસન કાર્યક્ષમ બનાવ્યું. જમીન મહેસૂલ પદ્ધતિમાં સુધારો કર્યો. પાકના કુલ ઉત્પાદનમાંથી ખેડૂતોએ સરકારને આપવાનો હિસ્સો નિશ્ચિત કર્યો. તેણે રાજ્યમાં શાંતિ અને સુવ્યવસ્થા નિર્માણ કરી. લોકકલ્યાણ તરફ વિશેષ ધ્યાન આપ્યું. રાજધાનીને જોડનારા ધોરીમાર્ગો ઉપર ધર્મશાળાઓનું જાળું સ્થાપ્યું. સૈન્યોની અવરજવર માટે અને ટપાલ લાવવા લઈ જવાનું કામ કરનારા સેવકો માટે આ ધર્મશાળાઓનો ઉપયોગ થતો હતો. શેરશાહે ચલણ વ્યવસ્થામાં પણ સુધારો કર્યો. રૂપિયાનો સિક્કો તેણે જ શરૂ કર્યો. તેણે વેપાર અને વ્યવસાયને ગતિ આપી. સામ્રાજ્યની બહારથી સામ્રાજ્યમાં વસ્તુ લાવતી વખતે તેના ઉપરનો બિનજરૂરી કર તેણે રદ કર્યો.



શેરશાહનો સિક્કો - રૂપિયો

શેરશાહ ન્યાયી હતો. સર્વસામાન્ય લોકોને ન્યાય મળે તેવો તેનો દૃઢ વિચાર હતો. ગરીબો માટે તેણે મફત અન્નક્ષેત્રો શરૂ કર્યાં. અનાથ બાળકો, વિધવા સ્ત્રીઓને મદદ મળી રહે તેવા તેના પ્રયત્નો હતા. આવી રીતે કાર્યક્ષમ પ્રશાસનની સાથે જ જનહિત સાધવાનો પણ તેણે પ્રયત્ન કર્યો. ઈ. સ. ૧૫૪૫ માં શેરશાહનું મૃત્યુ થયું.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અકબર : અફઘાનો પાસેથી હુમાયુએ દિલ્હી ફરીથી જીતી લીધું. તે પછી તરત જ હુમાયુનું મૃત્યુ થયું. તેના પછી તેનો પુત્ર અકબર ગાદી ઉપર આવ્યો. અફઘાનો સાથેનો સંઘર્ષ અકબર ટાળી શક્યો નહિ. સૂરવંશના સુલતાન મહંમદ આદિલશાહનાં સેનાપતિ હેમુ સાથે ૧૫૫૬ માં અકબરનું પાણિપતમાં યુદ્ધ થયું. અકબરે હેમુના સૈન્યનો પરાજય કર્યો. મોગલોએ નિર્ણાયક વિજય મેળવ્યો. સૂરવંશની સત્તા કાયમ માટે નષ્ટ પામી. આ યુદ્ધને પાણિપતનું બીજું યુદ્ધ તરીકે ઓળખવામાં આવે છે.

સમ્રાટ અકબર

અકબર એક જાણકાર (જ્ઞાની) અને જાગૃત શાસક હતો. તેણે સમાજની અનિષ્ટ પ્રથાઓ દૂર કરવાનો પ્રયત્ન કર્યો. યુદ્ધ કેદીઓને ગુલામ બનાવવાની પ્રથા બંધ કરી. યાત્રાવેરો, જજિયાવેરો જેવા કરો તેણે નાબૂદ કર્યા. સતિ થવાની પ્રથા અને બાળહત્યા જેવી પ્રથા ઉપર તેણે મનાઈ ફરમાવી. વિધવાના પુનર્લગ્નને માન્યતા આપી.

અકબરની ધાર્મિક નીતિ ઉદાર અને સહિષ્ણુ હતી. સર્વે ધર્મના સારાં તત્ત્વોને એકત્ર કરીને અકબરે 'દીન-ઇ-ઇલાહી' આ નવા ધર્મની સ્થાપના કરી. માનવતાવાદ, એકેશ્વરવાદ અને વિશ્વબંધુત્વના સિદ્ધાંતો પર આ નવા ધર્મનો પાયો નંખાયો હતો. આ એક વિશ્વધર્મનો પ્રયોગ હતો. અકબરે દીન-ઇ-ઇલાહી સ્વીકારવાની કોઈને પણ ફરજ પાડી નહિ.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



Based upon Survey of India map with the permission of the Surveyor General of India. The territorial waters of India extended into the sea to a distance of twelve nautical miles measured from the appropriate base line. The responsibility rest with the publisher. © Government of India Copyright- 2008

અકબર વિદ્યાપ્રેમી અને કલાપ્રેમી હતો. અકબરના દરબારમાં અનેક વિદ્વાનો તેમજ ગુણવાન કલાકારો હતા. અબુલ ફજલ વિદ્વાન પંડિત અને ઇતિહાસકાર હતો. ફૈજી એ કવિ અને તત્ત્વજ્ઞ હતો. મુત્સદ્દીગીરી અને ચતુરાઈ માટે બિરબલ પ્રસિદ્ધ હતો. તાનસેન સંગીતસમ્રાટ હતો. બદાયુની પ્રસિદ્ધ ઇતિહાસકાર હતો. ગુણગ્રાહકતા, વિશાળ દૃષ્ટિ, માનવતાવાદી

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૃષ્ટિકોણ વગેરે ગુણોને લીધે અકબર એક મહાન રાજ્યકર્તા તરીકે ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. ઈ. સ. ૧૬૦૫માં સમ્રાટ અકબરનું મૃત્યુ થયું.

અકબરનું સામ્રાજ્ય ઉત્તરમાં કાશ્મીરથી દક્ષિણમાં અહમદનગર સુધી તો પશ્ચિમે કાબૂલ, કંદહારથી પૂર્વે બિહાર, બંગાળ સુધી ફેલાયેલું હતું. અકબરે પોતાનું એકચક્રી સામ્રાજ્ય સ્થાપ્યું હતું. આ સામ્રાજ્યની સ્થાપના કરવામાં મેવાડના રાણાપ્રતાપ અને અહમદનગરની ચાંદબીબીએ અકબર વિરુદ્ધ કરેલો સંઘર્ષ ઉલ્લેખનીય છે.

રાણા પ્રતાપ : અકબરને પોતાના રાજ્યનો વિસ્તાર કરવો હતો. અકબરની આ સામ્રાજ્યવાદી નીતિનો મેવાડના રાણા ઉદયસિંહે વિરોધ કર્યો. મેવાડની રાજધાની ચિતોડને અકબરે ઘેરો ઘાલ્યો. ચિતોડનો કિલ્લો જીતી લીધો. ઉદયસિંહના મૃત્યુ પછી મેવાડની ગાદી ઉપર મહારાણા પ્રતાપ આવ્યા. તેણે મેવાડના સ્વાતંત્ર્ય માટે અકબર સાથેનો સંઘર્ષ ચાલુ રાખ્યો. ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ તેનો સામનો કરવાનો નિર્ધાર તેણે કર્યો. અકબર છેલ્લે સુધી મેવાડ જીતી શક્યો નહિ. આવી રીતે રાણા પ્રતાપે છેલ્લે સુધી મેવાડના સ્વાતંત્ર્ય માટે સંઘર્ષ કર્યો.

રાણા પ્રતાપ

ચાંદબીબી : ઈ.સ. ૧૫૯૫ માં મોગલોએ નિઝામશાહની રાજધાની અહમદનગર ઉપર ચડાઈ કરી. મોગલ સૈન્યે અહમદનગરના કિલ્લાને ઘેરો ઘાલ્યો. અહમદનગરના (રાજવંશ) રાજવી કુટુંબની કર્તવ્યનિષ્ઠ સ્ત્રી ચાંદબીબીએ અત્યંત ધીરજપૂર્વક તે કિલ્લાના રક્ષણ માટે લડાઈ કરી.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાંદબીબી

આ સમયે નિઝામશાહીના સરદારોમાં મતભેદો નિર્માણ થયા. આ મતભેદને લીધે ચાંદબીબીની હત્યા કરવામાં આવી. પછી મોગલોએ અહમદનગરનો કિલ્લો જીતી લીધો. પરંતુ સંપૂર્ણ નિઝામશાહીનું રાજ્ય મોગલોના તાબામાં આવ્યું નહિ.

સ્વાધ્યાય

૧. ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો.

(અ) મોગલ સત્તાનો સ્થાપક ..... હતો.
(આ) શેરશાહે ..... નો સિક્કો શરૂ કર્યો.
(ઇ) દીન-ઇ-ઇલાહી એક ..... પ્રયોગ હતો.

૨. એક વાક્યમાં જવાબ લખો.

(અ) બાબરે ભારત ઉપર સવારી કરવાની યોજના શા માટે કરી?
(આ) ધર્મશાળાનો ઉપયોગ શેના માટે થતો હતો?
(ઇ) અકબરે કઈ પ્રથા માટે મનાઈ ફરમાવી?
(ઈ) મહારાણા પ્રતાપે અકબર સાથે શા માટે સંઘર્ષ કર્યો?

૩. ત્રણ થી ચાર વાક્યોમાં જવાબ લખો.

(અ) શેરશાહ સૂરે કઈ કઈ સુધારણા કરી?
(આ) દીન-ઇ-ઇલાહી વિશે માહિતી આપો.

ઉપક્રમ

બિરબલની ચતુરાઈની વાર્તાઓનું વાંચન કરીને, તે વર્ગમાં કહો.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮. મોગલ સત્તાનો વિસ્તાર

જહાંગીર, શાહજહાં અને ઔરંગઝેબ બાદશાહના સમયમાં મોગલ સત્તાનો વિસ્તાર કેવી રીતે થયો, તેની માહિતી આપણે આ પાઠમાં મેળવવાના છીએ.

જહાંગીર

જહાંગીર : અકબરના મૃત્યુ પછી તેનો પુત્ર જહાંગીર બાદશાહ બન્યો. પોતાની કારકિર્દીમાં જહાંગીરે પૂર્વ બંગાળમાં સત્તા મજબૂત કરી. તેણે પંજાબમાંનો કાંગડા પ્રદેશ જીતી લીધો. દક્ષિણમાં રાજ્ય વિસ્તાર કરવાની અકબરની નીતિને તેણે આગળ વધારી. ઈ.સ. ૧૬૨૭ માં જહાંગીરનું મૃત્યુ થયું.

નૂરજહાંન

રાજ્યકારભારમાં જહાંગીરની પત્ની નૂરજહાંનો વિશેષ સહભાગ હતો. તેનું વ્યક્તિત્ત્વ પ્રભાવશાળી હતું. તેને કાવ્ય, સંગીત, ચિત્રકળાનો શોખ હતો.

શાહજહાં : જહાંગીરના મૃત્યુ પછી તેનો પુત્ર શાહજહાં બાદશાહ થયો. શાહજહાંએ આદિલશાહી અને કુતુબશાહી આ બે સત્તાને પોતાનું પ્રભુત્ત્વ માન્ય કરવાની ફરજ પાડી.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણે આદિલશાહીની મદદથી નિઝામશાહીના અસ્તિત્ત્વને ભૂંસી નાંખ્યું તેણે નિઝામશાહીનો પ્રદેશ આપસઆપસમાં વહેંચી લીધો.

શાહજહાંએ પોતાના સામ્રાજ્યની વાયવ્ય સરહદ સુરક્ષિત રાખવાનો પ્રયત્ન કર્યો. તેને ઈરાન અને અફઘાનિસ્તાનની સરહદ ઉપરનો કંદહારનો કિલ્લો ઈરાનના શાહ પાસેથી મેળવવો હતો. પણ તેનાથી તે કિલ્લો જીતી શકાયો નહિ. તેવીજ રીતે મધ્ય એશિયાના બલ્ખ અને બદાક્ષાન પ્રાંત જીતવાનો તેણે પ્રયત્ન કર્યો, તેમાં તેને નિષ્ફળતા મળી. શાહજહાંની મધ્ય એશિયા વિશેની નીતિને સફળતા મળી નહિ.

શાહજહાં

શાહજહાં માંદા પડ્યા પછી તેમના પુત્રો વચ્ચે સત્તા માટે સંઘર્ષ શરૂ થયો. તેમાં ઔરંગઝેબ સફળ થયો. તેણે શાહજહાંને કેદ કર્યો અને પોતાને બાદશાહ તરીકે જાહેર કર્યો. પછી આગ્રાના કિલ્લામાં નજરકેદની સ્થિતિમાં જ ઈ. સ. ૧૬૬૬માં શાહજહાંનું મૃત્યુ થયું.

ઔરંગઝેબ : ઈ. સ. ૧૬૫૮ માં ઔરંગઝેબ બાદશાહ થયો. તે સમયે મોગલ સામ્રાજ્ય ઉત્તરે કાશ્મીરથી દક્ષિણમાં અહમદનગર સુધી અને પશ્ચિમે કાબૂલથી પૂર્વમાં બંગાળ સુધી વિસ્તરેલું હતું. ઔરંગઝેબે પોતાની કારકિર્દીમાં આ સામ્રાજ્યમાં પૂર્વે આસામ, દક્ષિણે બીજાપુર અને ગોવળકોંડાનો પ્રદેશ અને મહારાષ્ટ્રના કેટલાક ભાગનો ઉમેરો કર્યો. પરિણામે મોગલસત્તા લગભગ આખા ભારતમાં પ્રસરી ગઈ.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઔરંગઝેબ

ઔરંગઝેબની અસહિષ્ણુતા ભરી નીતિ વિરુદ્ધ તીવ્ર પ્રતિક્રિયા થઈ. આસામમાં ઓહિમાએ મોગલોની વર્ચસ્વવાદી નીતિ વિરુદ્ધ સંઘર્ષ કર્યો. વાયવ્ય સરહદ ઉપરના પઠાણ, મથુરા પરિસરના જાટ અને ઉત્તરભારતના સત્‌નામી પંથના લોકોએ ઔરંગઝેબની નીતિ વિરુદ્ધ બંડ પોકાર્યું. ઔરંગઝેબે તે શમાવી દીધું.

ઓહિમા : ઈસવી સનના તેરમા સૈકામાં મ્યાનમાર દેશમાંથી આવેલા શાન જમાતના લોકો બ્રહ્મપુત્રા નદીના ખીણપ્રદેશમાં સ્થાયી થયા. ત્યાં તેમણે પોતાનું રાજ્ય સ્થાપ્યું. સ્થાનિક લોકો આ લોકોને ઓહિમા કહેતા. ઈસવી સનના સોળમા સૈકામાં ઓહિમાએ બ્રહ્મપુત્રાના ખીણપ્રદેશમાં પોતાનું વર્ચસ્વ પ્રસ્થાપિત કર્યું.

ઔરંગઝેબના સમયમાં ઓહિમાનો મોગલો સાથે સંઘર્ષ દીર્ઘકાળ સુધી ચાલુ રહ્યો. આ સંઘર્ષમાં ઓહિમાનાં બે ઉદ્દેશ્યો હતાં. એક એટલે ગુવાહાટી અને આસપાસના પ્રદેશમાંથી મોગલોને કાઢી મૂકવા. બીજો એટલે સંપૂર્ણ બ્રહ્મપુત્રાના ખીણપ્રદેશ ઉપર પોતાનું વર્ચસ્વ નિર્માણ કરવું. મોગલોએ સંપૂર્ણ કુચબિહાર રાજ્યનો પ્રદેશ પોતાના સામ્રાજ્યમાં જોડી દીધો. તેમણે ઓહિમાના પ્રદેશો ઉપર પણ આક્રમણ કર્યું. ઓહિમાએ મોગલો વિરુદ્ધના સંઘર્ષમાં ગેરીલા યુદ્ધ પદ્ધતિનો આધાર લીધો. ગદાધરસિંહના નેતૃત્ત્વ હેઠળ ઓહિમા સંગઠિત થયા. મોગલો માટે આસામમાં પોતાની સત્તા મજબૂત કરવાનું અશક્ય બન્યું.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શીખો સાથેનો સંઘર્ષ : શીખોના નવમા ગુરુ ગુરુતેઘબહાદુરે ઔરંગઝેબની અસહિષ્ણુ ધાર્મિક નીતિ વિરુદ્ધ તીવ્ર નાપસંદગી દર્શાવી. ઔરંગઝેબે ગુરુતેઘબહાદુરને કેદ કરીને તેનો શિરચ્છેદ કર્યો. ગુરુતેઘબહાદુર પછી ગુરુગોવિંદસિંગ શીખોના ગુરુ બન્યા.

ગુરુગોવિંદસિંગ

ગુરુગોવિંદસિંગે પોતાના અનુયાયીઓને સંગઠિત કરીને તેમનામાં રહેલી લડાયક વૃત્તિને પ્રોત્સાહન આપ્યું. લડાયક શીખ તરુણોનું એક દળ ઊભું કર્યું. તેને 'ખાલસા દળ' કહેવામાં આવ્યું. તેમણે હિમાચલ પ્રદેશના પહાડી વિસ્તારોમાં શીખ સત્તા મજબૂત કરી. આનંદપુર તેમનું મુખ્ય કેંદ્ર હતું. ઔરંગઝેબે શીખો વિરુદ્ધ સૈન્ય મોકલ્યું. મોગલ સેનાએ આનંદપુર પર હુમલો કર્યો. તે સમયે શીખોએ પ્રબળતાથી તેનો સામનો કર્યો. પરંતુ તેમને સફળતા મળી નહિ. તેમને પારાવાર નુકસાન થયું. ત્યાર પછી ગુરુગોવિંદસિંગ દક્ષિણમાં આવ્યા. ઈ. સ. ૧૭૦૮માં નાંદેડ મુકામે તેમના ઉપર હુમલો થયો. જેમાં ત્યાં ને ત્યાં જ તેમનું મરણ થયું.

રજપૂતો સાથેનો સંઘર્ષ : અકબરે પોતાની સુલેહભરી નીતિથી રજપૂતોનો સહકાર મેળવ્યો હતો. મોગલસત્તાના વિસ્તારકાર્યોમાં અને તેના દઢિકરણમાં રજપૂતોનો સહકાર મૂલ્યવાન ગણાયો છે. ઔરંગઝેબને રજપૂતોનો સહકાર મેળવતા આવડ્યું નહિ. મારવાડના રાણા જશવંતસિંગના મૃત્યુ પછી તેનું રાજ્ય ઔરંગઝેબે મોગલ સામ્રાજ્યમાં જોડી દીધું. દુર્ગાદાસ રાઠોડે જશવંતસિંગના નાની વયના પુત્ર અજીતસિંહને મારવાડની ગાદી પર બેસાડ્યો. દુર્ગાદાસ રાઠોડે મોગલો વિરુદ્ધ મોટો

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંઘર્ષ કર્યો. દુર્ગાદાસના આ પ્રતિકારને શમાવી દેવા માટે ઔરંગઝેબે રાજપુત્ર અકબરને મારવાડ મોકલ્યો. રાજપુત્ર અકબર પોતે રજપૂતોને મળ્યો. દુર્ગાદાસ રાઠોડે મારવાડના અસ્તિત્ત્વ માટે મોગલો વિરુદ્ધનો આ સંઘર્ષ ચાલુ રાખ્યો.

મરાઠાઓ સાથેનો સંઘર્ષ : મહારાષ્ટ્રમાં શિવાજી મહારાજના નેતૃત્ત્વ હેઠળ સ્વરાજ્યની સ્થાપના થઈ. તેમને સ્વરાજ્ય સ્થાપવાના પ્રયત્નોમાં અન્ય શત્રુઓની જેમ જ મોગલો સાથે પણ સંઘર્ષ કરવો પડ્યો. શિવાજી મહારાજના મૃત્યુ પછી સંપૂર્ણ દક્ષિણ ભારત જીતી લેવાના હેતુથી ઔરંગઝેબ દક્ષિણમાં આવ્યો. તેણે મરાઠા વિરુદ્ધ ઝુંબેશ ઉપાડી. મરાઠાઓએ ઔરંગઝેબ સાથે તીવ્ર સંઘર્ષ કર્યો અને પોતાના સ્વાતંત્ર્યનું રક્ષણ કર્યું. આ સર્વ સંઘર્ષની માહિતી આપણે આગળ મેળવવાના છીએ.

બાબરે મોગલ સત્તાનો પાયો નાંખ્યો. અકબરે મોગલ સામ્રાજ્યનું નિર્માણ કર્યું. જહાંગીર અને શાહજહાંના સમયમાં દક્ષિણમાં મોગલસત્તાનો વિસ્તાર કરવા માટે પ્રયત્નો થયા. ઔરંગઝેબની કારકિર્દીમાં મોગલ સત્તાનો મોટો વિસ્તાર થયો. ઔરંગઝેબની અસહિષ્ણુ અને સંકુચિત નીતિને કારણે તેને ઠેકઠેકાણે વિરોધકોનો સામનો કરવો પડ્યો. આ વિરોધને શમાવવા જતાં મોગલસત્તા નબળી થતી ગઈ. ઈ. સ. ૧૭૦૭માં ઔરંગઝેબના મૃત્યુ પછી મોગલ સત્તા વધારે નબળી પડી.

સ્વાધ્યાય

૧. ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો.

(અ) જહાંગીરના મૃત્યુ પછી તેનો પુત્ર ..... બાદશાહ બન્યો.

(આ) આસામમાં ..... મોગલોની વર્ચસ્વવાદી નીતિ વિરુદ્ધ સંઘર્ષ કર્યો.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ઇ) અકબરે પોતાની ..... નીતિથી રજપૂતોનો સહકાર મેળવ્યો હતો.

૨. એક વાક્યમાં જવાબ લખો.

(અ) શાહજહાંએ કઈ બે સત્તાને મોગલોનું પ્રભુત્વ માન્ય કરવા માટે ફરજ પાડી?

(આ) ઓહિમાએ ક્યા પ્રદેશમાં વર્ચસ્વ પ્રસ્થાપિત કર્યું?

(ઇ) ખાલસાદળનું સંગઠન કોણે કર્યું?

૩. બે થી ત્રણ વાક્યોમાં જવાબ લખો.

(અ) ઔરંગઝેબે મોગલ સામ્રાજ્યમાં ક્યા પ્રદેશોનો ઉમેરો કર્યો?

(આ) મોગલો વિરુદ્ધના સંઘર્ષમાં ઓહિમાના ક્યાં બે ઉદ્દેશ્યો હતાં?

૪. કારણો લખો.

(અ) ઔરંગઝેબે રાજપુત્ર અકબરને મારવાડ મોકલ્યો.

(આ) ઔરંગઝેબને ઠેકઠેકાણે વિરોધોનો સામનો કરવો પડ્યો.

ઉપક્રમ

(અ) ગુરુગોવિંદસિંગનું ચરિત્ર વાંચો.

□□□

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯. નવા સત્તાકેંદ્રોનું નિર્માણ

ઔરંગઝેબ પછીના મોગલ બાદશાહો નિર્બળ હતા. આ પરિસ્થિતિનો ફાયદો ઉઠાવીને માતબર મોગલ અધિકારીઓએ પોતાના વર્ચસ્વ હેઠળના પ્રદેશોમાં પોતાનું જુદું અસ્તિત્ત્વ નિર્માણ કરવાનો પ્રયત્ન કર્યો. આવા પ્રયત્નો બંગાળ અને હૈદરાબાદમાં થયા. પંજાબમાં શીખોએ મોગલ સત્તા સાથે સંઘર્ષ કરીને પોતાનું સ્વતંત્ર અસ્તિત્ત્વ નિર્માણ કરવાનો પ્રયત્ન કર્યો. આ વિશેની માહિતી આપણે આ પાઠમાં મેળવવાના છીએ.

બંગાળ : ઔરંગઝેબના મૃત્યુના સમયે મુર્શિદકુલીખાન બંગાળ અને ઓરિસ્સા પ્રાંતોની મહેસુલ વ્યવસ્થાના પ્રમુખ હતા. પછીથી તે બંગાળનો સૂબેદાર થયો. તેણે બંગાળની રાજધાની ઢાકાથી મુર્શિદાબાદ ખસેડી. કાર્યક્ષમ પ્રશાસન નિર્માણ કર્યું. પ્રશાસન ઉપરનો ખર્ચ તેણે ઓછો કર્યો. પોતાના પ્રદેશના વેપારને અને ઉદ્યોગોને પ્રોત્સાહન આપ્યું. આંતરિક શાંતિ સ્થાપી. આ સમયમાં મોગલ બાદશાહનું બંગાળ ઉપરનું નિયંત્રણ ધીમેધીમે ઓછું થતું ગયું. ઈ. સ. ૧૭૪૦ માં અલીવર્દીખાન બંગાળનો શાસક બન્યો. તેણે પોતે જ 'નવાબ' ની પદવી ધારણ કરી. આ પછી મોગલ બાદશાહોનું બંગાળ ઉપર નિયંત્રણ રહ્યું નહિ.

હૈદરાબાદ : મોગલ બાદશાહ ફરુખશિયરે નિજામ-ઉલ-મુલ્કની દક્ષિણના સૂબેદાર તરીકે નિમણૂંક કરી. ઈ. સ. ૧૭૧૩માં નિઝામે હૈદરાબાદમાં પોતાનું જુદું અસ્તિત્ત્વ નિર્માણ કરવાનો પ્રયત્ન કર્યો. તે માટે તેને મોગલ અધિકારીઓ સાથે પણ સંઘર્ષ કરવો પડ્યો. નિઝામ પોતાની નીતિ સ્વતંત્રપણે ઘડી કરવા લાગ્યો. મનસબદારોની નિમણૂંક કરવા લાગ્યો. તેમને જાગીરો આપવા માંડી. મોગલ બાદશાહની આજ્ઞા વગર તે સ્વતંત્રપણે કારભાર કરવા લાગ્યો. નિઝામે લીધેલા નિર્ણય

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર મહોર મારવા જેટલું જ બાદશાહનું કામ રહ્યું. આવી રીતે નિઝામે દક્ષિણમાં પોતાની સત્તા મજબૂત કરી.

પંજાબ : મોગલો વિરુદ્ધ શીખોનો સંઘર્ષ ચાલતો હતો. આ સંઘર્ષકાળમાં ગુરુગોવિંદસિંગ નાંદેડ આવ્યા હતા. તેમને અહીં લક્ષ્મણદાસ નામના એક વૈરાગી મળ્યા. તેણે પોતાને ગુરુ ગોવિંદસિંગના શિષ્ય ગણાવ્યા. તે પોતાની જાતને 'બંદા' કહેવડાવવા લાગ્યો. ગુરુ ગોવિંદસિંગે તેને પંજાબમાં જઈને ત્યાં 'ખાલસા'નું નેતૃત્ત્વ કરવા કહ્યું. તેમના સંદેશ અનુસાર બંદા બૈરાગી પંજાબમાં ગયા. ત્યાં તેમણે શીખોનું સ્વતંત્ર અસ્તિત્ત્વ નિર્માણ કરવા માટે મોગલો વિરુદ્ધ સંઘર્ષ કર્યો. તેણે ચાલીસ હજાર શીખોનું 'ખાલસા દળ' સંગઠિત કર્યું. સતલજથી યમુના નદીઓના ખીણપ્રદેશમાંના પ્રદેશો વિસ્તાર્યા. મુખલિસપુરમાં લોહગઢ નામનો મજબૂત કિલ્લો બાંધ્યો. તે ખાલસાનો કારભાર કરવા લાગ્યો. ગુરુનાનક અને ગુરુ ગોવિંદસિંગના નામથી તેણે સિક્કા બહાર પાડ્યા. મોગલોએ શીખો વિરુદ્ધની ઝુંબેશ તીવ્ર કરી. બંદા બૈરાગીને પકડવામાં આવ્યા. તેને દિલ્હીમાં લાવીને ઈ. સ. ૧૭૧૬ માં ઠાર મારવામાં આવ્યા.

ઈ. સ. ૧૭૩૯ માં ઈરાનના બાદશાહ નાદિરશાહે દિલ્હી ઉપર આક્રમણ કર્યું. તેના આક્રમણનો ઝટકો મોગલસત્તાને લાગ્યો. મોગલ સત્તા ડગમગવા લાગી. શીખોએ આ અસ્થિર રાજકીય પરિસ્થિતિનો ફાયદો લીધો. પંજાબ ઉપર પોતાનું નિયંત્રણ નિર્માણ કરવાનો પ્રયત્ન કર્યો. અફઘાનિસ્તાનના અહમદશાહ અબ્દલીએ પંજાબ ઉપર પોતાનું વર્ચસ્વ સ્થાપવાનો પ્રયત્ન કર્યો. શીખોએ તેનો સખત વિરોધ કર્યો. તેમણે પોતાનું રાજ્ય બાર સંઘોમાં સંગઠિત કર્યું. આવી રીતે શીખોએ મોગલ સત્તા સાથે સંઘર્ષ કરીને પોતાનું સ્વતંત્ર અસ્તિત્ત્વ નિર્માણ કર્યું.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧. ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો.

(અ) મુર્શિદકુલીખાન ..... અને ઓરિસ્સા પ્રાંતના મહેસુલ વ્યવસ્થાના પ્રમુખ હતા.

(આ) નિઝામે ..... માં પોતાનું જુદું અસ્તિત્ત્વ નિર્માણ કરવાનો પ્રયત્ન કર્યો.

(ઇ) લક્ષ્મણદાસે પોતે જ પોતાને ..... ના શિષ્ય કહેવડાવ્યા.

૨. એક વાક્યમાં જવાબ લખો.

(અ) અલીવર્દીખાને પોતે જ કઈ પદવી લીધી?

(આ) બંદા બૈરાગીએ કોના નામના સિક્કા બહાર પાડ્યા?

૩. બે થી ત્રણ વાક્યોમાં જવાબ લખો.

(અ) મુર્શિદકુલીખાને બંગાળ પ્રાંતમાં કઈ કામગીરી બજાવી?

(આ) બંદા બૈરાગીએ મોગલો વિરુદ્ધ કેવી રીતે સંઘર્ષ કર્યો?

ઉપક્રમ

ભારતના નકશામાં દિલ્હી, હૈદરાબાદ અને નાંદેડ આ સ્થળો બતાવો.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦. મોગલયુગનું સમાજજીવન

મોગલ સમયમાં ભારતના આર્થિક અને સામાજિક જીવનમાં અનેક ફેરફારો થયા. બાંધકામ, ચિત્રકલા, સાહિત્ય ક્ષેત્રોમાં અદ્વિતીય પ્રગતિ થઈ. તે વિશેની માહિતી આપણે આ પાઠમાં મેળવવાના છીએ.

આર્થિક જીવન : આ સમયમાં ખેતી મુખ્ય વ્યવસાય હતો. ખેડૂતો જુવાર, બાજરી, ઘઉં, ચોખા, કપાસ, શેરડી વગેરે પાકો લેતા હતા. તમાકુ, મકાઈ, બટાટા અને મરચાંના પાકો નવેસરથી લેવાનું શરૂ થયું.

મોગલ રાજ્યકર્તાઓએ ખેતીને ઉત્તેજન આપ્યું. વધારે જમીન ખેતીવાડી હેઠળ લાવવાનો પ્રયત્ન કર્યો, ખેડૂતોને દુકાળની પરિસ્થિતિમાં બી-બિયારણ અને ખેતીનાં કામો માટે કરજ આપવામાં આવતું.

ખેતી ઉપરાંત માછીમારી, ખનિજ ઉદ્યોગ, મીઠાનું ઉત્પાદન વગેરે વ્યવસાય પ્રચલિત હતા. કાપડ ઉદ્યોગ ધમધોકાર ચાલતો હતો. ગુજરાત, બંગાળ, ઓરિસ્સા પ્રાંત કાપડના ઉત્પાદન માટે વિશેષ પ્રસિદ્ધ હતા. આ સિવાય રેશમી કાપડના ઉત્પાદન માટે આગ્રા, પટણા, ખંભાત, પૈઠણ વગેરે સ્થળો પ્રસિદ્ધ હતાં. રંગ ઉત્પાદન, વિવિધ પ્રકારનું ધાતુકામ અને જહાજબાંધણી જેવા ઉદ્યોગધંધા પણ આ સમયમાં પૂરબહારમાં ચાલતા હતા.

જુદાજુદા વ્યવસાયના કેંદ્રો, વેપારી કેંદ્રો અને બંદરોને જોડનારા રસ્તાનું એક મોટું જાળું જ ફેલાયેલું હતું. વેપાર રોજગારની આ વ્યવસ્થામાં આગ્રા મધ્યવર્તી કેંદ્ર હતું. આગ્રામાંથી કાબૂલ, કંદહાર, ખંભાત, બરહાનપુર અને સોનારગામમાં મુખ્ય ધોરીમાર્ગ જતા હતા. આ ધોરીમાર્ગો પર પ્રવાસીઓની વિશ્રાંતિ માટે સરાઈ એટલે ધર્મશાળાઓ બંધાવી હતી. ધોરીમાર્ગો ઉપર પ્રવાસીઓને છાંયો મળે માટે વૃક્ષો ઉગાડ્યાં હતાં. કૂવા ખોદીને પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોગલ બાદશાહોએ મબલખ પ્રમાણમાં સિક્કા બહાર પાડ્યા. તેથી વેપારીઓને પર્યાપ્ત ચલણ મળવા લાગ્યું. સોનાના સિક્કા બહાર પાડવામાં આવતા. સોનાના સિક્કાને મોહર કહેતા. વેપારમાં માત્ર ચાંદીના રૂપિયાનો મોટા પ્રમાણમાં ઉપયોગ થતો હતો. નાના સ્વરૂપના વહેવારમાં

મોગલયુગના સિક્કા

તાંબાના સિક્કાનો ઉપયોગ કરવામાં આવતો. તાંબાના સિક્કાને 'દામ' કહેતા. ખંભાત, સુરત, ભરૂચ, કોચીન, હુગલી વગેરે બંદરોથી વેપાર થતો હતો. દિલ્હી, આગ્રા, બરહાનપુર, સોનારગામ, કાબૂલ વગેરે નગરો વેપારી કેંદ્રો તરીકે ધમધમી ઊઠ્યાં. ચલણની ઉપલબ્ધતા અને નગરોનો વિકાસ જેવી બાબતોને લીધે ભારતનો આંતરિક અને આંતરરાષ્ટ્રીય વેપાર વધવા લાગ્યો.

દેશાંતર્ગત વેપારમાં અનાજ, કપાસ, વિવિધ પ્રકારના કાપડ, મીઠું, સીસું, સુગંધી દ્રવ્યો વગેરે વસ્તુઓનો સમાવેશ હતો. માલની હેરફેર કરવા માટે ઘોડા, બળદ, ઊંટ, ગધેડા, બળદગાડાંનો ઉપયોગ કરવામાં આવતો હતો.

એશિયા અને યુરોપ ખંડના વિવિધ દેશો સાથે ભારતનો વેપાર ચાલતો હતો. ભારતમાંથી મુખ્યત્ત્વે મસાલાના પદાર્થો (તેજાનાં), કાપડ, વનસ્પતિ ઔષધિઓ, અફીણ, ગળી વગેરે વસ્તુઓની નિકાસ થતી

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
હતી. સોનું, ચાંદી, તાંબુ, કલાઈ, જસત પારો વગેરે વસ્તુઓની ભારત આયાત કરતું હતું.

સમાજજીવન : મોગલકાલીન ભારતીય સમાજમાં આર્થિક દૃષ્ટિએ સર્વસાધારણપણે ત્રણ વર્ગો હતા. પહેલો વર્ગ રાજવંશીઓનો, અમીર-ઉમરાવોનો, જમીનદાર વગેરે ધનવાનોનો હતો. બીજા વર્ગમાં પ્રશાસનના બીજા વર્ગના (ગૌણ) અધિકારીઓ, વેપારીઓ વગેરેનો સમાવેશ થતો હતો. ત્રીજા વર્ગમાં ખેડૂતો, કારીગરો, ખેતમજૂરો વગેરે લોકો હતા.

આ સમયની શિક્ષણ પદ્ધતિમાં મહત્ત્વનો ફેરફાર થયો નહોતો. હિંદુઓની પાઠશાળા અને મુસલમાનોની મદરસા ઉચ્ચ શિક્ષણ આપતી મુખ્ય શિક્ષણ સંસ્થા હતી. બહુસંખ્ય સમાજ શિક્ષણથી વંચિત હતો. અભ્યાસના વિષયો પરંપરાગત હતા. શિક્ષણમાં નવા હેતુ (આશય), કે નવા વિચાર ન હતા. પારંપારિક જ્ઞાનશાખામાં મહત્ત્વનો ઉમેરો થયો ન હતો.

સમાજ ઉપર અંધશ્રદ્ધાનો પ્રભાવ હતો. જનજીવનમાં રૂઢિ - પંરપરાને અનન્યસાધારણ મહત્ત્વ આપવામાં આવતું. કર્મકાંડ અને આચારધર્મમાં દંભ વધ્યો હતો. સ્ત્રીઓને શિક્ષણનો અધિકાર ન હતો. બાળવિવાહ, પડદા પદ્ધતિ, સતી જેવી અનેક અનિષ્ટ પ્રથા સમાજમાં પ્રચલિત હતી.

બાંધકામ કલા : મોગલ સમયમાં ભારતીય ઈમારત બાંધવાની કલામાં પ્રગતિ થઈ. પારંપારિક ભારતીય કલા અને ઈરાની કલાનો સુભગ સમન્વય બાંધકામની કલામાં થયેલો જણાય છે. ઈમારતોની પ્રમાણબદ્ધતા, ભવ્યતા અને નાજુકપણાનો સમન્વય, ઈમારતોની આસપાસમાં સ્થિત વિસ્તીર્ણ ઉદ્યાનો બાંધકામ કલાનાં વિશિષ્ટ લક્ષણો હતાં. ઊંચા ચબૂતરા ઉપર બાંધેલી ઈમારત, ઈમારત માટે વપરાયેલો

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાલ કે આરસપહાણનો પથ્થર, આરસપહાણ ઉપર કોતરેલાં સુંદર અને સુશોભિત પાનફૂલવાળી કમાનો, ઈમારતમાંની નક્શીદાર પથ્થરોની જાળીઓ અને ઈમારત ઉપરના બબ્બે ગુંબજો મોગલ સમયની ઈમારતોની બીજી કેટલીક વિશિષ્ટતા છે.

અકબરે આગ્રા પાસે ફતેહપુર સિક્રી નવું શહેર વસાવ્યું. અહીંનો બુલંદ દરવાજો, દિવાન-એ-ખાસ, દિવાન-એ-આમ વગેરે ઈમારતો વિશેષ ઉલ્લેખનીય છે. બુલંદ દરવાજો ભવ્યતા માટે પ્રસિદ્ધ છે.



બુલંદ દરવાજો

શાહજહાંના સમયમાં સફેદ આરસપહાણનો ઉપયોગ ઈમારતના બાંધકામ માટે મોટા પ્રમાણમાં કરવામાં આવ્યો. પોતાની પત્ની મુમતાજમહલના સ્મરણાર્થે શાહજહાંએ આગ્રામાં 'તાજમહાલ' ઈમારત બાંધી. આ ઈમારત ભવ્ય છે. તે સાદી અને સૌંદર્યપૂર્ણ છે. ઈમારતની

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



તાજમહાલ

અંદરનું જાળીકામ અત્યંત લોભામણું છે. આરસપહાણની દીવાલો ઉપર ફૂલપાનનું નક્શીકામ છે તે રત્નજડિત છે. ઈમારતીની આસપાસ વિશાળ બગીચો છે. તાજમહાલ વિશ્વની એક સુંદર અદભુત ઈમારત છે. શાહજહાંએ દિલ્હીમાં બાંધેલો કિલ્લો 'લાલ કિલ્લા' તરીકે પ્રસિદ્ધ છે. આ કિલ્લામાંના



લાલ કિલ્લો - દિલ્હી

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
દિવાને-એ-આમ, દિવાન-એ-ખાસના દાલનો (મોટા ઓરડાઓ) વિશેષ પ્રસિદ્ધ છે.

ચિત્રકલા : મોગલોના દરબારમાં ભારતીય અને ઈરાની ચિત્રકારો હતા. ભારતીય ચિત્રકાર વ્યક્તિનું આબેહૂબ ચિત્ર દોરવામાં કુશળ હતા. ઈરાની ચિત્રકાર પ્રકૃતિના સુરેખ ચિત્રો દોરતા. જહાંગીરે પશુપક્ષીનાં અને ફૂલોનાં અનેક ચિત્રો દોરાવ્યાં. તેના સમયમાં પ્રકૃતિચિત્રોને મહત્ત્વનું સ્થાન મળ્યું.

આ સમયમાં મોટામોટા વિશાળ બગીચાઓ તૈયાર કરવામાં આવ્યા. તેમાંથી કાશ્મીરનો શાલીમાર બાગ આનું ઉત્તમ ઉદારહણ છે.

સાહિત્ય (વાઙ્મય) : આ સમયમાં સંસ્કૃત, ફારસી અને પ્રાદેશિક ભાષામાં વિપુલ પ્રમાણમાં સાહિત્યરચના થઈ. બાબરે લખેલું 'તુઝુક-ઇ-બાબરી' નામના ગ્રંથમાં તેનું તુર્કી ભાષામાંનું આત્મચરિત્ર પ્રસિદ્ધ છે. બાબરની કન્યા ગુલબદન બેગમે લખેલો 'હુમાયુનામા' ચરિત્રગ્રંથ છે. અબુલ ફજલે લખેલા 'અકબરનામા' અને 'આઈને અકબરી' માં અકબરના સમયની માહિતી મળે છે. શાહજહાંનો પુત્ર દારા શુકોહે કેટલાંક ઉપનિષદોનું ફારસીમાં કરેલું ભાષાંતર પ્રસિદ્ધ છે. મલિક મહંમદ જાયસી કવિનું 'પદ્મવત' કાવ્ય હિંદી સાહિત્યમાં અભિજાત કાવ્ય તરીકે માનવામાં આવે છે.

કલા અને સાહિત્યના ક્ષેત્રમાં મોગલ સમયમાં ખૂબજ વિકાસ થયો. પારંપારિક ભારતીય કલા પર મધ્ય અને પશ્ચિમ એશિયાઈ શૈલીની અસર થઈ. આ પરસ્પરના સમન્વયથી ભારતીય સંસ્કૃતિ સમૃદ્ધ બની.

સ્વાધ્યાય

૧. ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો.

(અ) મોગલ સમયમાં તાંબાના સિક્કાને ..... કહેતા.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(આ) ભારતીય કલા અને ..... કલાનો સુભગ સમન્વય મોગલકાલીન બાંધકામકલામાં થયેલો જોવા મળે છે.

(ઈ) મોગલ સમયમાં ..... બાદશાહે પશુપક્ષીનાં અને ફૂલોનાં ચિત્રો દોરાવી લીધાં.

૨. 'અ' જૂથ અને 'બ' જૂથને યોગ્ય રીતે જોડો.

'અ' જૂથ	'બ' જૂથ
(અ) તુઝુક-ઇ-બાબરી	(૧) ગુલબદન બેગમ
(આ) હુમાયુનામા	(૨) બાબર
(ઇ) અકબરનામા	(૩) દારા શુકોહ
	(૪) અબુલ ફજલ

૩. એક વાક્યમાં જવાબ લખો.

(અ) કાપડના ઉત્પાદન માટે ક્યા પ્રાંત વિશેષ પ્રસિદ્ધ હતા?

(આ) ભારતમાંથી મુખ્યત્ત્વે કઈ કઈ વસ્તુની નિકાસ થતી?

(ઇ) મોગલ સમયની ઈમારતની રચનાની કઈ કઈ વિશિષ્ટતા છે?

૪. કારણો લખો.

(અ) મોગલ સમયમાં ભારતનો આંતરિક અને આંતરરાષ્ટ્રીય વેપાર વધવા લાગ્યો.

(આ) તાજમહાલ વિશ્વની એક સુંદર ઈમારત છે.

ઉપક્રમ

મોગલકાલીન ઈમારતોનાં ચિત્રોનો સંગ્રહ કરો.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧. શિવાજી પહેલાનું મહારાષ્ટ્ર

સત્તરમાં સૈકાની શરૂઆતમાં મહારાષ્ટ્રનો મોટા ભાગનો પ્રદેશ અહમદનગરના નિઝામશાહ અને બિજાપુરના આદિલશાહના તાબામાં હતો. મોગલોનો ખાનદેશમાં પેસારો થઈ ગયો હતો. દક્ષિણમાં પોતાની સત્તાનો વિસ્તાર કરવાનો તેમનો ઉદ્દેશ્ય હતો. કોંકણના કિનારાપટ્ટી પરના પ્રદેશો પર પોર્ટુગીઝ અને સિદ્દી આ બે સાગરી સત્તા હતી. તેમજ અંગ્રેજો અને ડચ લોકોની વખારો કિનારપટ્ટી પર હતી. તેઓ પોતાનો વેપાર વધારવાના કાર્યમાં મગ્ન હતા. આ બધી સત્તાઓ વચ્ચે એટલે કે આદિલશાહી, નિઝામશાહી, મોગલો, સિદ્દી અને પોર્ટુગીઝો વચ્ચે પરસ્પર સતત સંઘર્ષ થતો હતો. આ સંઘર્ષને કારણે મહારાષ્ટ્રમાં અસ્થિરતા અને અસુરક્ષિતતા નિર્માણ થઈ હતી.

ગામડું : મોટા ભાગના લોકો ગામડાંમાં જ રહેતા. પાટીલ એ ગામનો પ્રમુખ હતો. પાટીલ ગામડાની વધારેમાં વધારે જમીન ખેતીવાડી હેઠળ લાવવાનો પ્રયત્ન કરતો. ગામડામાં જ્યારે ટંટો-ફિસાદ થતો ત્યારે શાંતિ જાળવવાનું કામ પાટીલ કરતો. પાટીલને તેના કામમાં કુલકર્ણી મદદ કરતો. જમા થયેલા મહેસુલની નોંધ કરવાનું કામ કુલકર્ણી કરતો. ગામડામાં જુદાજુદા કારીગરો હતા. તેમની પાસે વ્યવસાય સંબંધીના હક્ક વંશપરંપરાથી ચાલ્યા આવતા હતા. ગામડામાં તેઓ જે સેવા આપતા તેના બદલામાં કુટુંબો તરફથી તેમને ખેતીના ઉત્પાદનનો કેટલોક ભાગ મળતો. તેને (બલુતા) વસવાયો કહેતા. ખેતી કરવાનું કામ કુટુંબો કરતાં.

કસબો : કસબો એક મોટું ગામડું જ હતું. સામાન્ય રીતે પરગણાનું તે મુખ્ય સ્થળ ગણાતું. ઇંદાપુર પરગણાનો ઇંદાપુર કસબો,

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાઈ પરગણાનો વાઈ કસબો, આ પરગણાનાં મુખ્ય સ્થળો હતાં. મુખ્ય વ્યવસાય ખેતીનો હતો. કસબામાં કુશળ કારીગરો હતા. ઉદા. સુતાર, લુહાર વગેરે. કસબાને જોડીને જ બજાર હતી. શાહુકારો અને મહાજન બજારના વતનદારો હતા. પ્રત્યેક ગામડામાં બજાર હોય એવું નહોતું. માત્ર ગામડામાં બજાર વસાવવાનું કામ શાહુકારો મહાજનોનું હતું. તે માટે તેમને સરકાર પાસેથી જમીન અને ગામના લોકો પાસેથી કેટલાક હક્ક મળતા. બજારનો હિસાબ રાખવાનું કામ મહાજન સંભાળતા હતા.

પરગણાં : અનેક ગામડાં મળીને પરગણું બનતું હતું. ઉદા. પુણે એક મોટું પરગણું હતું. તેમાં ૨૯૦ ગામડાં હતાં. ચાકણ પરગણામાં ૬૪ ગામડાં હતાં. શિરવળ પરગણું નાનું હતું. તેમાં ૪૦ ગામડાં હતાં. દેશમુખ અને દેશપાંડે આ પરગણાના વતનદાર અધિકારી હતા. દેશમુખ એ પરગણાના પાટીલોના પ્રમુખ હતા. ગામડાના સ્તરે જે કામ પાટિલ કરતા, તે જ કામ પરગણાના સ્તરે દેશમુખ કરતા. તેવી રીતે પરગણામાંના કુલકર્ણીના પ્રમુખ દેશપાંડે હતા. ગામડાના સ્તરે કુલકર્ણી જે કામ કરતા તે કામ પરગણા સ્તરે દેશપાંડે કરતા. આ વતનદાર અધિકારીઓ રૈયત અને સરકાર વચ્ચે કડીરૂપ હતા. પરગણામાંનાં ગામડાં ઉપર ક્યારેક શત્રુઓનું આક્રમણ આવે કે દુકાળ જેવી પરિસ્થિતિ ઉદ્દભવે તો તે સમયે લોકોની વાત સરકાર પાસે રજૂ કરવાનું કામ વતનદાર અધિકારી કરતા. કેટલીક વખત આ અધિકારી પોતાના અધિકારોનો દુરુપયોગ કરતા. ક્યારેક રૈયત પાસેથી વધારે પૈસા ઉઘરાવતા કે રૈયત પાસેથી ઉઘરાવેલી રકમ સરકાર પાસે જમા કરાવવામાં વિલંબ કરતા. આવા સમયે પ્રજા ત્રાસી જતી હતી.

દુકાળનું સંકટ : ખેતી વરસાદના પાણી ઉપર આધારિત હતી. વરસાદ ન આવે તો ખેતરમાં પાક થતો નહિ. અનાજના ભાવ વધતા.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
લોકોને અન્ન-ધાન્યની વસ્તુ મળવી મુશ્કેલ બનતી. જાનવરોને ચારો મળતો નહિ. પાણીની તીવ્ર અછત વર્તાતી. લોકોને ગામડામાં રહેવું મુશ્કેલ બનતું. લોકો ગામડાં છોડી જતાં. લોકો ઉપર વતન છોડી ભાગી જવાનો સમય આવતો. દુકાળ એ લોકોને સૌથી મોટું સંકટ લાગતું.

મહારાષ્ટ્રમાં આવો એક મોટો દુકાળ ઈ. સ. ૧૬૩૦ માં પડ્યો હતો. આ દુકાળથી લોકોનાં હાલહવાલ થયાં હતાં. 'ભાખરીના ટુકડા માટે લોકો પોતાને વેચવા માટે તૈયાર થઈ જતા, પણ વેચાતા લેવાવાળું કોઈ નહોતું' આવું વર્ણન આ દુકાળ વિશેનું છે. અનાજની તીવ્ર અછત નિર્માણ થઈ. કુટુંબો વેરવિખેર થયાં. ઢોર-ઢાંખરો મરણ પામ્યાં. ખેતી વ્યવસાય પડી ભાંગ્યો. ઉદ્યોગધંધા નાશ પામ્યા. આર્થિક વ્યવહાર અટકી પડ્યો. લોકો દેશો-દેશોમાં ભટકવા લાગ્યા. આવા વેરવિખેર થયેલાં લોકજીવનને ફરીથી વ્યવસ્થિત કરવાનું એક મોટું આહ્વાન હતું.

સંતોનું કાર્ય : અંધશ્રદ્ધા અને કર્મકાંડની સમાજ પર મજબૂત પકડ હતી. લોકો પ્રારબ્ધવાદી બની ગયા હતા. તેમની પ્રયત્નશીલતા મંદ પડી ગઈ હતી. રૈયતની સ્થિતિ તો અત્યંત હાલાકીભરી હતી. આવી પરિસ્થિતિમાં સમાજમાં ચેતના નિર્માણ કરવાનો પ્રયત્ન મહારાષ્ટ્રના સંતોએ કર્યો.

મહારાષ્ટ્રમાં શ્રી ચક્રધર, સંત નામદેવ, સંત જ્ઞાનેશ્વરથી શરૂ થયેલી સંતપરંપરાને સમાજના વિવિધ સ્તરમાંથી આવેલા સંતોએ ચાલુ રાખી. આ સંત પરંપરામાં સમાજના સર્વ સ્તરના લોકો હતા. ઉદા. સંત ચોખામેળા, સંત રોહિદાસ, સંત સેના, સંત ગોરા, સંત સાવતા, સંત નરહરિ, સંત શેખ મહંમદ વગેરે. તેવી જ રીતે આ સંતમંડળીમાં સંત મુક્તાબાઈ, સંત જનાબાઈ, સંત કાન્હોપાત્રા જેવી સ્ત્રીઓ પણ હતી.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સંત સંપ્રદાયનું કેંદ્ર પંઢરપુર હતું. વિઠ્ઠલ તેમના આરાધ્ય દેવ હતા. પંઢરપુરમાં ચંદ્રભાગા નદીના કિનારે આ સર્વ સંતમંડળી અને વારકરી ભક્તિરસમાં તરબોળ થતાં.

સંત જ્ઞાનેશ્વર

સંતોએ લોકોને ઈશ્વરભક્તિનો અત્યંત સાદો અને સરળ માર્ગ બતાવ્યો. ખૂબ જ સાદા નામસ્મરણનો ભક્તિમાર્ગ પણ તેમણે બતાવ્યો. સંત સંપ્રદાયમાં મોટા પ્રમાણમાં મરાઠી ભાષાના સાહિત્યનું નિર્માણ થયું. જ્ઞાનેશ્વરે ગીતાનો અર્થ સ્પષ્ટ કરતો 'ભાવાર્થ દીપિકા' એટલે જ 'જ્ઞાનેશ્વરી' નો ગ્રંથ લખ્યો. તેમજ 'અમૃતાનુભવ' ગ્રંથની રચના પણ તેમણે કરી. તેમણે વારકરી સંપ્રદાયનો પાયો નાંખ્યો.

સંત નામદેવની અભંગ રચના પ્રસિદ્ધ છે. તેઓ પંજાબમાં ગયા હતા. તેમણે લખેલાં હિંદી પદો શીખોના 'ગ્રંથસાહેબ' ગ્રંથમાં સમાવિષ્ટ છે. તેમણે ભાગવત ધર્મનો સંદેશો ગામેગામ પહોંચાડવાનું કાર્ય કર્યું.

સંત નામદેવ

સંત એકનાથનું સાહિત્ય વિપુલ અને વિવિધ પ્રકારનું છે. તેમાં અભંગ, ગૌળણી ભારુડો વગેરેનો સમાવેશ થાય છે.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંત એકનાથ

તેમણે ભાગવતધર્મની રજૂઆત સરળ અને સવિસ્તર કરેલી છે. તેમણે ભાવાર્થ રામાયણમાં રામકથાના નિમિત્તે લોકજીવનનું ચિત્ર આલેખ્યું છે. તેમના અભંગોમાં ભક્તિની મમતા છે. સંત એકનાથના ભારૂડોએ અને ગૌળણી લોકનાટ્યની પંરપરાને ટેકો આપ્યો. પરમાર્થ પ્રાપ્તિ માટે કુટુંબ છોડવાની આવશ્યકતા નથી, તે તેણે પોતાના આચરણ દ્વારા બતાવ્યું. તેઓ સાચા અર્થમાં લોકશિક્ષક હતા. આપણી મરાઠી ભાષા કોઈ પણ રીતે સંસ્કૃત ભાષા કરતાં ઊતરતી નથી. 'સંસ્કૃત વાણી ઈશ્વરે આપી છે તો પ્રાકૃત શું ચોરો પાસેથી આવી છે ?' એમ તેમણે સંસ્કૃત પંડિતોને સાફસાફ મોઢા પર જ પૂછ્યું.

સંત તુકારામની અભંગ રચના પ્રસન્ન અને પ્રાસાદિક છે. આ બધી રચના અભંગ છંદમાં છે. તેમના અભંગોને શ્રેષ્ઠ કવિત્ત્વની ઊંચાઈ મળી છે. તુકારામની આ અભંગ વાણી મરાઠી ભાષાની અમૂલ્ય અમાનત છે. તે દુઃખી અને પરેશાન લોકોમાં દેવત્ત્વ જોવા માટે કહે છે.

સંત તુકારામ

'जे का रंजले गांजले। त्यांसी म्हणे जो आपुले ।
तोचि साधु ओळखावा। देव तेथेची जाणावा '।

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામદાસ સ્વામીએ શક્તિની ઉપાસનાનું મહત્ત્વ સ્પષ્ટ કર્યું. તેમણે 'મરાઠાઓ એકતા સાધો. મહારાષ્ટ્ર ધર્મની વૃદ્ધિ કરો' આમ કહીને લોકચળવળનું અને લોકસંગઠનનું મહત્ત્વ સમજાવ્યું. આળસુ, નિરુદ્યોગી જીવન જીવવું તેમને માન્ય નહોતું. લોકોને તેમણે સતત કાર્યરત રહેવાનો સંદેશ આપ્યો.



રામદાસસ્વામી

સંતોએ લોકોના મનમાં આપણો દેશ, આપણી ભાષા, આપણું સાહિત્ય, આપણી સંસ્કૃતિ વિશે સ્વાભિમાન નિર્માણ કર્યું. લોકોને સમતાનો સંદેશ આપ્યો. માણસાઈ અને માનવતાધર્મ શીખવ્યો. એકબીજા ઉપર પ્રેમ રાખવો, એક થવું અને એકતાથી રહેવું એ તેમનો ઉપદેશ હતો. સંતોનાં કાર્યોને લીધે લોકોમાં જાગૃતિ આવી. શત્રુના આક્રમણનું દુકાળજન્ય પરિસ્થિતિ કે જુદાજુદા પ્રકારના કુદરતી સંકટોમાંથી દૈનંદિન જીવન જીવતી વખતે સંતોનો ભક્તિનો ઉપદેશ લોકોનો આધાર બન્યો. સંતોનાં આ કાર્યોને લીધે મહારાષ્ટ્રના લોકોમાં આત્મવિશ્વાસ જાગૃત થયો.

સ્વાધ્યાય

૧. ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો.

(અ) અનેક ગામડાં મળીને ..... બનતા.

(આ) સંત સંપ્રદાયનું કેંદ્ર ..... હતું.

(ઇ) સંત તુકારામની અભંગરચના ..... અને પ્રાસાદિક છે.

(ઈ) રામદાસ સ્વામીએ ..... નું મહત્ત્વ સ્પષ્ટ કર્યું.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. એક વાક્યમાં જવાબ લખો.

(અ) કોંકણની કિનારાપટ્ટીના પ્રદેશમાં કઈ સાગરી સત્તા હતી?
(આ) સંત જ્ઞાનેશ્વરે ક્યો ગ્રંથ લખ્યો?
(ઇ) સંત નામદેવે ક્યું કાર્ય કર્યું?
(ઈ) સંત એકનાથના સાહિત્યમાં ક્યા પ્રકારો જોવા મળે છે?

૩. કારણો લખો.

(અ) રૈયતને દુકાળ સૌથી મોટું સંકટ લાગતું.
(આ) સંતોનાં કાર્યોને લીધે લોકોમાં જાગૃતિ આવી.

ઉપક્રમ

(અ) સંતોનાં ચિત્રો નોટમાં ચોંટાડો અને તેની નીચે તેમના વિચાર લખો.
(આ) શાળાના સાંસ્કૃતિક કાર્યક્રમમાં સંત એકનાથના ભારુડ અભિનય સાથે રજૂ કરો.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨. સ્વરાજ્યસ્થાપના

શકે ૧૫૫૧, ફાગણ વદ ત્રીજ એટલે જ ૧૯ ફેબ્રુઆરી, ૧૬૩૦ ના રોજ પુણે જિલ્લાના જુન્નર પાસે આવેલા શિવનેરી કિલ્લા ઉપર શિવાજી મહારાજનો જન્મ થયો હતો. શહાજીરાજા દક્ષિણના એક માતબર સરદાર હતા. મોગલોએ નિઝામશાહી જીતી લેવા માટે ઝુંબેશ ચલાવી. આ ઝુંબેશમાં બિજાપુરના આદિલશાહે મોગલોને મદદ કરી. શહાજીરાજાએ તેનો પ્રખર વિરોધ કરીને નિઝામશાહી બચાવવાનો પ્રયત્ન કર્યો. પરંતુ મોગલો અને આદિલશાહીના સામર્થ્ય આગળ તેઓ ટકી શક્યા નહિ. ઈ. સ. ૧૬૩૬ માં નિઝામશાહીની પડતી થઈ અને તેનો અંત આવ્યો.

નિઝામશાહીનું અસ્તિત્ત્વ નાશ પામ્યા પછી શહાજીરાજા બિજાપુરના આદિલશાહીનાં સરદાર થયા. શહાજી રાજા પાસેની ભીમા અને નીરા નદી વચ્ચેનું પુણે, સૂપા, ઇંદાપુર અને ચાકણ પરગણાની મૂળ જાગીરનો પ્રદેશ આદિલશાહે તેમની પાસેજ રહેવા દીધો. આદિલશાહ પાસેથી શહાજીરાજાને કર્ણાટકમાં બેંગ્લોર અને તેની આસપાસનો પ્રદેશ જાગીર તરીકે મળ્યો.

શહાજીરાજાએ પુણેની જાગીરનો કારભાર શિવાજીરાજા અને વીરમાતા જીજાબાઈને સોંપ્યો. તેમની મદદમાં દાદાજી કોંડદેવ જેવા એકનિષ્ઠ અને અનુભવી અધિકારી આપ્યા. દાદાજીએ જાગીરમાં શાંતિ અને સુવ્યવસ્થા સ્થાપી.

સહકારી (મદદનીશ) : શિવાજી મહારાજે સ્વરાજ્ય સ્થાપવાની શરૂઆત માવળ પ્રાંતમાં કરી. માવળ પ્રદેશ ડુંગરાળ, દરિયાઈ ખાઈવાળો અને દુર્ગમ હતો. માવળપ્રદેશની ભૌગોલિક પરિસ્થિતિનો ઉપયોગ મહારાજે સ્વરાજ્ય સ્થાપનામાં ખૂબ કુશળતાપૂર્વક કર્યો. તેમણે

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છત્રપતી શિવાજીમહારાજ

લોકોના મનમાં વિશ્વાસની અને પોતાપણાની ભાવના નિર્માણ કરી. આ સ્વરાજ્ય સ્થાપનાના કાર્યમાં તેમને સારા સાથીઓ અને મદદનીશો મળ્યા. યેસાજી કંક, બાજી પાસલકર, બાપુજી મુદ્‌ગલ, નહેકર દેશપાંડે

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંધુ, કાવજી કોંઢાળકર, જીવા મહાલ, તાનાજી માલુસરે, કાન્હોજી જેધે, બાજીપ્રભુ દેશપાંડે, દાદાજી નરસપ્રભુ દેશપાંડે જેવા અનેક સાથી મદદનીશો મળ્યા. આ મદદનીશોની શક્તિ ઉપર શિવાજી મહારાજે સ્વરાજ્યનું કાર્ય હાથમાં લીધું.

રાજમુદ્રા : સ્વરાજ્ય સ્થાપના પાછળ શિવાજી મહારાજનો ઉદ્દેશ્ય તેમની તત્કાલીન રાજમુદ્રા ઉપરથી સ્પષ્ટ થાય છે. તેમની આ રાજમુદ્રા ઉપર નીચેનો સંસ્કૃત શ્લોક કોતરેલો છે.

प्रतिपच्चंद्रलेखेव वर्धिष्णुर्विश्ववंदिता ॥
शाहसूनोः शिवस्यैषा मुद्रा भद्राय राजते ॥

શિવાજી મહારાજની રાજ્યમુદ્રા

શિવાજી મહારાજે આ રાજમુદ્રા દ્વારા 'શહાજીના પુત્ર શિવાજીનું રાજ્ય પ્રતિપદાની ચંદ્રકળાની જેમ વધતું જવાનું છે. આ રાજ્ય લોકોના કલ્યાણ માટે છે,' એવી લોકોને ખાતરી આપી છે.

સ્વરાજ્ય સ્થાપનાની ચળવળ : શિવાજી મહારાજની જાગીરમાંના કિલ્લા તેમના અમલમાં નહોતા, તે આદિલશાહના તાબામાં હતા. તે સમયમાં કિલ્લાનું વિશેષ મહત્ત્વ હતું. કિલ્લા તાબામાં હોય તો આજુબાજુના પ્રદેશો ઉપર નિયંત્રણ રાખી શકાય. 'જેના કિલ્લા તેનું રાજ્ય' જેવી પરિસ્થિતિ હતી. તેને લીધે કિલ્લા તાબામાં લેવાનો પ્રયત્ન કરવો એટલે આદિલશાહી સત્તાને પડકાર કરવા જેવું હતું. પોતાની જાગીરના કિલ્લા પોતાના તાબામાં લેવાનું મહારાજે નક્કી કર્યું. તેમણે મુરુંબદેવ, તોરણા, કોંડાણા, પુરંદર કિલ્લા તાબામાં લીધા અને

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
સ્વરાજ્યના મુહૂર્તનો પાયો નાંખ્યો. મુરુંબદેવ કિલ્લાની મરામત કરાવી તેનું નામ 'રાજગઢ' રાખ્યું. શરૂઆતના સમયમાં રાજગઢ એ સ્વરાજ્યની પહેલી રાજધાની હતી.

આદિલશાહીમાં જાવળીના મોરે, મુધોળના ઘોરપડે અને વાડીના સાવંત વગેરે સરદારો હતા. સ્વરાજ્ય સ્થાપવાના કાર્યમાં તેમનો વિરોધ હતો. આ અને એના જેવા સરદારોનો બંદોબસ્ત કરવો એ સ્વરાજ્ય સ્થાપના માટે જરૂરી હતું.

જાવળીનો કબજો : સતારા જિલ્લામાં આવેલા જાવળીના પ્રદેશમાં ચંદ્રરાવ મોરે આદિલશાહીમાંના માતબર સરદાર હતા. સ્વરાજ્ય સ્થાપનાના કાર્યમાં તેમણે વિરોધ દર્શાવ્યો. ત્યારે ઈ. સ. ૧૬૫૬માં શિવાજી મહારાજે જાવળી ઉપર ચડાઈ કરીને તે પ્રદેશ જીતી લીધો. ત્યાં પોતાનું થાણું નાંખ્યું. પછી રાયગઢ પણ જીતી લીધો. જાવળીના વિજયથી મહારાજની કોંકણમાંની હલચલો વધી ગઈ. તેમણે કિનારાપટ્ટીના કલ્યાણ અને ભિવંડી જીતી લીધા. તેમનો સંબંધ પશ્ચિમ કિનારાપટ્ટીના સિદ્દી, પોર્ટુગીઝ અને અંગ્રેજ સત્તા સાથે આવ્યો. આ સત્તાઓ સાથે સંઘર્ષ કરવો હોય, તો આપણે શક્તિશાળી નૌકાદળ (આરમાર) ઊભું કરવું જોઈએ એ મહારાજના ધ્યાનમાં આવ્યું. તેને લીધે તેણે નૌકાદળ ઊભું કરવા તરફ ધ્યાન આપ્યું. જાવળીના ખીણપ્રદેશમાં પ્રતાપગઢ કિલ્લો બાંધ્યો. જાવળીની પ્રચંડ સંપત્તિ શિવાજીમહારાજના હાથમાં આવી. આવી રીતે જાવળીના વિજયથી તેમનું સામર્થ્ય દરેક રીતે વધી ગયું.

અફઝલખાનને સજા : શિવાજી મહારાજે પોતાની જાગીરમાંના કિલ્લા લેવાની શરૂઆત કરી હતી. જાવળીના મોરેનો વિરોધ તેમણે શમાવી દીધો હતો. કોંકણ કિનારાપટ્ટી પર સ્વરાજ્ય સ્થાપનાના કાર્યમાં

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગતિ આવી હતી. આ બધી બાબતો આદિલશાહી માટે પડકારરૂપ હતી. આ સમયે આદિલશાહીનો કારભાર બડી સાહેબા સંભાળતી હતી. શિવાજી મહારાજનો બંદોબસ્ત કરવા માટે તેણે આદિલશાહીમાંના શક્તિશાળી અને અનુભવી સરદાર અફઝલખાનને મોકલ્યો.

અફઝલખાન બીજાપુરથી તુળજાપુર, પંઢરપુર અને રહિમતપુરના માર્ગે વાઈમાં આવ્યો. રસ્તામાં તેણે લોકોને અને મંદિરોને ત્રાસ આપ્યો. અફઝલખાનને વાઈ પ્રાંતની સારી માહિતી હતી. વાઈ પાસેના પ્રતાપગઢ કિલ્લાની તળેટીમાં શિવાજી મહારાજ અને અફઝલખાનની મુલાકાત ૧૦ નવેમ્બર, ૧૬૫૯ ના રોજ થઈ. આ મુલાકાતમાં અફઝલખાને મહારાજને દગોફટકો કરવાનો પ્રયત્ન કર્યો તેને લીધે શિવાજીએ અફઝલખાનનો વધ કર્યો. આ રીતે આદિલશાહી સૈન્યને મોટો ફટકો પડ્યો.

અફઝલખાનના વધ પછી શિવાજી મહારાજે લડાઈમાં જખ્મી સૈનિકોને નુકસાનીની ભરપાઈ કરી આપી. જેમણે આ લડાઈમાં સારી કામગીરી બજાવી હતી, તેમને ઇનામો આપ્યાં. અફઝલખાનના સૈન્યમાંના જે સૈનિક અને અધિકારી શિવાજી મહારાજના સૈન્યના હાથમાં આવ્યા તેમની સાથે સારી વર્તુણૂંક કરી.

સિદ્દી જોહરની સવારી : શિવાજી મહારાજે આદિલશાહીમાંના બળવાન સરદાર અફઝલખાનનો વધ કર્યો હતો. તે પછી તેણે આદિલશાહીમાંના પન્હાળા, વસંતગઢ અને ખેળણાના કિલ્લા જીતી લીધા. ખેળણાના કિલ્લાને મહારાજે 'વિશાળગઢ' નામ આપ્યું.

શિવાજીમહારાજે આદિલશાહી સામે મોટું આવ્હાન ઊભું કર્યું હતું. ત્યારે આદિલશાહે ઈ. સ. ૧૬૬૦ માં સિદ્દી જોહર જે કર્નુલપ્રાંતનો સરદાર હતો તેને મહારાજ વિરુદ્ધ સામનો કરવા જવા કહ્યું. આદિલશાહે

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિદ્દીને 'સલાબતખાન' નો ખિતાબ આપ્યો. સિદ્દી જોહરની મદદમાં રુસ્તમ-ઇ-જમાન' બાજી ઘોરપડે અને ફાજલખાન પણ હતો. આ પરિસ્થિતિમાં શિવાજીમહારાજે પન્હાળા કિલ્લા ઉપર આશ્રય લીધો. લગભગ પાંચ મહિના સુધી સિદ્દીના સૈનિકોએ પન્હાળાગઢને ઘેરો ઘાલ્યો હતો. ઘેરામાંથી બહાર નીકળવું મહારાજ માટે મુશ્કેલ હતું. નેતાજી પાલકરે બહારથી સિદ્દીના સૈન્ય ઉપર હુમલો કરીને ઘેરો ઉઠાવવાનો પ્રયત્ન કર્યો. પરંતુ તેનું સૈન્ય નાનું હોવાથી તે શક્ય ન બન્યું. સિદ્દી ઘેરો ઉઠાવી લે તેવાં કોઈ ચિહ્નો નહોતા. ત્યારે મહારાજે સિદ્દી સાથે વાટાઘાટ શરૂ કરી. તેના કારણે પન્હાળાગઢને ઘાલેલા ઘેરામાં શિથિલતા નિર્માણ થઈ.

આ પરિસ્થિતિનો શિવાજીમહારાજે ફાયદો ઉઠાવ્યો. તે પન્હાળાગઢના ઘેરામાંથી છટકીને વિશાળગઢ તરફ નીકળ્યા. આ સમાચાર સિદ્દીને મળતાં જ સિદ્દીના સૈન્યે તેમનો પીછો કર્યો. મહારાજે સિદ્દીના સૈન્યને વિશાળગઢની તળેટી પાસે અટકાવવાની જવાબદારી બાજીપ્રભુ દેશપાંડેને સોંપી. બાજીપ્રભુએ ગજાપુર પાસેની ઘોડખીંડમાં સિદ્દીના સૈન્યને અટકાવ્યું. તેણે પરાક્રમની પરાકાષ્ટા બતાવી. આ સંઘર્ષમાં બાજીપ્રભુનું વીરોચિત મરણ થયું. બાજીપ્રભુના સૈન્યએ સિદ્દીના સૈન્યને અટકાવી રાખ્યાને કારણે મહારાજને માટે વિશાળગઢ તરફ કૂચ કરવી શક્ય બન્યું. વિશાળગઢ તરફ જતાં મહારાજે આદિલશાહી સરદાર પાલવનના દળવી અને શૃંગારપુરના સૂર્વેનો વિરોધ પણ દબાવી દીધો. મહારાજ વિશાળગઢ પર સુખરૂપ પહોંચી ગયા.

શિવાજી મહારાજ પન્હાળાગઢના ઘેરામાં ઘેરાયેલા હતા, ત્યારે મોગલ સરદાર સાઈસ્તખાને પુણે પ્રાંત ઉપર ચડાઈ કરી હતી. આદિલશાહી સાથે સંઘર્ષ ચાલુ હતો. મોગલોનું સૈન્ય પણ સ્વરાજ્ય પર

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંકટ હતું. આવી પરિસ્થિતિમાં બે શત્રુઓ સાથે એક જ સમયે લડવું, એ બરાબર નથી, તે મહારાજે ધ્યાનમાં લીધું. વિશાળગઢ ઉપર પહોંચ્યા પછી તેમણે આદિલશાહ સાથે સુલેહ કરી. આ સુલેહ અનુસાર પન્હાળા કિલ્લો આદિલશાહને પાછો સોંપી દીધો.

સ્વાધ્યાય

૧. ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો.

(અ) શિવાજીમહારાજે સ્વરાજ્ય સ્થાપનાની શરૂઆત ..... ભાગમાં કરી.

(આ) ખેળણા કિલ્લાને મહારાજાએ ..... નામ આપ્યું.

૨. એક વાક્યમાં જવાબ લખો.

(અ) શિવાજી મહારાજના સહકારીઓનાં નામ લખો.

(આ) શિવાજી મહારાજે ક્યા કિલ્લા જીતીને સ્વરાજ્યના મુહૂર્તનો પાયો નાંખ્યો?

(ઇ) સ્વરાજ્ય સ્થાપનાના કાર્યમાં ક્યા સરદારોનો વિરોધ હતો?

૩. બે થી ત્રણ વાક્યોમાં જવાબ લખો.

(અ) રાજમુદ્રા દ્વારા શિવાજી મહારાજે લોકોને કઈ ખાતરી આપી?

(આ) શિવાજી મહારાજે સિદ્દી જોહર સાથે વાટાઘાટ શા માટે શરૂ કરી?

ઉપક્રમ

આ પાઠમાં આપેલા કોઈપણ એક કિલ્લાની પ્રતિકૃતિ તૈયાર કરો.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩. મોગલો સાથે સંઘર્ષ

અત્યાર સુધીમાં મહારાજે આદિલશાહી સાથે સફળ સંઘર્ષ કર્યો હતો. પરંતુ સ્વરાજ્યનો વિસ્તાર કરતી વખતે મોગલો સાથે સંઘર્ષ કરવો જ પડ્યો. સ્વરાજ્ય પર મોગલોનું સંકટ આવ્યું હતું. મહારાજે આ સંકટનો પણ સામનો કર્યો. મોગલો પાસેથી પોતાના કિલ્લા અને પ્રદેશ પાછા મેળવ્યા. પોતાનો રાજ્યાભિષેક કરી લીધો. દક્ષિણ તરફની ઝુંબેશ હાથમાં લીધી. આ બધી ઘટનાની માહિતી આપણે આ પાઠમાં મેળવવાના છીએ.

સાઈસ્તખાનની સવારી : ફેબ્રુઆરી, ૧૬૬૦માં સાઈસ્તખાન અહમદનગરથી નીકળીને પુણે પ્રાંતમાં આવ્યો. સૂપા, બારામતી અને હોળમાર્ગે તે શિરવળ આવ્યો. તેણે આસપાસના પ્રદેશમાં નાનીનાની ટુકડીઓ મોકલીને સ્વરાજ્યનો પ્રદેશ વેરવિખેર કરી નાંખ્યો. તેણે ચાકણમાં પણ પડાવ નાંખ્યો હતો. ચાકણના કિલ્લાના કિલ્લેદાર ફિરંગોજી નરસાળાએ સાઈસ્તખાનના સૈન્યનો તીવ્ર પ્રતિકાર કર્યો. છેવટે મોગલોએ ચાકણનો કિલ્લો જીતી લીધો.

સાઈસ્તખાને પુણેના લાલ મહેલમાં પડાવ નાંખ્યો હતો. તેણે આસપાસના પ્રદેશમાં ફોજો મોકલી. આ ફોજો પ્રજાને લૂંટતી. બે વર્ષ થયાં, છતાં તે પુણેનો મુકામ છોડવાનો વિચાર કરતો નહોતો. તેનું પરિણામ પ્રજાની ધીરજ ઉપર થવું સ્વાભાવિક હતું. આવી પરિસ્થિતિમાં મહારાજે એક સાહસિક યોજના બનાવી.

૫ એપ્રિલ, ૧૬૬૩ ના રોજ શિવાજી મહારાજે લાલ મહેલ ઉપર છાપો માર્યો. આ છાપામાં સાઈસ્તખાનના આંગળાં કપાયાં. તેની

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનહાનિ થઈ, તેણે પૂના છોડી દીધું અને પોતાનો મુકામ તેણે ઔરંગાબાદમાં ફેરવ્યો. સાઈસ્તખાને ઔરંગઝેબની નારાજગી વહોરી લીધી. ઔરંગઝેબે તેને બંગાળના સૂબામાં મોકલી આપ્યો. સાઈસ્તખાન ઉપરના આ સફળ હુમલાની અસર લોકો ઉપર પણ થઈ. મહારાજના કર્તુત્ત્વ ઉપર પ્રજાનો વિશ્વાસ વધારે વૃદ્ધિ પામ્યો.

સુરત ઉપર છાપો : સાઈસ્તખાને ત્રણવર્ષના સમયમાં સ્વરાજ્યનો પ્રદેશ વેરવિખેર કર્યો હતો. તે નુકસાનીની ભરપાઈ કરવી જરૂરી હતી. તે માટે શિવાજી મહારાજે મોગલોને પાઠ ભણાવવાની યોજના બનાવી. મોગલોના તાબામાંનું સુરત એક મોટું બંદર હતું. ત્યાં યુરોપિયનોની એટલે અંગ્રેજ, ડચ અને ફ્રેંચોની કોઠી (વખારો) હતી. આ શહેર આર્થિક દૃષ્ટિએ ધનાઢ્ય હતું. તેમણે સુરત શહેર ઉપર છાપો મારવાનું નક્કી કર્યું. મહારાજે સુરત પર ચડાઈ કરવાની યોજના નક્કી કરી. સુરતનો સૂબેદાર મહારાજની ચડાઈનો પ્રતિકાર કરી શક્યો નહિ. સુરતમાંથી અઢળક સંપત્તિ મેળવી. મહારાજની સુરત પરની ઝુંબેશ પૂર્ણપણે સફળ નીવડી. આ ઝુંબેશને લીધે ઔરંગઝેબ બાદશાહની પ્રતિષ્ઠાને મોટી હાનિ પહોંચી.

જયસિંગની સવારી : શિવાજી મહારાજની વધતી જતી ચળવળનો બંદોબસ્ત કરવા માટે ઔરંગઝેબે અનુભવી અને માતબર મોગલ સરદાર જયસિંગને મોકલ્યો. જયસિંગ પુણે આવ્યો. પહેલાં શિવાજી મહારાજનો બંદોબસ્ત કરવાનો અને પછી આદિલશાહ તરફ વળવાનો એવાં આ ઝુંબેશનાં ઉદ્દેશ્યો હતાં. શિવાજી મહારાજના વિરોધમાં બધી શક્તિ સંગઠિત કરવા માટે જયસિંગે પોતાના પ્રયત્નો શરૂ કર્યા. ગોવા અને વસઈના પોર્ટુગીઝ, વેંગુર્લીના ડચ, સુરતના અંગ્રેજ, જંજીરાના સિદ્દીઓએ મહારાજ વિરુદ્ધ દરિયાઈ ઝુંબેશ કરવી, એવું જયસિંગે તેમને સૂચવ્યું.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જયસિંગે શિવાજી મહારાજ પાસેના કિલ્લા જીતી લેવાની યોજના બનાવી. જયસિંગ અને દિલેરખાને પુરંદર કિલ્લાને ઘેરો ઘાલ્યો. સ્વરાજ્યના વિવિધ ભાગોમાં મોગલ સૈનિકોની ટુકડીઓ મોકલવામાં આવી. મોગલ સૈન્યે સ્વરાજ્યનો ભૂપ્રદેશ વેરાન કર્યો. મહારાજે મોગલોનો સામનો કરવાનો પ્રયત્ન કર્યો. મોગલોએ ઘેરેલા પુરંદરના ઘેરાના સમયે મુરારબાજી દેશપાંડેએ પોતાના પરાક્રમની પરાકાષ્ઠા બતાવી. તેનું વીરોચિત મૃત્યુ થયું. મોગલો સાથેના આ સંઘર્ષમાં પોતાનું અને પોતાની પ્રજાનું ઘણું નુકસાન થાય છે, તે ધ્યાનમાં લઈને મહારાજે જયસિંગ સાથે સુલેહ (સંધિ) ની વાટાઘાટ શરૂ કરી. મહારાજે જયસિંગની મુલાકાત લીધી. જયસિંગ અને મહારાજ વચ્ચે જૂન ૧૬૬૫માં સંધિ થઈ. આ સંધિ 'પુરંદરની સંધિ' તરીકે ઓળખાય છે. આ સંધિ અનુસાર મહારાજે મોગલોને ત્રેવીસ કિલ્લા અને તેની આસપાસનો વાર્ષિક ચાર લાખ હોનની આવક ધરાવતો પ્રદેશ આપ્યો. મહારાજે આદિલશાહી વિરુદ્ધ મોગલોને મદદ કરવાનું આશ્વાસન પણ આપ્યું. આ સંધિને ઔરંગઝેબે માન્યતા આપી.

આગ્રા મુલાકાત : જયસિંગે આદિલશાહી વિરુદ્ધ ઝુંબેશ ઉપાડી. મહારાજે જયસિંગને મદદ કરી, તેમ છતાં જયસિંગની આ ઝુંબેશ સફળ થઈ નહિ. મહારાજને કેટલોક સમય દક્ષિણના રાજકારણથી દૂર રાખવા, એવો વિચાર જયસિંગ અને ઔરંગઝેબ બાદશાહે કર્યો. મહારાજે બાદશાહને મળવા આગ્રા જવું, એવો પ્રસ્તાવ જયસિંગે તેની સામે મૂક્યો. જયસિંગે તેમની સુરક્ષિતતા માટેની ખાતરી આપી. શિવાજી મહારાજ મુલાકાત માટે આગ્રા જવા નીકળ્યા. તેણે પોતાની સાથે રાજપુત્ર સંભાજી, તાનાજી માલુસરે, યેસાજી કંક, હિરોજી ફર્જંદ વગેરે વિશ્વાસુ અને સ્વામીનિષ્ઠ મંડળી સાથે લીધી.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિવાજી મહારાજ આગ્રા પહોંચ્યા. ઔરંગઝેબે દરબારમાં તેમનું યોગ્ય સન્માન કર્યું નહિ. તેમણે ગુસ્સો વ્યક્ત કર્યો. તે પછી બાદશાહે શિવાજી મહારાજને નરજકેદ કર્યા. આગ્રાના મુકામે મહારાજે નજરકેદમાંથી પોતાને છૂટવા માટેની યોજના બનાવી. આગ્રામાંથી તેઓ સિફતપૂર્વક છટકી ગયા. ૨૦ નવેમ્બર, ૧૬૬૬ના રોજ મહારાજ રાજગઢ પાછા આવ્યા. તેમણે આગ્રાથી આવતી વખતે સંભાજીને મથુરામાં રાખ્યા હતા. પાછળથી રાજપુત્ર સંભાજીને સુખરૂપ રાજગઢ ઉપર લાવવામાં આવ્યા.

મોગલો વિરુદ્ધ આક્રમક વલણ : આગ્રાથી છૂટીને આવ્યા પછી મહારાજને તરત જ મોગલો સાથે સંઘર્ષ કરવો નહોતો. સ્વરાજ્યને થાળે પાડવા ઉપર જ તેમણે પોતાનું બધું ધ્યાન કેંદ્રિત કર્યું.

પુરંદરની સંધિમાં મોગલોને આપેલા કિલ્લા અને પ્રદેશ પાછા મેળવવાનો મહારાજનો ઉદ્દેશ્ય હતો. તે માટે તેમણે એક વ્યાપક અને આક્રમક યોજના બનાવી. જુદાજુદા કિલ્લા ઉપર પૂરતી તૈયારી કરીને સૈન્ય મોકલીને તે કિલ્લા લઈ લેવા તો બીજી બાજુએ મોગલોના વર્ચસ્વ હેઠળના દક્ષિણના પ્રદેશો પર હુમલા કરીને તેમને અસ્થિર રાખવાની નીતિ ઘડી. મહારાજે અહમદનગર, જુન્નરના મોગલોના પ્રદેશ ઉપર હુમલા કર્યા. પછી એક પછી એક સિંહગઢ, પુરંદર, લોહગઢ, માહુલી, કર્નાળા, રોહિડા જેવા કિલ્લા જીતી લીધા. આ પછી મહારાજે સુરત ઉપર બીજી વખત ચડાઈ કરી. સુરતથી પાછા ફરતાં નાસિક જિલ્લાના વણી –દિંડોરી સ્થળે મોગલો સાથે મોટો સંઘર્ષ થયો. આ સંઘર્ષમાં મહારાજે મોગલ સરદાર દાઉદખાનનો પરાજય કર્યો. તે પછી મોરોપંત પિંગળેએ નાસિક પાસેનો ત્રંબકગઢ જીતી લીધો.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



Based upon Survey of India map with the permission of the Surveyor General of India. Limits of Indian Union as on 1st January 1950 and distances are in kilometers. The responsibility rest with the publisher. Govt Of India Copyright 2009

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી રીતે શિવાજી મહારાજની મોગલો વિરુદ્ધની લડાઈની નીતિને સફળતા મળી. આ લડાઈની ઝુંબેશમાં તાનાજી માલુસરે, મોરોપંત પિંગળે, પ્રતાપરાવ ગુજર વગેરે સરદારોએ મૂલ્યવાન કામગીરી કરી. આ ઝુંબેશનું વર્ણન કૃષ્ણાજી અનંત સભાસદ નામના ઇતિહાસકારે આ પ્રમાણે વર્ણન કર્યું છે. 'ચાર મહિનામાં સત્યાવીસ ગઢ જીતીને મોટી નામના મેળવી.'

રાજ્યાભિષેક : સતત ત્રીસ વર્ષના અવિશ્રાંત પરિશ્રમથી મરાઠાઓનું સ્વરાજ્ય સાકાર બન્યું હતું. સ્વરાજ્યનું અસ્તિત્ત્વ સર્વત્ર અને સાર્વભૌમ છે, એ સ્પષ્ટ કરવા માટે સ્વરાજ્યને સર્વમાન્યતા મળવી આવશ્યક હતી, તે મહારાજના ધ્યાનમાં આવ્યું. આ માટે વિધિપૂર્વક રાજ્યાભિષેક કરવાની આવશ્યકતા હતી. ૬ જૂન, ૧૬૭૪ના દિવસે વિદ્વાન પંડિત ગાગાભટ્ટે રાયગઢ ઉપર શિવાજી મહારાજનો રાજ્યાભિષેક કર્યો.

મહારાજ સ્વરાજ્યના સિંહાસને બિરાજ્યા, હવે તેઓ સ્વરાજ્યના છત્રપતિ બન્યા. સાર્વભૌમત્વના પ્રતીક તરીકે 'રાજ્યાભિષેક શક' નામની નવી કાલગણના શરૂ કરવામાં આવી. મહારાજ શકવર્તી બન્યા. રાજ્યાભિષેક પ્રસંગે 'શ્રી રાજા શિવછત્રપતિ' આ અક્ષરો કોતરેલા સોનાના 'હોન' અને તાંબાના 'શિવરાઈ' નામના ખાસ સિક્કા બહાર પાડવામાં

હોન

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિવરાઈ

આવ્યા. હવે પછીથી રાજપત્રો ઉપર 'ક્ષત્રિયકુલાવતંશ શ્રી રાજા શિવ છત્રપતિ' જેવો ઉલ્લેખ થવા લાગ્યો. ફારસી શબ્દોના પર્યાયી સંસ્કૃત શબ્દો ધરાવતો એક કોશ તૈયાર કરવામાં આવ્યો. તેને જ 'રાજ્યવ્યવહારકોશ' કહેવાય છે. આવી રીતે મહારાજે રાજ્યકારભારમાં સ્વભાષાનું મહત્ત્વ પ્રતિબિંબિત કર્યું.

મધ્યયુગના ભારતના ઇતિહાસમાં શિવાજી મહરાજનો રાજ્યાભિષેક એક ક્રાંતિકારી ઘટના તરીકે વર્ણવેલ છે. આ ઘટનાનું મહત્ત્વ સભાસદ આ રીતે કહે છે, 'મરાઠા બાદશાહ એટલા મોટા છત્રપતિ બન્યા કે તે બાબત અસામાન્ય બની ગઈ'.

ત્યાર બાદ ટૂંક સમયમાં જ શિવરાયે નિશ્ચલપુરી ગોસાવીનાં માર્ગદર્શનથી ફરીવાર રાજ્યાભિષેક કરાવ્યો.

દક્ષિણની ઝુંબેશ : ઓક્ટોબર ૧૬૭૭ માં મહારાજે કર્ણાટકની ઝુંબેશ ઉપાડી. મહારાજ ગોવળકોંડા ગયા. ત્યાં કુતુબશાહની મુલાકાત લીધી. તેની સાથે મૈત્રીનો કરાર કર્યો. તંજાવરમાં મહારાજનો સાવકો ભાઈ વ્યંકોજી રાજ્ય કરતો હતો. શક્ય હોય તો તેને પણ પોતાના સ્વરાજ્યના કાર્યમાં સહભાગી બનાવવાનો મહારાજનો પ્રયત્ન હતો. તેમને વ્યંકોજી પાસેથી કોઈ પ્રતિસાદ મળ્યો નહિ. પછી મહારાજે

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
કર્ણાટકમાંના બેંગ્લોર, હોસકોટ, જીંજી, વેલુર વગેરે કિલ્લા અને આદિલશાહીનો કેટલોક પ્રદેશ જીતી લીધો. જીતેલા પ્રદેશોનો કારભાર સંભાળવા માટે મુખ્ય કારભારી તરીકે રઘુનાથ નારાયણ હણમંતેની નિમણૂંક કરી. દક્ષિણની આ ઝુંબેશ પૂરી કરી મહારાજ સ્વરાજ્યમાં પાછા ફર્યા. આ ઝુંબેશ પછી માત્ર બે જ વર્ષમાં ૩ એપ્રિલ, ૧૬૮૦ના રોજ મહારાજનું રાયગઢ ઉપર મૃત્યું થયું.



શિવાજી મહારાજની સમાધિ - રાયગઢ

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧. ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો.

(અ) ચાકણના કિલ્લાના કિલ્લેદાર ..... એ સાઈસ્તખાનના સૈન્યનો તીવ્ર પ્રતિકાર કર્યો.

(આ) રાયગઢ ઉપર શિવાજી મહારાજનો રાજ્યાભિષેક ..... એ કર્યો.

(ઇ) સાર્વભૌમત્ત્વના પ્રતિક તરીકે ..... ની નવી કાલગણના શરૂ કરવામાં આવી.

૨. એક વાક્યમાં જવાબ લખો.

(અ) જયસિંગની સવારીનાં ક્યાં ઉદ્દેશ્યો હતાં?

(આ) રાજ્યાભિષેક પ્રસંગે ક્યા ખાસ સિક્કા બહાર પાડવામાં આવ્યા?

૩. બે થી ત્રણ વાક્યોમાં જવાબ લખો.

(અ) શિવાજી મહારાજે જયસિંગ સાથે સંધિની વાટાઘાટ શા માટે શરૂ કરી?

(આ) પુરંદરની સંધિમાં કઈ બાબતો નક્કી કરવામાં આવી?

૪. કારણો લખો.

(અ) સાઈસ્તખાને પોતાનો મુકામ ઔરંગાબાદમાં ફેરવ્યો.

(આ) શિવાજી મહારાજે સુરત શહેર ઉપર હુમલો કરવાનું નક્કી કર્યું.

ઉપક્રમ

(અ) છત્રપતિ શિવાજીમહારાજનું ચરિત્ર વાંચો.

(આ) ભારતના નકશામાં સ્વરાજ્યનો પ્રદેશ બતાવો.

□□□

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪. સ્વરાજ્યનો કારભાર

શિવાજી મહારાજે સ્વરાજ્યની સ્થાપના કરી. પોતે જ રાજ્યાભિષેક કરાવી લીધો. રાજ્યાભિષેક પછી મહારાજ દક્ષિણમાં પણ દિગ્વિજયી બન્યા. સ્વરાજ્યનો વિસ્તાર થયો. આ સ્વરાજ્યમાં મહારાષ્ટ્રના નાસિક, પુણે, સતારા, સાંગલી, કોલ્હાપુર, સિંધુદુર્ગ, રત્નાગિરિ, રાયગઢ અને થાણા જિલ્લાનો મોટાભાગનો પ્રદેશ સમાવિષ્ટ હતો. તેવી જ રીતે કર્ણાટક રાજ્યના બેલગામ, કારવાર અને ધારવાડ જિલ્લાનો કેટલોક ભાગ અને તામિલનાડુ રાજ્યનો જિંજી, વેલુર અને આસપાસનો ભાગ સ્વરાજ્યમાં સમાવિષ્ટ થયેલો હતો. સ્વરાજ્યનો કારભાર સરળતાથી ચાલે, તેમાં જ લોકોનું કલ્યાણ સાધી શકાય તે માટે મહારાજે સ્વરાજ્યને સ્થિર બનાવ્યું.

અષ્ટપ્રધાન મંડળ : શિવાજી મહારાજે રાજ્યાભિષેક પ્રસંગે અષ્ટપ્રધાન મંડળની નિમણૂંક કરી. રાજ્યકારભારની સગવડ માટે આઠ ખાતામાં વિભાગણી કરી હતી. પ્રત્યેક ખાતાના પ્રમુખપદે (મંત્રી) પ્રધાનની નિમણૂંક કરી. આવા કુલ આઠ મંત્રી અર્થાત પ્રધાન હતા. આ જ તે અષ્ટપ્રધાન મંડળ. મંત્રીની નિમણૂંક કરવી કે તેને તેના પદ પરથી બરતરફ કરવાનો અધિકાર મહારાજને હતો. પોતપોતાના ખાતાના કારભાર માટે આ મંત્રીઓ મહારાજને જવાબદાર હતા.

મોરો ત્રંબક પિંગળે મુખ્ય પ્રધાન હતા. મુખ્ય પ્રધાનનું કામ રાજ્યકારભાર ચલાવવાનું અને જીતેલા પ્રદેશોની વ્યવસ્થા કરવાનું હતું. રામચંદ્ર નીલકંઠ મુજુમદાર અમાત્ય હતા. અમાત્યનું કામ રાજ્યનો જમા-ખર્ચ જોવાનો એટલે કે હિસાબ સંભાળવાનું હતું. અણ્ણાજી દત્તો સચિવ

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા. સચિવનું કામ સરકારી આજ્ઞાપત્રો તૈયાર કરવાનું હતું. દત્તાજી ત્રંબક વાકનીસ મંત્રી હતા. મંત્રીનું કામ પત્રવ્યવહાર સંભાળવાનું હતું. હંબીરરાવ મોહિતે સેનાપતિ હતા. સેનાપતિનું કામ સૈન્યની વ્યવસ્થા રાખવાનું, અને રાજ્યનું રક્ષણ કરવાનું હતું. રામચંદ્ર ત્રંબક ડબીર સુમંત હતા. સુમંતનું કામ પરરાજ્યો સાથે સંબંધ રાખવાનું હતું. નિરાજી રાવજી ન્યાયાધીશ હતા. ન્યાયાધીશનું કામ ન્યાયદાન કરવાનું એટલે કે ન્યાય આપવાનું હતું. મોરેશ્વર પંડિતરાવ એ પંડિતરાવ હતા. પંડિતરાવનું કામ ધાર્મિક વ્યવહાર સંભાળવાનું હતું.

ખેતીવિષયક નીતિ : મહારાજે ખેડૂતોના હિત તરફ ધ્યાન આપ્યું. અણ્ણાજી દત્તો જેવા કર્તવ્યશીલ અને અનુભવી અધિકારીને જમીન મહેસૂલની વ્યવસ્થા નક્કી કરવાની જવાબદારી સોંપી. નક્કી કરેલી રકમ કરતાં વધારે મહેસૂલ ઉઘરાવવું નહિ, તેવી તાકીદ તેણે અધિકારીઓને કરી હતી. પડતર જમીનને ખેતીવાડી હેઠળ લાવવા માટે ઉત્તેજન આપ્યું. અતિવૃષ્ટિ થાય કે દુકાળ પડે, પાકને નુકસાન થાય કે શત્રુનું સૈન્ય ગામનો પ્રદેશ વેરવિખેર કરે, આવા દરેક પ્રસંગે સરકાર તરફથી ગામના લોકોને મહેસૂલ અને અન્ય કરોમાં છૂટ આપવામાં આવતી. ખેડૂતોને બળદની જોડીઓ, હળ અને વાવણી માટે સારાં બી-બિયારણ પૂરાં પાડવાં, એવી મહારાજની અધિકારીઓને આજ્ઞા હતી.

વેપારને ઉત્તેજન : ખેતી વ્યવસાય ગામડાંના અર્થકારણની કરોડરજ્જુ હતો. ગામડાંમાં ખેતી વ્યવસાયને પૂરક એવા વ્યવસાયો પણ હતા. ગામના કારીગરો વસ્તુનું ઉત્પાદન કરતા. તેઓ સ્થાનિક લોકોની જરૂરિયાત પૂરી પાડતા. આ રીતે ગામડું એક સ્વયંપૂર્ણ ઘટક હતું. ખેડૂત પોતાના ઉત્પાદનમાંથી જરૂરી હિસ્સો કારીગરોને આપતા. આ હિસ્સાને 'બલુતા' કહેતા.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેપારની વૃદ્ધિ સિવાય રાજ્ય સમૃદ્ધ ન બને તે મહારાજ સમજી ગયા હતા. વેપારને લીધે નવી નવી અને જરૂરિયાતની વસ્તુ રાજ્યમાં આવે છે. વસ્તુની મબલકતા વધે છે. વેપાર વધે છે. સંપત્તિમાં વૃદ્ધિ થાય છે. વેપાર તરફ જોવાનો મહારાજનો ચોક્કસ યોગ્ય દક્ષિણ આજ્ઞાપત્રમાં દર્શાવ્યો છે. આજ્ઞાપત્રમાં 'શાહુકાર એટલે રાજ્યની અને રાજશ્રીની શોભા' આવું વેપારીઓ વિશેનું વર્ણન આલેખ્યું છે.

ઉદ્યોગોને સંરક્ષણ આપવાની મહારાજની નીતિ હતી. તેનું ઉત્તમ ઉદાહરણ એટલે મીઠાનો ઉદ્યોગ. તેમણે કોંકણમાંના મીઠાના ઉદ્યોગને સંરક્ષણ આપ્યું. પોર્ટુગીઝ પ્રદેશમાંથી સ્વરાજ્યમાં આવતા મીઠા ઉપર મોટી જકાત ભરવી પડતી. એનો હેતુ એ હતો કે પોર્ટુગીઝ પ્રદેશમાંથી આવતું મીઠું મોંઘું થશે, તેને લીધે તેની આયાતમાં ઘટાડો થશે.

લશ્કરી વ્યવસ્થા : મહારાજના લશ્કરની વિભાગણી બે વિભાગમાં કરેલી હતી. એક પાયદળ અને બીજું અશ્વદળ. પાયદળમાં સૌથી નાનું જૂથ દસ સૈનિકોનું હતું. આ દસ સૈનિકો ઉપર એક નાઈક હતો. નાઈકો ઉપરનો અધિકારી હવાલદાર હતો. પાંચ નાઈકો ઉપર એક હવાલદાર હતો. બે હવાલદારો ઉપર એક જુમલેદાર હતો. જુમલેદારો ઉપર એક 'હજારી' હતો. સૈન્યના પ્રમુખને 'સરનોબત' કહેતા. તે પાયદળનો સર્વોચ્ચ અધિકારી હતો.

અશ્વદળમાં બે પ્રકારના ઘોડેસવારો હતા. એક શિલેદાર અને બીજા બારગીર. શિલેદારો પાસે પોતાના ઘોડા અને પોતાના હથિયારો હતાં, તો બારગીરોને સરકાર તરફથી ઘોડા અને હથિયારો આપવામાં આવતાં. અશ્વદળમાં બારગીરોની સંખ્યા વધારે હતી. અશ્વદળમાં પણ પાયદળ જેવી જ અધિકારીઓની શ્રેણી હતી. અશ્વદળમાં સરનોબત સર્વોચ્ચ અધિકારી હતો. નેતાજી પાલકર, પ્રતાપરાવ ગુજર, હંબીરરાવ મોહિતે સરનોબત હતા.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વરાજ્યનું શત્રુઓથી રક્ષણ કરવું જરૂરી હતું. તે માટે શત્રુઓની હાલચાલની ચોક્કસ માહિતી સમયસર મળવી જરૂરી હતી. શત્રુઓની હાલચાલની માહિતી મેળવીને તે મહારાજને આપવાનું કામ ગુપ્તચરખાતા પાસે હતું. મહારાજનું ગુપ્તચર ખાતું અત્યંત કાર્યક્ષમ હતું. મહારાજ પાસેનો બહિર્જી નાઈક જાસૂસી કામમાં નિષ્ણાત હતો.

કિલ્લા : મધ્યયુગમાં કિલ્લાનું મહત્ત્વ અનન્યસાધારણ હતું. કિલ્લા તાબામાં હોય, તો આજુબાજુના પ્રદેશો ઉપર ધ્યાન રાખી શકાય. શત્રુઓના આક્રમણ સમયે કિલ્લાના આશ્રયે પ્રજાનું રક્ષણ કરી શકાય. કિલ્લામાં લશ્કરી સૈન્ય, અન્નધાન્ય, યુદ્ધોપયોગી સામગ્રી, દારુગોળાનો ભંડાર વગેરેનો સંગ્રહ કરી શકાય. સ્વરાજ્ય સ્થાપનાના કાર્યમાં કિલ્લાનું મહત્ત્વ આજ્ઞાપત્રમાં કહ્યું છે, તે આ પ્રમાણે છે. 'આ રાજ્ય તો તીર્થરૂપ મહાન કૈલાસવાસી સ્વામીએ ગઢ ઉપરથી જ નિર્માણ કર્યું.'

સ્વરાજ્યમાં લગભગ ૨૪૦ કિલ્લા હતા. આ કિલ્લાઓના બાંધકામ અને સમારકામ ઉપર મહરાજે મોટો ખર્ચ કર્યો. પ્રતાપગઢ, પાવનગઢ, રાજગઢ જેવા ડુંગરાળ કિલ્લા બાંધ્યા. પ્રત્યેક કિલ્લા ઉપર હવાલદાર, સરનોબત અને સબનીસ જેવા અધિકારી હતા. આ સિવાય કિલ્લા ઉપરના અનાજના કોઠાર અને યુદ્ધ સાહિત્યની વ્યવસ્થા સંભાળવા કારખાનીસ જેવા અધિકારી હતા.

નૌકાદળ (આરમાર) : ભારતના પશ્ચિમ કિનારાપટ્ટી પરના ગોવાના પોર્ટુગીઝ, જંજિરાના સિદ્દી, તેમજ સુરત અને રાજાપુરના અંગ્રેજ (કોઠીવાળા) વખારવાળા જેવા શત્રુઓ સ્વરાજ્ય વિસ્તારના કાર્યમાં અવરોધ નિર્માણ કરતા. આ અવરોધને અટકાવવો અને પશ્ચિમ કિનારાપટ્ટીનું રક્ષણ કરવું જરૂરી હતું. આ માટે મહારાજે નૌકાદળ ઊભું કર્યું. 'જેની પાસે નૌકાદળ તેનો સમુદ્ર' તે મહારાજ સમજી ગયા. મહારાજ દૂરંદેશી હતા.!

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નૌકાદળની સાથે જ મહારાજે દરિયાઈ કિલ્લાનું મહત્ત્વ પણ જાણી લીધું હતું. તેમણે બાંધેલા જલદુર્ગોમાંથી માલવણનો સિંધુદુર્ગ ઉત્કૃષ્ટ દરિયાઈ કિલ્લો છે. આ કિલ્લાના બાંધકામમાં મજબૂતાઈ આવે, તે માટે કિલ્લાની પાયાભરણી વખતે પાંચ ખાંડી સિસું નાંખ્યું હતું. સિદ્દીને ધાક બતાવવા માટે રાજાપુર સામે પદ્મદુર્ગ નામનો દરિયાઈ કિલ્લો બાંધ્યો. પોતાના એક પત્રમાં આ કિલ્લા વિશે મહારાજ કહે છે, 'પદ્મદુર્ગ વસાવીને રાજાપુરની છાતી ઉપર બીજી રાજાપુરી બનાવી.'



સિંધુદુર્ગ

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



લડાયક જહાજ - ગુરાબ

નૌકાદળમાં વિવિધ પ્રકારનાં ચારસો જહાજો હતાં. તેમાં ગુરાબ, ગલબત અને પાલ લડાયક જહાજ હતાં. કલ્યાણ - ભિવંડીની ખાડી, વિજયદુર્ગ, માલવણમાં જહાજો બાંધવામાં આવતાં. માયનાક ભંડારી અને દોલતખાન નૌકાદળના મુખ્ય અધિકારી હતા.

સ્વાધ્યાય

૧. ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો.

(અ) શિવાજી મહારાજે ..... અધિકારીને જમીન મહેસૂલની વ્યવસ્થા સોંપી.

(આ) અશ્વદળમાં ..... સર્વોચ્ચ અધિકારી હતો.

(ઇ) સિદ્દીને હરાવવા માટે શિવાજી મહારાજે ..... નામનો દરિયાઈ કિલ્લો બાંધ્યો.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. 'અ' જૂથ અને 'બ' જૂથને યોગ્ય રીતે જોડો.

'અ' જૂથ	'બ' જૂથ
(અ) મુખ્યપ્રધાન	(૧) સરકારી આજ્ઞાપત્રો તૈયાર કરવા.
(આ) અમાત્ય	(૨) સૈન્યની વ્યવસ્થા કરવી.
(ઇ) સેનાપતિ	(૩) રાજ્યકારભાર ચલાવવો.
(ઈ) સચિવ	(૪) રાજ્યનો જમા-ખર્ચ જોવો.
	(૫) ધાર્મિક વ્યવહાર સંભાળવો.

૩. એક વાક્યમાં જવાબ લખો.

(અ) કિલ્લા ઉપર કયા અધિકારી હતા?
(આ) ગુપ્તચર ખાતા પાસે કયું કામ હતું?
(ઇ) શિવાજી મહારાજના નૌકાદળમાંના લડાયક જહાજોનાં નામ લખો.

૪. બે થી ત્રણ વાક્યોમાં જવાબ લખો.

(અ) શિવાજી મહારાજની અધિકારીઓને કઈ આજ્ઞા હતી?
(આ) મધ્યયુગમાં કિલ્લાનું શું મહત્ત્વ હતું?
(ઈ) શિવાજી મહારાજે શા માટે નૌકાદળ ઊભું કર્યું?

ઉપક્રમ

સિંધુદુર્ગ, પદ્મદુર્ગ કિલ્લાનાં છાયાચિત્રો મેળવીને તેના વિશે માહિતી લખો.

□□□

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫. રૈયતનો રાજા

મહારાષ્ટ્ર પર આદિલશાહી, પોર્ટુગીઝ, મોગલસત્તાનું વર્ચસ્વ હતું. આ સત્તાઓ વિરુદ્ધ મહારાજે સંઘર્ષ કર્યો. તેઓએ દરેક પ્રકારની પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો કર્યો. તેઓએ સ્વતંત્ર અને સાર્વભૌમ એવું સ્વરાજ્ય સ્થાપ્યું. આ સ્વરાજ્યના કારભારની વ્યવસ્થા કરી. સ્વરાજ્યનું સુરાજ્ય કર્યું. મહારાજે પોતાના કર્તુત્વ દ્વારા નવી સૃષ્ટિનું જ નિર્માણ કર્યું. સ્વરાજ્ય સ્થાપના માટેનો સંઘર્ષ કરતી વખતે મહારાજે પોતે અનેક મોટાં જોખમોનો સામનો કર્યો. અફઝલખાનની મુલાકાતનો પ્રસંગ, પન્હાળાનો ઘેરો, સાઈસ્તખાન ઉપરનો છાપો, આગ્રામાંથી મેળવેલો છૂટકારો આ દરેક (પ્રસંગ) ઘટના જોખમી હતી. શિવાજી મહારાજે આ દરેક ઘટના ઉપર વિજય મેળવ્યો. તેમાંથી તેઓ સુખરૂપ બહાર આવ્યા.

સંગઠન ચાતુર્ય : સ્વરાજ્યના કાર્ય માટે મહારાજે પોતાની આસપાસના લોકોને પ્રેરિત કર્યા. મહારાજ પાસે વિલક્ષણ સંગઠન ચાતુર્ય હતું. તે ચાતુર્યના આધારે તેમણે પોતાની આસપાસ શૂરવીર અને બલિદાન આપનારા લોકો ભેગા કર્યા. સ્વરાજ્યના કાર્યમાં મહારાજના આ સહકારીઓએ પોતાના પ્રાણની પરવા કર્યા વગર પોતાનું કર્તવ્ય પાર પાડ્યું. અફઝલખાનની મુલાકાતના પ્રસંગે અત્યંત જોખમની ક્ષણે બંડા સય્યદને ઠાર કરનાર જીવા મહાલ, વિશાળગઢ તરફ જતા દુશ્મનોનો માર્ગ રોકી રાખનાર બાજીપ્રભુ દેશપાંડે, પુરંદરના કિલ્લા માટે લડનારો મુરારબાજી દેશપાંડે, સિંહગઢ જીતવા માટે રણભૂમિમાં બલિદાન આપનાર તાનાજી માલુસરે, મહારાજનો આગ્રામાંથી છૂટકારો મેળવવાના પ્રસંગે મોટી જોખમી જવાબદારી સ્વીકારનારો હિરોજી ફર્જંદ આવાં અનેક ઉદાહરણો સ્વરાજ્યના વિકાસ અને વિસ્તારના કાર્યમાં જોવા મળે છે.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહારાજ પોતાના સહકારીઓની કાળજી લેતા. ઉદા. સ્વરાજ્ય સ્થાપનાના કાર્યમાં કાન્હોજી જેધે મહારાજ સાથે શરૂઆતથી હતા. ઊતરતી વયે તેઓ માંદા પડયા. તે સમયે મહારાજે કાન્હોજી જેધેને એમ કહ્યું, કે તેમણે ઔષધોપચારમાં કોઈપણ પ્રકારની બેદરકારી રાખવી નહિ.

રૈયતની કાળજી : સ્વરાજ્ય સ્થાપવાના કાર્યમાં મહારાજનો શત્રુઓ સાથે સંઘર્ષ ચાલી રહ્યો હતો. શત્રુઓના આક્રમણને લીધે પ્રજા ત્રસ્ત હતી. આવા સમયે રૈયતની વધારેમાં વધારે કાળજી લેવાનો મહારાજનો પ્રયત્ન હતો. સાઈસ્તખાનની ચડાઈના પ્રસંગે મહારાજે રોહિલખંડના દેશમુખોને રૈયત સંબંધી પોતાનું કર્તવ્ય પાર પાડવા વિશે તાકીદ કરી હતી. તેમણે તે દેશમુખને ગામેગામ ફરીને ઘાટ નીચે જ્યાં સુરક્ષિત જગ્યા હોય ત્યાં લોકોને લઈ જવા કહ્યું. આ કાર્યમાં 'એકપણ ઘડીનો વિલંબ ન કરવો' એવી તેને સખત તાકીદ કરી. મહારાજ દેશમુખને હજી આગળ તાકીદ કરતાં કહે છે કે 'જો રૈયતની આવી કાળજી નહિ લેવાય તો મોગલ સૈન્ય આવશે, લોકોને કેદ કરશે અને તેનું પાપ તમને લાગશે.' પોતાના સૈનિકો તરફથી રૈયતને પરેશાની થાય નહિ, એવી કાળજી તેઓ લેતા હતા.

લશ્કર વિષયક નીતિ : મહારાજના લશ્કરની શિસ્ત કડક હતી. સૈન્યને સમયસર વેતન આપવાની બાબતમાં મહારાજ દૃઢનિશ્ચિયી હતા. તેમણે સૈનિકોને વેતન રોકડ રકમમાં આપવાની વ્યવસ્થા કરી. મધ્યયુગના ભારતમાં ઠેરઠેરના રજવાડામાં અને અન્યત્ર સૈન્યને વેતનરૂપે જાગીર આપવાની પદ્ધતિ હતી. મહારાજે આ પદ્ધતિને તિલાંજલિ આપી. મહારાજની સવારી જ્યારેજ્યારે શત્રુના પ્રદેશમાં જાય, ત્યારે સૈન્યને જે કાંઈ મળે તે બધું સરકારમાં જમા કરાવી દેવાની લશ્કરને તાકીદ હતી. લડાઈમાં મળેલી માલમત્તા કોઈ છુપાવે, તો તેને કડક સજા કરવામાં આવતી. ચડાઈ પ્રસંગે પરાક્રમ બતાવવા બદલ સૈનિકોનું સન્માન કરવામાં

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
આવતું. લડાઈમાં જે સૈનિક મૃત્યુ પામે તેના કુટુંબના જીવનનિર્વાહની જવાબદારી તેઓ લેતા. લડાઈમાં શરણે આવેલા દુશ્મનોના સૈનિકો સાથે અથવા કેદી બનેલા સૈનિકો સાથે તેઓ સારી વર્તણૂક કરતા.

સહિષ્ણુ નિતિ : મહારાજને આદિલશાહ, મોગલ, સિદ્દી આ શત્રુઓ સાથે સંઘર્ષ કરવો પડ્યો. આ સત્તા ઇસ્લામી હતી. તેમની સાથે સંઘર્ષ કરતી વખતે મહારાજે સ્વરાજ્યમાંના મુસલમાનોને પોતાના પ્રજાજન માન્યા. અફઝલખાનની મુલાકાતના સમયે મહારાજના સૈન્યમાં સિદ્દી ઈબ્રાહીમ વિશ્વાસુ સેવક હતો. સિદ્દી હિલાલ મહારાજના સૈન્યમાંનો સરદાર હતો. સ્વરાજ્યના નૌકાદળમાં દોલતખાન મહત્ત્વનો અધિકારી હતો.

મહારાજની ધાર્મિક નીતિ સહિષ્ણુ હતી. મહારાજે આદિલશાહીમાંનો જે પ્રદેશ જીતી લીધો, તે પ્રદેશમાં આવેલા મુસ્લિમ ધર્મસ્થળોને પહેલાં જે સગવડો મળતી હતી, તે તેમણે ચાલુ રાખી. મહારાજની સહિષ્ણુ ધાર્મિક નીતિ માટે તત્કાલિન ઇતિહાસકાર ખાફિખાન લખે છે, 'શિવાજીએ પોતાના સૈનિકો માટે એવા કડક નિયમ કર્યા હતા, કે ઝુંબેશ દરમિયાન તેમણે મસ્જિદને ધક્કો મારવો નહિ. કુરાનની એકાદી પ્રત હાથમાં આવે તો તેની તરફ પૂજ્યભાવ બતાવી તે મુસલમાન વ્યક્તિના હાથમાં સોંપી દેવી.'

સ્વાતંત્ર્યની પ્રેરણા : મહારાજના સ્વરાજ્ય સ્થાપવાના પ્રયત્નનું એક જુદુ મૂલ્ય છે. તે મૂલ્ય સ્વાતંત્ર્યનું છે. બીજી કોઈપણ સત્તાનું વર્ચસ્વ માન્યા વગર પોતાનું સ્વતંત્ર અને સાર્વભૌમ અસ્તિત્ત્વ જાળવવું, આ હેતુ જ તેની પાછળનો છે. પરકીય સત્તાઓના વિરોધમાં સંઘર્ષ કરતી વખતે મહારાજે બીજાઓને પણ સ્વાતંત્ર્યની પ્રેરણા આપી. મોગલોની સેવામાં રહેલો છત્રસાલ જ્યારે મહારાજને મળ્યો, ત્યારે મહારાજે તેને બુંદેલખંડમાં સ્વતંત્ર રાજ્ય નિર્માણ કરવાની પ્રેરણા આપી.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહારાજનાં કાર્યોની મહાનતા : આપણી રાષ્ટ્રીય ચળવળમાં મહારાજ એક મોટા પ્રેરણાસ્રોત હતા. મહાત્મા જ્યોતિરાવ ફુલેએ સમતાના સંઘર્ષમાં પોવાડા દ્વારા મહારાજની મહત્તા ગાઈ છે. લોકમાન્ય ટિળકે રાષ્ટ્રીય જાગૃતિ માટે શિવાજી જયંતિનો ઉત્સવ શરૂ કર્યો. શિવચરિત્રની મહત્તા વર્ણવતું પુસ્તક લાલા લજપતરાયે લખ્યું છે. તામિલ કાવ્યોના પિતામહ સુબ્રહ્મણ્યમ્ ભારતીએ શિવાજી મહારાજ પોતાના સહકારીઓને ઉદ્દેશીને બોલે છે, એવા પ્રસંગની કલ્પના કરીને કાવ્યરચના કરી છે. વિશ્વકવિ રવિંદ્રનાથ ટાગોરે મહારાજ ઉપર એક દીર્ઘ કવિતા લખી છે. મહારાજના રાજ્યસાધનાના પ્રયત્નો તરફ તેઓ 'મહાન ધ્યેય સાધનાનો પ્રયત્ન' તરીકે જુએ છે. પંડિત જવાહરલાલ નહેરુએ મહારાજ વિશે કહ્યું છે, કે 'મહારાજ ફક્ત મહારાષ્ટ્રના જ નહોતા, તે સમગ્ર રાષ્ટ્રના હતા... તેમને આપણા દેશ ઉપર ખૂબ પ્રેમ હતો અને માનવસદ્‌ગુણોના તેઓ સાક્ષાત પ્રતીક હતા.' ભારતમાંની બધી ભાષાઓમાં મહારાજની પ્રેરણા અને તેમના આદર્શ વર્ણવતું સાહિત્ય નિર્માણ થયેલું છે.

શિવાજી મહારાજની આ સ્વરાજ્યકાર્યોની અને તેનું સુરાજ્યમાં રૂપાંતર કરવાની પ્રેરણા ભવિષ્યની પેઢી માટે આદર્શ બની રહેશે. શિવાજી મહારાજ એક મહાન રાષ્ટ્રપુરુષ હતા.

સ્વાધ્યાય

૧. ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો.

(અ) શિવાજી મહારાજે ..... ને બુંદેલખંડમાં સ્વતંત્ર રાજ્ય સ્થાપવાની પ્રેરણા આપી.

(આ) સ્વરાજ્યના નૌકાદળમાં ..... મહત્ત્વનો અધિકારી હતો.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ઇ) શિવચરિત્રની મહિમા વર્ણવતું પુસ્તક ..... એ લખ્યું.

૨. એક વાક્યમાં જવાબ લખો.

(અ) મહારાષ્ટ્ર પર કઈ કઈ સત્તાનું વર્ચસ્વ હતું?
(આ) રોહિલખંડના દેશમુખને શિવાજી મહારાજે કઈ તાકીદ કરી?
(ઇ) શિવાજી મહારાજની કઈ પ્રેરણા ભવિષ્યની પેઢી માટે આદર્શ બની રહેશે?

૩. બે થી ત્રણ વાક્યોમાં જવાબ લખો.

(અ) મહારાજની સહિષ્ણુ ધાર્મિક નીતિ વિશે ખાફિખાને શું લખ્યું છે?
(આ) શિવાજી મહારાજ વિશે પંડિત જવાહરલાલ નહેરુએ શું કહ્યું છે?

ઉપક્રમ

વિશ્વકવિ રવિંદ્રનાથ ટાગોરે શિવાજી મહારાજનું ગૌરવ ગાયેલી કવિતા મેળવીને તે વર્ગમાં લગાડો.



વિજયદુર્ગ કિલ્લાનું ચિત્ર

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬. મરાઠાઓનો સ્વાતંત્ર્યસંગ્રામ

છત્રપતિ શિવાજી મહારાજના મૃત્યુ પછી મોગલ બાદશાહ ઔરંગઝેબ દક્ષિણમાં આવ્યો. મરાઠાઓએ છત્રપતિ સંભાજી મહારાજ, છત્રપતિ રાજારામ મહારાજ અને મહારાણી તારાબાઈના નેતૃત્ત્વ હેઠળ સ્વરાજ્યના રક્ષણ માટે મોગલોનો પ્રખર સામનો કર્યો. આ સંગ્રામને મરાઠાઓનો સ્વાતંત્ર્યસંગ્રામ કહેવાય છે. આ સંગ્રામમાં અનેક તકલીફોનો સામનો કરીને મરાઠાઓ વિજયી થયા. સ્વાતંત્ર્ય સંગ્રામ એ મરાઠાઓના ઇતિહાસમાં એક રોમાંચક અને તેજસ્વી પર્વ મનાય છે. તેનો અભ્યાસ આપણે આ પાઠમાં કરવાના છીએ.

છત્રપતિ સંભાજી મહારાજ : શિવાજી મહારાજ પછી સંભાજી મહારાજ છત્રપતિ બન્યા. તે સમયે મરાઠાઓનો મોગલો સાથે સંઘર્ષ ચાલુ હતો. ઔરંગઝેબના પુત્ર શાહજાદા અકબરે પિતા વિરુદ્ધ બંડ કર્યું. આ બંડ બાદશાહે શમાવી દીધું. અકબર દક્ષિણમાં સંભાજી મહારાજના આશ્રયે આવ્યો. અકબરનો પરાજય કરવા માટે બાદશાહ પોતે ઈ. સ. ૧૬૮૨ માં દક્ષિણમાં આવ્યા. તેની પાસે વિશાળ સૈન્ય અને પ્રભાવી તોપખાનું હતું. બાદશાહે જંજિરાના સિદ્દીને મરાઠાઓ વિરુદ્ધ ઝુંબેશ કરવા કહ્યું.

છત્રપતિ સંભાજી મહારાજ

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
તેણે પોર્ટુગીઝોને પણ પોતાની તરફ વાળી લીધા. આને લીધે સંભાજી મહારાજ પર એક જ સમયે અનેક શત્રુઓનો સામનો કરવાનો પ્રસંગ આવ્યો.

સિદ્દી અને પોર્ટુગીઝ વિરુદ્ધ ઝુંબેશ : જંજિરાના સિદ્દી મરાઠી પ્રદેશોમાં ઉપદ્રવ મચાવતા હતા. સંભાજી મહારાજે તેના વિરુદ્ધ ઝુંબેશ ઉપાડી. મરાઠાઓએ સિદ્દીના તાબામાં રહેલા દંડરાજપુરી કિલ્લાને ઘેરો ઘાલ્યો અને જંજિરા ઉપર પણ તોપમારો કર્યો. તે જ સમયે મોગલોનું સૈન્ય સ્વરાજ્ય ઉપર ચડી આવ્યું. તેને લીધે જંજિરાની ઝુંબેશ અધવચ્ચેથી છોડીને સંભાજી મહારાજને પાછું ફરવું પડ્યું.

ગોવાના પોર્ટુગીઝોએ સંભાજી મહારાજ વિરુદ્ધ બાદશાહ સાથે હાથ મેળવ્યા હતા. તેથી સંભાજીએ પોર્ટુગીઝોને પાઠ ભણાવવાનું નક્કી કર્યું. તેમણે પોર્ટુગીઝોના ચૌલ બંદર પર હુમલો કર્યો. તેના પ્રતિસાદમાં પોર્ટુગીઝોએ ગોવાની સીમા પર આવેલા મરાઠાઓના ફોંડા કિલ્લાને ઘેરી લીધો. મરાઠાઓએ આ ઘેરો તોડી નાંખ્યો. ગોવા ઉપર ચડાઈ કરી. પોર્ટુગીઝો મોટા સંકટમાં સપડાઈ ગયા. તે જ વખતે મોગલોએ દક્ષિણ કોંકણ ઉપર આક્રમણ કરવાના સમાચાર સંભાજી મહારાજને મળ્યા. તેને લીધે હાથમાં આવેલા ગોવાના વિજયને છોડી તેમને મોગલોનો પ્રતિકાર કરવા માટે પાછું ફરવું પડ્યું.

આદિલશાહી અને કુતુબશાહીનો અંત : ઔરંગઝેબને મરાઠા વિરુદ્ધની ઝુંબેશમાં સફળતા મળતી નહોતી. તેણે મરાઠા વિરુદ્ધની ઝુંબેશ સ્થગિત કરી. પોતાનો મોરચો આદિલશાહી અને કુતુબશાહી રાજ્ય તરફ વાળ્યો. બાદશાહે આ રાજ્યો જીતી લીધાં.

બીજાપુર અને ગોવળકોંડા આ બંને રાજ્યોની સંપત્તિ અને લશ્કર મોગલોના હાથમાં આવવાથી બાદશાહની સ્થિતિ મજબૂત બની. ત્યાર

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી મરાઠાઓનો પરાજ્ય કરવા માટે બાદશાહે પોતાની બધી શક્તિ કેંદ્રિત કરી. મરાઠી પ્રદેશ પર ચારેબાજુથી હુમલો કર્યો. મોગલ સેનાનો પ્રતિકાર કરતી વખતે મરાઠાઓના સેનાપતિ હંબીરરાવ મોહિતેનું મૃત્યુ થયું. તેને લીધે સંભાજી મહારાજની લશ્કરી બાજુ નબળી પડી.

સંભાજી મહારાજનું મૃત્યુ : ઔરંગઝેબે મુકર્રબખાનની નિમણૂંક કોલ્હાપુર પ્રાંતમાં કરી હતી. સંભાજી મહારાજ કોંકણમાં સંગમેશ્વરમાં હોવાની માહિતી મુકર્રબખાનને મળી. ત્યારે તેણે છાપો મારીને સંભાજી મહારાજને પકડ્યા. બાદશાહના હુકમથી ૧૧ માર્ચ, ૧૬૮૯ ના રોજ અત્યંત અમાનુષપણે છત્રપતિ સંભાજી મહારાજની હત્યા કરવામાં આવી. સ્વાભિમાન ન છોડતાં અત્યંત ધૈર્ય અને વીરતાથી મરાઠાઓનો આ છત્રપતિ મૃત્યુને ભેટ્યો. સંભાજી મહારાજ શૂરવીર અને પરાક્રમી હતા. તેણે સંસ્કૃતમાં 'બુધભૂષણ' નામનો રાજનીતિ ઉપર ગ્રંથ રચ્યો. અત્યંત પ્રતિકૂળ પરિસ્થિતિમાં તે નવ વર્ષ શક્તિશાળી મોગલ સત્તા સામે ઝઝૂમ્યા.

છત્રપતિ રાજારામ મહારાજ : સંભાજી મહારાજના મૃત્યુ પછી મરાઠી રાજ્ય જીતી લેવાનું પોતાનું સ્વપ્ન સાકાર થશે, એવું ઔરંગઝેબને લાગ્યું. પોતાના છત્રપતિની બાદશાહે જે અમાનુષી રીતે હત્યા કરી, તેને લીધે મરાઠાઓનો રોષ અધિક પ્રજ્જવળી ઊઠ્યો. તેમણે સંભાજી મહારાજના નાનાભાઈ રાજારામ મહારાજને છત્રપતિપદે બેસાડ્યા. સ્વરાજ્યના રક્ષણ માટે મોગલો સાથે હિંસક લડાઈ લડવા માટે તે સજ્જ થયા.

છત્રપતી
રાજારામમહારાજ

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાદશાહે રાયગઢને ઘેરો ઘાલવા માટે ઝુલફીકારખાનને મોકલ્યો. તે સમયે રાજારામ મહારાજ અને મહારાણી તારાબાઈ, સંભાજી મહારાજની પત્ની યેસુબાઈ અને પુત્ર શાહુ રાયગઢમાં જ હતાં. આ બધાનું એક જ ઠેકાણે રહેવું જોખમકારક હતું, ત્યારે રાજારામ મહારાજે રાયગઢના ઘેરામાંથી બહાર નીકળવું અને જરૂર લાગે તો દૂરના જિંજી કિલ્લામાં જવું અને મહારાણી યેસુબાઈના નેતૃત્ત્વ હેઠળ રાયગઢમાં લડવું એવી નીતિ ઘડવામાં આવી.

રાજારામ મહારાજનું જિંજી તરફ પ્રયાણ : ૫ એપ્રિલ, ૧૬૮૯ ના રોજ રાજારામ મહારાજ પોતાના કેટલાક સાથીઓ સાથે રાયગઢના ઘેરામાંથી છટકી ગયા. તેમણે દક્ષિણમાં જિંજી જવાનો નિર્ણય કર્યો. જિંજી એ આજના તામિલનાડુ રાજ્યમાં આવેલું એક સ્થળ છે. જિંજીનો કિલ્લો અભેદ્ય હતો. આ કિલ્લો જીતવો મોગલો માટે સહેલો નહોતો. પ્રહલાદ નિરાજી, ખંડો બલ્લાળ, રૂપાજી ભોંસલે વગેરે વિશ્વાસુ લોકોને સાથે લઈને રાજારામ મહારાજ જિંજીમાં પહોંચ્યા. તેને લીધે જિંજી સુધીના વિસ્તૃત પ્રદેશમાં સ્વાતંત્ર્યયુદ્ધ ફેલાયું.

મરાઠાઓની હિલચાલ : મોગલોના સામર્થ્ય સામે રાયગઢમાં લાંબો સમય લડવું મુશ્કેલ હતું. મોગલોએ નવેમ્બર, ૧૬૮૯ માં રાયગઢ તાબામાં લીધો, અને મહારાણી યેસુબાઈ અને શાહુને કેદ કર્યાં. જિંજી જતી વખતે રાજારામ મહારાજે મોગલો વિરુદ્ધના સંઘર્ષની જવાબદારી રામચંદ્રપંત અમાત્ય, શંકરાજી નારાયણ સચિવ, સંતાજી ઘોરપડે અને ધનાજી જાધવને સોંપી હતી.

મરાઠાઓની દૃષ્ટિએ કટોકટી પરિસ્થિતિ હતી. ઔરંગઝેબે અનેક મરાઠી સરદારોને વતન અને જાગીરો આપીને પોતાના પક્ષમાં ખેંચી લીધા હતા બાદશાહને ધાક બતાવવા માટે રાજારામ મહારાજે પણ તે

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ યુક્તિ વાપરી. મરાઠા સરદારોએ મોગલ પ્રદેશ જીત્યા બાદ તે જ પ્રદેશની જાગીર તે જ સરદારને આપવામાં આવશે તેવું વચન આપવામાં આવ્યું. છત્રપતિના આ વચનને કારણે અનેક પરાક્રમી સરદારો આગળ આવ્યા. તેમણે મોગલપ્રદેશ પર અચાનક આક્રમણ કરવાની શરૂઆત કરી. મોગલસેનાનો પરાભવ કર્યો. આ પરાક્રમમાં સંતાજી અને ધનાજી સૌથી મોખરે હતા. તેમણે અનપેક્ષિત અર્થાત અચાનક હુમલા અને ગેરીલાપદ્ધતિની યુક્તિથી યુદ્ધ કરી મોગલો માટે પોતાની પ્રચંડ સાધન-સામગ્રીનો અને અનન્ય તોપખાનાનો ઉપયોગ કરવો પણ મુશ્કેલ બનાવ્યો. મરાઠાઓએ મોગલોને હેરાન પરેશાન કરી મૂક્યા. એકવખત તો સંતાજી ઘોરપડે અને વિઠોજી ચવ્હાણ બાદશાહની છાવણી પર અચાનક હુમલો કરીને તેમના તંબૂ પરનો સોનાનો કળશ કાપીને લઈ ગયા.

જિંજીનો ઘેરો : રાયગઢને તાબામાં લીધા પછી બાદશાહે ઝુલ્ફીકારખાનને દક્ષિણમાં જિંજી પર ચડાઈ કરવા મોકલ્યો. તેણે જિંજીને ઘેરો ઘાલ્યો. મરાઠાઓ જિંજીના કિલ્લા માટે લગભગ આઠ વર્ષ સુધી ઝનૂનપૂર્વક લડ્યા. સંતાજી અને ધનાજીએ ઘેરો ઘાલીને બેઠેલા મોગલ સૈનિકો પર બહારથી પ્રખર હુમલો કર્યો. રાજારામ મહારાજ ઘેરામાંથી છટકી ગયા. તે પછી ઝુલ્ફીકારખાને જિંજીનો કિલ્લો જીતી લીધો.

રાજારામ મહારાજ મહારાષ્ટ્રમાં પાછા આવ્યા તેથી મરાઠાઓના બળમાં અધિક વૃદ્ધિ થઈ. તેણે મોગલોના તાબામાં રહેલા ખાનદેશ, વરાડ, બાગલાણ વગેરે પ્રદેશો પર હુમલા કર્યા. અલ્પ સમયની માંદગીમાં રાજારામ મહારાજનું માર્ચ ૧૭૦૦ માં સિંહગઢ પર મૃત્યુ થયું.

મહારાણી તારાબાઈ : રાજારામ મહારાજના મૃત્યુ પછી મરાઠા વિરુદ્ધનો સંઘર્ષ અટકી જશે તેવું ઔરંગઝેબને લાગ્યું ; પરંતુ રાજારામ

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહારાણી તારાબાઈ

મહારાજની કર્તવ્યનિષ્ઠ પત્ની મહારાણી તારાબાઈએ પોતાના સરદારોની મદદથી સ્વાતંત્ર્ય સંગ્રામ વેગથી આગળ ચલાવ્યો. સામર્થ્યશાળી મોગલ સત્તા વિરુદ્ધ તારાબાઈએ કરેલી લડાઈઓ સ્ફૂર્તિદાયક છે. સમકાલીન ઈતિહાસકાર ખાફિખાને મહારાણી તારાબાઈનું વર્ણન 'બુદ્ધિમાન અને શાણી' સ્ત્રી તરીકે કર્યું છે. સમકાલીન મરાઠી કવિ દેવદત્તે મહારાણી તારાબાઈનાં પરાક્રમને આ રીતે વર્ણવ્યું છે. 'દિલ્હી થઈ દિનવાણી, દિલ્હી શાહનુ ગયું પાણી, તારાબાઈ રામરાણી, ભદ્રકાળી થઈ કોપિત.' આ રીતે શિવાજી મહારાજનાં પરાક્રમનો વારસો તારાબાઈએ આગળ ચલાવ્યો.

ખંડેરાવ દાભાડેએ મોગલોને પરાજિત કરીને ગુજરાતમાં અમદાવાદ સુધી ધાક બેસાડી દીધી. નેમાજી શિંદેએ નર્મદા ઓળંગીને માળવામાં ઘૂસી જઈને મોગલોને નમાવ્યા. મરાઠાઓની આ આક્રમક ચડાઈઓને કારણે ઔરંગઝેબ બાદશાહ નિરાશ થયો. સતત પચીસ વર્ષ સુધી મોગલો અને મરાઠાઓ વચ્ચે સંઘર્ષ ચાલુ હતો. મરાઠાઓનો પરાજય કરવાનું મોગલોને જામ્યું નહિ. આવી પરિસ્થિતિમાં ઔરંગઝેબ બાદશાહનું ૧૭૦૭ માં અહમદનગરમાં મૃત્યુ થયું. તેના મૃત્યુ સાથે જ મરાઠાઓનો સ્વાતંત્ર્ય સંગ્રામ સમાપ્ત થયો.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મરાઠાઓનો આ સ્વાંતત્ર્યસંગ્રામ એટલે ભારતના ઇતિહાસમાં એક મહત્ત્વનું પર્વ. મોગલ સત્તાધીશોની સામ્રાજ્યની લાલસા અને મરાઠી જનતાની સ્વાતંત્ર્યની આકાંક્ષા વચ્ચેની આ લડાઈ હતી. તેમાં મરાઠાઓનો વિજય થયો.

સ્વાધ્યાય

૧. ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો.

(અ) ઔરંગઝેબે ..... ની નિમણૂંક કોલ્હાપુર પ્રાંતમાં કરી હતી.
(આ) જંજિરાના ..... મરાઠી મુલકો પર ઉપદ્રવ મચાવતા હતા.
(ઇ) સંભાજી મહારાજે ..... નામનો રાજનિતિ પર ગ્રંથ રચ્યો.

૨. એક વાક્યમાં જવાબ લખો

(અ) સંભાજી મહારાજને જંજિરાની ઝુંબેશ અધવચ્ચે છોડીને પાછું શાથી ફરવું પડ્યું?
(આ) સંભાજી મહારાજે પોર્ટુગીઝોને પાઠ ભણાવવાનું શા માટે નક્કી કર્યું?
(ઇ) રાજારામ મહારાજે જિંજી જતી વખતે સ્વરાજ્યના રક્ષણની જવાબદારી કોને સોંપી?
(ઈ) મહારાણી તારાબાઈનાં પરાક્રમને કવિ દેવદત્તે ક્યા શબ્દોમાં વર્ણવ્યું છે ?

૩. ત્રણથી ચાર વાક્યોમાં જવાબ લખો.

(અ) ઔરંગઝેબે પોતાનો મોરચો આદિલશાહી અને કુતુબશાહી રાજ્યો તરફ શા માટે વાળ્યો?
(આ) સંભાજી મહારાજ પછી મોગલો સામે બહાદુરીભરી લડાઈ આપવા મરાઠાઓ શા માટે તૈયાર થયા?
(ઇ) મહારાણી યેસુબાઈના નેતૃત્ત્વ હેઠળ રાયગઢ ઉપર લડવાની નીતિ શા માટે ઘડવામાં આવી?

ઉપક્રમ

ભારતના નક્શામાં ગોવા, બિજાપુર, ગોવળકોંડા, જિંજી, અમદાવાદ, અહમદનગર જેવાં સ્થળો બતાવો.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭. મરાઠી સત્તાનો વિસ્તાર

મરાઠાઓના સ્વાતંત્ર્યયુદ્ધની શરૂઆતમાં મોગલસત્તા આક્રમક હતી, તો મરાઠાઓની નીતિ બચાવની હતી. સ્વાતંત્ર્યયુદ્ધના અંતે પરિસ્થિતિ બદલાઈ ગઈ. મરાઠાઓએ ચડાઈની અને મોગલોએ બચાવની નીતિ સ્વીકારી. અઢારમાં સૈકાના ઉત્તરાર્ધમાં મરાઠાઓએ મોગલ સત્તાને નમાવી લગભગ ભારતભરમાં પોતાની સત્તાનો વિસ્તાર કર્યો. તેનો અભ્યાસ આપણે આ પાઠમાં કરવાના છીએ.

શાહુ મહારાજનો છૂટકારો : ઔરંગઝેબ બાદશાહના મૃત્યુ પછી તેમના પુત્રો વચ્ચે દિલ્હીની ગાદી માટે સંઘર્ષ શરૂ થયો. શાહજાદા આઝમશાહ દક્ષિણમાં હતો. બાદશાહી સિંહાસન હસ્તગત કરવા માટે તે તાબડતોબ દિલ્હી આવ્યો. રાજપુત્ર શાહુ તેના કબજામાં હતો. શાહુ મહારાજને કેદમાંથી છોડવાથી મહારાણી તારાબાઈ અને શાહુ મહારાજ વચ્ચે છત્રપતિની ગાદી માટે ઝઘડો થશે, મરાઠાઓનું સામર્થ્ય નબળું પડશે તેવું આઝમશાહને લાગ્યું, માટે તેણે શાહુ મહારાજને છોડી મૂક્યા.

છત્રપતિ શાહુમહારાજ

શાહુ મહારાજનો રાજ્યાભિષેક : કેદમાંથી મુક્ત થયા પછી શાહુ મહારાજે મહારાષ્ટ્ર તરફ કૂચ કરી. તેમને કેટલાક મરાઠી સરદારો આવીને

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળ્યા પરંતુ મહારાણી તારાબાઈએ શાહુ મહારાજનો છત્રપતિ પદ માટેનો હક્ક માન્ય કર્યો નહિ. પુણે જિલ્લામાં ભીમા નદીના કિનારે ખેડમાં શાહુ મહારાજ અને મહારાણી તારાબાઈની સેના વચ્ચે યુદ્ધ થયું. આ લડાઈમાં શાહુ મહારાજનો વિજય થયો. તેમણે સતારા જીતી લીધું. પોતે જ રાજ્યાભિષેક કરાવી લીધો. સતારા એ મરાઠી રાજ્યની રાજધાની બની.

શાહુ મહારાજ માટેનો મહારાણી તારાબાઈનો વિરોધ ચાલુ જ રહ્યો. ઈ. સ. ૧૭૧૦ માં મહારાણી તારાબાઈએ પન્હાળાગઢ ઉપર પોતાના અલ્પ ઉંમરના પુત્ર બીજા શિવાજીના નામની છત્રપતિ પદે ઘોષણા કરી. ત્યારથી મરાઠાશાહીમાં સતારાના રાજ્ય ઉપરાંત કોલ્હાપુરનું સ્વતંત્ર રાજ્ય અસ્તિત્વમાં આવ્યું.

બાળાજી વિશ્વનાથ : મોગલોની કેદમાંથી મુક્તિ મેળવ્યા બાદ શાહુમહારાજનો પક્ષ લેનારાઓમાં બાળાજી વિશ્વનાથ ભટ્ટ મુખ્ય હતાં. બાળાજી મૂળ કોંકણમાં આવેલા શ્રીવર્ધનનો વતની હતો. તે કર્તવ્યનિષ્ઠ અને અનુભવી હતો. શાહુ મહારાજ જ મરાઠી રાજ્યના ખરા વારસ છે, એમ મનાવીને અનેક મરાઠી સરદારોને તેણે શાહુ મહારાજ તરફ વાળ્યા.

કાન્હોજી આંગ્રે મરાઠી નૌકાદળનો પ્રમુખ હતો. તેણે મહારાણી તારાબાઈનો પક્ષ લીધો. તેણે શાહુ મહારાજના પ્રદેશો પર હુમલા કર્યા. શાહુ મહારાજ સામે મુશ્કેલ પરિસ્થિતિ નિર્માણ થઈ. આ પરિસ્થિતિમાં તેણે બાળાજીને પેશવા બનાવ્યો. તેને કાન્હોજી વિરુદ્ધ મોકલ્યો. બાળાજીએ મુત્સદ્દીગીરીથી યુદ્ધ ટાળ્યું અને કાન્હોજીને શાહુમહારાજ તરફ વાળ્યો.

ચોથાઈ-સરદેશમુખીની સનદો : શાહુ મહારાજનું સ્થાન મહારાષ્ટ્રમાં મજબૂત બનાવ્યા પછી બાળાજીએ પોતાનું ધ્યાન ઉત્તરના રાજકારણ તરફ વાળ્યું. ઔરંગઝેબ બાદશાહના મૃત્યુ પછી દિલ્હીના દરબારમાં વેરઝેર અને ધાંધલ-ધમાલ વ્યાપી ગયાં હતાં. ત્યાં સૈયદ બંધુ

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અબ્દુલ્લા (હસન) અને હુસેનઅલીનું વર્ચસ્વ નિર્માણ થયું હતું. તેની મદદથી બાળાજીએ ઈ. સ. ૧૭૧૯માં મોગલ બાદશાહ પાસેથી દક્ષિણના મોગલ પ્રદેશમાંથી ચોથાઈ અને સરદેશમુખી વસૂલ કરવાની સનદો મેળવી. આ સનદોને લીધે મરાઠાઓને દક્ષિણના મોગલ પ્રદેશમાંથી મહેસૂલની આવકનો એક ચતુર્થાંશ ભાગ (ચોથાઈ) અને એક દશાંશ ભાગ (સરદેશમુખી) ઉઘરાવવાનો હક્ક મળ્યો.

પહેલો બાજીરાવ : શાહુ મહારાજે બાળાજી વિશ્વનાથના મૃત્યુ પછી તેના પુત્ર પહેલા બાજીરાવની પેશવાપદે નિમણૂંક કરી. બાજીરાવે પોતાની કારકિર્દીમાં નિઝામને સંપૂર્ણ પરાસ્ત કર્યો. દિલ્હી ઉપર ચડાઈ કરીને મોગલ સત્તાને આંચકો આપ્યો. પોર્ટુગીઝોનો પરાજય કરીને તેમની પાસેથી વસઈનો કિલ્લો જીતી લીધો.

પહેલો બાજીરાવ

પાલખેડમાં નિઝામનો પરાજય : નિઝામ-ઉલ્લ-મુલ્ક ઈ. સ. ૧૭૧૩ માં દક્ષિણના મોગલ સુબેદાર તરીકે આવ્યો. બાદશાહે મરાઠાઓને દક્ષિણના મોગલ સૂબાઓમાંથી ચોથાઈ-સરદેશમુખી વસૂલ કરવાનો અધિકાર આપ્યો હતો. નિઝામને એનો વિરોધ હતો. તેણે કોલ્હાપુરના છત્રપતિ સંભાજી મહારાજને પોતાના પક્ષમાં લઈ પુણે પરગણાનો કેટલોક ભાગ જીતી લીધો. બાજીરાવે નિઝામને હરાવવાનું નક્કી કર્યું. તેણે નિઝામને ઔરંગાબાદ પાસે

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
પાલખેડમાં પરાભવ કર્યો. નિઝામે મરાઠાઓનો ચોથાઈ-સરદેશમુખી વસૂલ કરવાનો હક્ક માન્ય કર્યો. તેણે કોલ્હાપુરના સંભાજી મહારાજને સમર્થન ન આપવાનું માન્ય કર્યું.

કોલ્હાપુરના સંભાજી મહારાજે શાહુ મહારાજનો વિરોધ કરવાની નીતિ ચાલુ જ રાખી. તેથી શાહુમહારાજે સંભાજી મહારાજ વિરુદ્ધ ઝુંબેશ ઉપાડીને તેનો પરાજય કર્યો. ઈ. સ. ૧૭૩૧ માં તેમની વચ્ચે વારણા નદીને કિનારે સંધિ થઈ. સતારા અને કોલ્હાપુર આ રાજ્યોની સીમા વારણા નદીથી નક્કી કરવામાં આવી.

મોગલસત્તા દુર્બળ થવાના કારણે ઉત્તરમાં સત્તાનો વિસ્તાર કરવાની વધુ તક છે, એ બાજીરાવને સમજાઈ ગયું હતું. શાહુ મહારાજે તેની નીતિને ટેકો આપ્યો.

માળવા અને બુંદેલખંડ : બાજીરાવે પોતાના ભાઈ ચિમાજી અપ્પાના નેતૃત્ત્વ હેઠળ મલ્હારરાવ હોળકર, રાણોજી શિંદે અને ઉદાજી પવારને માળવા મોકલ્યા. ત્યાં તેમણે પોતાના થાણાં મજબૂત કર્યાં.

બુંદેલખંડમાં છત્રસાલ રાજાએ પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું હતું. અલ્હાબાદના મોગલ સૂબેદાર મહંમદખાન બંગશે બુંદેલખંડ પર હુમલો કર્યો. તેણે છત્રસાલને હરાવ્યો. છત્રસાલને બધી બાજુથી ઘેરી લીધો. છત્રસાલે બાજીરાવને મદદ માટે વિનંતી કરી. બાજીરાવ મોટી ફોજ લઈને બુંદેલખંડ ગયો. તેણે બંગેશને પરાજિત કર્યો. છત્રસાલે બાજીરાવનું ભવ્ય સન્માન કર્યું. આવી રીતે માળવા અને બુંદેલખંડમાં મરાઠાઓએ પોતાનું વર્ચસ્વ સ્થાપ્યું.

બાજીરાવે બાદશાહ પાસે માળવાની સૂબેદારીની અને ખંડણીની માંગણી કરી. બાદશાહે તે માગણી અમાન્ય કરી, તેથી બાજીરાવે માર્ચ, ૧૭૩૭ માં દિલ્હી ઉપર ચડાઈ કરી મોગલોને આશ્ચર્યચકિત કર્યા.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભોપાળની લડાઈ : બાજીરાવની દિલ્હી પરની ચડાઈને લીધે બાદશાહ અસ્વસ્થ બન્યો. નિઝામે મોગલસત્તાના રક્ષણ માટે જવાનું નક્કી કર્યું. નિઝામ દિલ્હી ગયો. બાદશાહે નિઝામને દરેક પ્રકારની મદદ આપી. તે પછી નિઝામ ભોપાળ આવ્યો. બાજીરાવે નિઝામના સૈન્યની ભોપાળના કિલ્લામાં નાકાબંધી (નજરકેદ) કરી. નિઝામ શરણે આવ્યો. તેણે મરાઠાઓને માળવાની સૂબેદારીની સનદ બાદશાહ પાસેથી મેળવી આપવાનું માન્ય કર્યું.

પોર્ટુગીઝોનો પરાજય : કોંકણ કિનારાપટ્ટી પરના વસઈ, થાણાનો પ્રદેશ પોર્ટુગીઝોના તાબામાં હતો. પોર્ટુગીઝ સત્તાધીશો પ્રજા ઉપર જુલમ ગુજારતા. બાજીરાવે પોતાના ભાઈ ચિમાજી અપ્પાને પોર્ટુગીઝોને હરાવવા માટે મોકલ્યો. ચિમાજીએ થાણા અને આસપાસનો પ્રદેશ જીતી લીધો. તે પછી ઈ. સ. ૧૭૩૯માં તેણે વસઈના કિલ્લાને ઘેરો ઘાલ્યો. કિલ્લો અતિશય મજબૂત હતો. પોર્ટુગીઝો પાસે પ્રભાવી તોપો હતી, તો પણ ચિમાજીએ ખૂબ ધૈર્યથી ઘેરો ઘાલીને પોર્ટુગીઝોને શરણ આવવાની ફરજ પાડી. વસઈનો કિલ્લો અને પોર્ટુગીઝોનો ઘણોખરો પ્રદેશ મરાઠાઓના તાબામાં આવ્યો.

બાજીરાવનું મૃત્યુ : ઇરાનના બાદશાહ નાદિરશાહે ભારત ઉપર ચડાઈ કરી. શાહુ મહારાજની આજ્ઞાથી મોગલ બાદશાહીના રક્ષણ માટે બાજીરાવ મોટી ફોજ લઈને ઉત્તરમાં જવા નીકળ્યો. તે બરહાનપુર પહોંચ્યો ત્યાં સુધીમાં નાદિરશાહ દિલ્હીમાંથી મબલખ સંપત્તિ લૂંટીને સ્વદેશ પહોંચી ગયો હતો. એપ્રિલ, ૧૭૪૦ માં નર્મદાકિનારે આવેલા રાવેર ગામમાં બાજીરાવનું મૃત્યુ થયું.

બાજીરાવ એક ઉત્તમ સેનાની હતો. પોતાના પરાક્રમથી બાજીરાવે ઉત્તરભારતમાં મરાઠાઓનું વર્ચસ્વ પ્રસ્થાપિત કર્યું. તેણે મરાઠી સત્તાને અખિલ ભારતીય સ્તરે એક પ્રબળ સત્તા તરીકે સ્થાન મેળવી આપ્યું.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧. ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો.

(અ) મરાઠી નૌકાદળના પ્રમુખ ..... હતા.

(આ) બુંદેલખંડમાં ..... રાજાએ પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું હતું.

(ઇ) પોતાના પરાક્રમથી ..... એ ઉત્તર ભારતમાં મરાઠાનું વર્ચસ્વ પ્રસ્થાપિત કર્યું.

૨. એક વાક્યમાં જવાબ લખો.

(અ) મોગલ બાદશાહ પાસેથી બાળાજીએ કઈ કઈ સનદો મેળવી?

(આ) છત્રસાલે બાજીરાવને મદદની વિનંતી શા માટે કરી?

(ઇ) મરાઠાઓના ક્યા અધિકાર માટે નિઝામનો વિરોધ હતો?

૩. બે થી ત્રણ વાક્યોમાં જવાબ લખો.

(અ) બાળાજી વિશ્વનાથે કાન્હોજીને શાહુ મહારાજ તરફ કેવી રીતે વાળ્યો?

(આ) બાજીરાવે માર્ચ, ૧૭૩૭ માં દિલ્હી ઉપર શા માટે ચડાઈ કરી?

૪. કારણો લખો.

(અ) આઝમશાહે શાહુ મહારાજનો છૂટકારો કર્યો.

(આ) બાજીરાવે ચિમાજી અપ્પાને પોર્ટુગીઝોનો પરાજય કરવા માટે મોકલ્યો.

□□□

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮. પાણીપતનું ત્રીજું યુદ્ધ

બાજીરાવ પછી બાળાજી બાજીરાવ ઉર્ફે નાનાસાહેબ પેશવા બન્યા. નાદિરશાહના આક્રમણ પછી દિલ્હીમાં અસ્થિરતા નિર્માણ થઈ હતી. આવી પરિસ્થિતિમાં ઉત્તરમાં મરાઠાઓની સત્તા સ્થિર કરવા માટે નાનાસાહેબ પેશવાએ પ્રયત્ન કર્યા. અહમદશાહ અબ્દલીએ પાણીપતમાં મરાઠાઓ સામે પડકાર ઊભો કર્યો. આ બધી ઘટનાઓની માહિતી આપણે આ પાઠમાં મેળવવાના છીએ.

ઉત્તરમાંની પરિસ્થિતિ : અફઘાનિસ્તાનમાંથી આવેલા પઠાણો હિમાલયની તળેટીમાં અયોધ્યા નજીક સ્થાયી થયા હતા. આ પઠાણોને રોહિલા કહેવાતા. રોહિલખંડના નામથી આ પ્રદેશ ઓળખાતો. ગંગા-યમુના નદીના (દોઆબ) ખીણ પ્રદેશમાં રોહિલાઓએ ધિંગાણું મચાવ્યું હતું. તેનો બંદોબસ્ત કરવા માટે અયોધ્યાના નવાબે મરાઠાઓને નિમંત્રિત કર્યા. મરાઠાઓએ રોહિલાનો બંદોબસ્ત કર્યો.

અફઘાનો સાથે સંઘર્ષ : અફઘાનિસ્તાનના બાદશાહ અહમદશાહ અબ્દલીને ભારતની સંપત્તિનું આકર્ષણ હતું. ઈ. સ. ૧૭૫૨માં તેણે પંજાબ જીતી લીધું. મોગલ પ્રદેશમાં અંધાધૂંધી ફેલાયેલી હતી. મોગલોને અબ્દલીના આક્રમણનો ભય હતો. આ પરિસ્થિતિમાં પોતાના સંરક્ષણ માટે મરાઠાઓની મદદ લેવી મોગલોને જરૂરી લાગી. તેથી અયોધ્યાના નવાબ સફદરજંગે મોગલ બાદશાહ વતી મરાઠાઓ સાથે એક કરાર કર્યો. આ કરાર અનુસાર મરાઠાઓએ રોહિલા, જાટ, રજપૂત, અફઘાનો વગેરે શત્રુઓથી મોગલ સત્તાનું રક્ષણ કરવાનું માન્ય કર્યું. તેના બદલામાં પંજાબ, મુલતાન, રજપૂતાના, સિંધ, રોહિલખંડ ભાગોમાંથી મરાઠાઓને ચોથાઈ વસૂલ કરવાનો હક્ક મળ્યો.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેશવા નાનાસાહેબ

નાનાસાહેબ પેશવાના ભાઈ રઘુનાથરાવ જયાપ્પા શિંદે અને મલ્હારરાવ હોળકરને પોતાની સાથે લઈને ઉત્તર ભારતની ઝુંબેશે ઉપડ્યા. દિલ્હી પાસે આવેલું મથુરા જાટોની સત્તાનું કેંદ્ર હતું. ત્યાં સૂરજમલ જાટ પ્રમુખ હતા. રઘુનાથરાવે જાટોના પ્રદેશ પર આક્રમણ કર્યું. તેને લીધે જાટોનું દિલ દુભાયું.

જયપુરના રાજા સવાઈ જયસિંગના મૃત્યૂ પછી તેમના પુત્રો વચ્ચે જયપુરની ગાદી માટે સંઘર્ષ નિર્માણ થયો. તેમાં મરાઠાઓએ હસ્તક્ષેપ કર્યો. તેને લીધે રજપૂતો નારાજ થયા તેથી પાણીપતના યુદ્ધમાં જાટ અને રજપૂતોએ મરાઠાઓને મદદ કરી નહિ.

અટક ઉપર મરાઠાઓનો ધ્વજ ફરક્યો : નજીબખાન રોહિલાઓનો સરદાર હતો. ઉત્તર ભારતમાંનું મરાઠાઓનું વર્ચસ્વ તેનાથી સહન થતું નહોતું. નજીબખાનના કહેવાથી અબ્દલીએ ફરીથી ભારત ઉપર ચડાઈ કરી. તેણે દિલ્હી જીતી લીધું. મોટી લૂંટ કરી તે અફઘાનિસ્તાન પાછો ફર્યો. રઘુનાથરાવ અને મલ્હારરાવ હોળકર ફરીથી ઉત્તરમાં ગયા. તેઓએ દિલ્હી પાછું લીધું. તે પછી અબ્દલીના અધિકારીઓને હરાવી પંજાબ જીત્યું. અબ્દલીના સૈનિકોનો પીછો કરતાં મરાઠા ઈ. સ. ૧૭૫૮ માં અટક સુધી ગયા. અટક ઉપર મરાઠાઓનો ધ્વજ ફરકાવ્યો. અટક આજના પાકિસ્તાનમાં આવેલું છે. મરાઠાઓએ અટકથી આગળ જઈ પેશાવર સુધી ઝુંબેશ વધારી. મરાઠાઓએ પોતાના વર્ચસ્વ હેઠળ આવેલા આ પ્રદેશોની સુચારુ વ્યવસ્થા કરી નહિ.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



Based upon Survey of India map with the permission of the Surveyor General of India. The territorial waters of India extended into the sea to a distance of twelve nautical miles measured from the appropriate base line. The responsibility rest with the publisher. © Government of India Copyright- 2008

દત્તાજીનું પરાક્રમ : પંજાબ ઉપરની પકડ મજબૂત કરવા માટે અને નજીબખાનનો પરાજય કરવા માટે પેશવાએ દત્તાજી શિંદે અને જનકોજી શિંદેને ઉત્તરમાં મોકલ્યા. દત્તાજી ઉત્તરમાં ગયા. નજીબખાને તેને વાટાઘાટોમાં રોકી રાખ્યો. અબ્દલી સાથે સંપર્ક સાધ્યો. તેને મદદ

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે આવવાની વિનંતી કરી. નજીબખાનનો સંદેશો મળતાં જ અબ્દલી ફરીથી ભારત ઉપર ચડી આવ્યો. દત્તાજી અને અબ્દલી યમુનાને કિનારે બુરાડી ઘાટમાં પરસ્પર અથડાયા. જોરદાર લડાઈ થઈ. દત્તાજીએ અસામાન્ય શૌર્ય બતાવ્યું. આ લડાઈમાં તેનું વીરોચિત મૃત્યુ થયું.

સદાશિવરાવ ભાઉનું ઉત્તર તરફ પ્રયાણ : અબ્દલીનો પરાજય કરવા માટે નાનાસાહેબે સદાશિવરાવ ભાઉને ઉત્તરમાં મોકલ્યો. તેની સાથે પ્રચંડ લશ્કર અને પ્રભાવી તોપખાનું હતું. ઇબ્રાહીમખાન ગાર્દી આ તોપખાનાનો પ્રમુખ હતો. નાનાસાહેબના મોટા પુત્ર વિશ્વાસરાવ અને અનેક પરાક્રમી મરાઠી સરદારો આ ઝુંબેશમાં હતા.

પાણીપતનું યુદ્ધ : ઉત્તરની ઝુંબેશમાં સદાશિવરાવભાઉએ દિલ્હી જીતી લીધું. મરાઠાઓનું સૈન્ય અને અબ્દલીનું સૈન્ય પાણીપતમાં સામસામે આવ્યું. ૧૪ જાન્યુઆરી, ૧૭૬૧ ના રોજ મરાઠાઓએ અબ્દલી ઉપર હુમલો કરીને યુદ્ધની શરૂઆત કરી. યુદ્ધમાં વિશ્વાસરાવને ગોળી વાગવાથી તે મરાયો. સદાશિવરાઉ ભાઉને આની ખબર પડતાં જ તે ભાન ભૂલીને શત્રુઓ પર તૂટી પડ્યો. આ ધમાસાણ યુદ્ધમાં તે અદશ્ય થઈ ગયો. પોતાના નેતાની દુર્દશા જોઈને મરાઠા સૈનિકોની ધીરજ ખૂટી. તે જ સમયે અબ્દલીના અનામત અને નવા જોમવાળા સૈન્યએ મરાઠાઓ ઉપર હુમલો કર્યો. મરાઠાઓનો પરાજય થયો. મહારાષ્ટ્રમાંની એક આખી તરૂણ પેઢી ખતમ થઈ ગઈ. અનેક પરાક્રમી સરદાર ધરાશાયી થયા. પરદેશી અબ્દલીને અહીં રાજ્ય કરવાનો કોઈ જ નૈતિક હક્ક નથી તેવી મરાઠાઓની ભૂમિકા હતી. ભારતીયો માટે ભારત-આવી વ્યાપક ભૂમિકા સાથે મરાઠાઓ પાણીપતમાં લડ્યા.

પેશવા માધવરાવ : નાનાસાહેબ પેશવાના મૃત્યુ પછી તેનો પુત્ર માધવરાવ પેશવાપદે આવ્યો. માધવરાવે પોતાની કારકિર્દીમાં નિઝામ

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને હૈદરઅલીનો પરાભવ કર્યો. તેણે ઉત્તરમાં મરાઠાઓનું પ્રભુત્ત્વ ફરીથી પ્રસ્થાપિત કર્યું.

પેશવા માધવરાવ

પાણીપતના યુદ્ધમાં મરાઠાઓનો પરાજય થયેલો જોઈને નિઝામે ફરીથી મરાઠાઓના વિરોધમાં હલચલ શરૂ કરી. તેણે મરાઠી પ્રદેશો ઉપર આક્રમણ કર્યું. માધવરાવે પૈઠણ પાસે રાક્ષસભવનમાં નિઝામને હરાવ્યો.

હૈદરઅલીએ રાજાને અવગણી મ્હૈસુરનું રાજ્ય પડાવી લીધું હતું. પાણીપતમાં મરાઠાઓના થયેલા પરાજયનો ફાયદો ઉઠાવી તેણે કર્ણાટકના મરાઠી પ્રદેશો પર હુમલા કર્યા. મરાઠાઓએ શ્રીરંગપટ્ટમ પાસેના મોતીતળાવમાં થયેલી લડાઈમાં તેનો પરાજય કર્યો. તેણે તુંગભદ્રા નદીની ઉત્તર તરફનો પ્રદેશ મરાઠાઓને આપવાનું માન્ય કર્યું.

મરાઠી સત્તાના વર્ચસ્વની પુનઃસ્થાપના : પાણીપતના પરાજયને લીધે મરાઠાઓની ઉત્તર ભારતમાંની પ્રતિષ્ઠાને ભારે ફટકો પડ્યો હતો. ઉત્તરમાં મરાઠાઓની સત્તા ફરીથી પ્રસ્થાપિત કરવા માટે માધવરાવે મહાદજી શિંદે, તુકોજી હોળકર, રામચંદ્ર કાનડે અને વિસાજી પંત બિનીવાલે વગેરે સરદારોને મોકલ્યા. મરાઠી સેનાએ જાટ, રોહિલા અને રજપૂતોનો પરાભવ કર્યો. બાદશાહ શાહઆલમને પોતાના આશ્રય હેઠળ દિલ્હીની ગાદી ઉપર બેસાડ્યો. ઉત્તરમાં મરાઠાઓની સત્તા ફરીથી પ્રસ્થાપિત થઈ. તેમાં મહાદજી શિંદેનો સિંહફાળો હતો.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈ. સ. ૧૭૭૨ માં માધવરાવ પેશવાનું મૃત્યુ થયું. મરાઠાઓના ઇતિહાસમાં એક પ્રામાણિક, મહેનતુ, સાહસિક અને લોકહિતદક્ષ એવા શાસક તરીકે તેનો ઉલ્લેખ થાય છે. ગ્રૅંટ ડફે માધવરાવ માટે 'મરાઠી સામ્રાજ્યનું પાણીપતના યુદ્ધમાં નથી થયું એટલું મોટું નુકસાન માધવરાવના અકાળ અવસાનથી થયું છે.' આવા ઉદ્‌ગારો કાઢ્યા છે. આ કર્તવ્યનિષ્ઠ પેશવાના મૃત્યુને લીધે મરાઠી રાજ્યને મોટું નુકસાન થયું.-

સ્વાધ્યાય

૧. ખાલીજગ્યામાં યોગ્ય શબ્દ લખો.

(અ) દિલ્હી પાસેનું ..... સ્થળ જાટોની સત્તાનું કેંદ્ર હતું.

(આ) માધવરાવે પૈઠણ નજીકના .....માં નિઝામનો પરાભવ કર્યો.

(ઇ) મરાઠાઓએ શ્રીરંગપટ્ટમ નજીકના મોતીતળાવમાં થયેલી લડાઈમાં .....નો પરાજય કર્યો.

૨. 'અ' જૂથ અને 'બ' જૂથને યોગ્ય રીતે જોડો.

'અ' જૂથ	'બ' જૂથ
(અ) અહમદશાહ અબ્દલી	(૧) અયોધ્યાના નવાબ
(આ) ઇબ્રાહીમખાન ગાર્દી	(૨) અફઘાનિસ્તાનના બાદશાહ
(ઇ) સફદરજંગ	(૩) મરાઠાઓના તોપખાનાના પ્રમુખ
	(૪) ભરતપુરના રાજા

૩. એક વાક્યમાં જવાબ લખો.

(અ) રજપૂતો શાથી નારાજ થયા?

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(આ) પેશવાએ દત્તાજી શિંદે અને જનકોજી શિંદેને ઉત્તરમાં શા માટે મોકલ્યા?

(ઇ) મરાઠાઓ પાણીપતમાં કઈ ભૂમિકા સાથે લડ્યા?

૪. બે થી ત્રણ વાક્યોમાં જવાબ લખો.

(અ) સફદરજંગે મોગલ બાદશાહ વતી મરાઠાઓ સાથે ક્યો કરાર કર્યો?

(આ) પાણીપતના યુદ્ધમાં મરાઠાઓનો પરાજય શાથી થયો?



વસઈનો કિલ્લો

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯. મરાઠી સત્તાના આધારસ્તંભ

ભારતમાં મરાઠી સત્તાનો વિસ્તાર કરવાના કામમાં અનેક મરાઠી સરદારોએ મહત્ત્વની કામગીરી બજાવી. તેમાંથી કેટલાક મુખ્ય સરદારોની કામગીરીનું સરવૈયું આપણે આ પાઠમાં મેળવવાના છીએ.

મલ્હારરાવ હોળકર

ઇંદોરના હોળકર : મલ્હારરાવ ઇંદોરના હોળકરની સત્તાના સંસ્થાપક હતા. મલ્હારરાવે લાંબા સમય સુધી મરાઠી રાજ્યની સેવા કરી. ગેરીલા યુદ્ધ પદ્ધતિમાં તે નિષ્ણાત હતા. મહાન બાજીરાવ અને નાનાસાહેબ પેશવાના સમયમાં તેણે ઉત્તરમાં પરાક્રમ બતાવ્યું હતું. માળવામાં અને રજપૂતાનામાં મરાઠાઓનું વર્ચસ્વ પ્રસ્થાપિત કરવામાં તેનો મોટો ફાળો હતો. પાણીપત પછી ઉત્તરમાં મરાઠાઓની પ્રતિષ્ઠા પુનઃસ્થાપિત કરવામાં માધવરાવ પેશવાને તેની ખૂબ મોટી મદદ મળી હતી.

મલ્હારરાવના મૃત્યુ પછી પુણ્યશ્લોક અહલ્યાબાઈના હાથમાં ઇંદોરના કારભારનાં સૂત્રો આવ્યાં. અહલ્યાબાઈએ લગભગ અઠ્યાવીસ વર્ષો સુધી સમર્થ રીતે રાજ્યનો કારભાર કરીને ઉત્તરમાં મરાઠી સત્તાની પ્રતિભા વિકસાવી.

અહલ્યાબાઈ હોળકર

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
અહલ્યાબાઈએ રાજ્યમાં શાંતિ અને સુવ્યવસ્થા નિર્માણ કરીને પ્રજાને સુખી કરી.

નાગપુરના ભોંસલે : પરસોજી ભોંસલે છત્રપતિ શિવાજી મહારાજની સેવામાં હતા. શાહુ મહારાજના સમયમાં તેને વરાડ અને ગોંડવન પ્રદેશની સનદ આપવામાં આવી. નાગપુરના ભોંસલેમાંથી રઘુજી સૌથી કર્તવ્યશીલ અને પરાક્રમી પુરુષ હતા. તેઓ દક્ષિણના તિરુચિરાપલ્લી અને આર્કટની આસપાસનો પ્રદેશ મરાઠી સત્તાના વર્ચસ્વ હેઠળ લાવ્યા. બંગાળ, બિહાર અને ઓરિસ્સા પ્રાંતની ચોથાઈ વસૂલીનો અધિકાર શાહુમહારાજે રઘુજીને આપ્યો હતો. તેણે તે પ્રદેશ મરાઠાઓના પ્રભાવ હેઠળ લાવી આપ્યો.

રઘુજી ભોંસલે

ગ્વાલિયરના શિંદે : જ્યેષ્ઠ બાજીરાવે રાણોજી શિંદેની કાર્યક્ષમતા ઓળખીને તેની ઉત્તરમાં સરદાર તરીકે નિમણૂંક કરી. રાણોજીના મૃત્યુ પછી જયપ્પા, દત્તાજી અને મહાદજી તેના ત્રણેય પુત્રોએ પરાક્રમ કરી ઉત્તર ભારતમાં મરાઠી સત્તા પ્રબળ બનાવી.

માધવરાવ પેશવાએ શિંદે કુટુંબની સરદારી મહાદજીને આપી. તે પરાક્રમી અને મુત્સદ્દી હતો. પાણીપતના પરાજય પછી ઉત્તરભારતમાં મરાઠાઓનું વર્ચસ્વ અને પ્રતિષ્ઠા નિર્માણ કરવાની કામગીરી તેણે બજાવી. ઉત્તર ભારતના સપાટ પ્રદેશમાં મરાઠાઓની ગેરીલા યુદ્ધ પદ્ધતિ ઉપયોગી થશે નહિ એ તેને સમજાઈ ગયું હતું. તેણે ફ્રેંચ લશ્કરી નિષ્ણાતોના

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાદજી શિંદે

માર્ગદર્શન હેઠળ પોતાનું સૈન્ય પ્રશિક્ષિત કર્યું અને તોપખાનું સુસજ્જ કર્યું. આ કવાયતી સૈન્યના જોરે તેણે રોહિલા, જાટ, રજપૂત, બુંદેલ વગેરેને નમાવ્યા. અંગ્રેજોને પણ ધાકમાં રાખ્યા. દિલ્હીના બાદશાહે તેને નાયબ 'વકીલ-ઇ-મુત્લક' (બાદશાહનો મુખ્ય પ્રતિનિધિ) નો ખિતાબ આપીને તેનું ગૌરવ કર્યું. બાદશાહે તેના હાથમાં પોતાના પ્રતિનિધિ તરીકે કારભાર સોંપ્યો. કથળી ગયેલી બાદશાહીને ચેતનવંતી બનાવવાનું કામ સરળ નહોતું. મહાદજીએ અત્યંત પ્રતિકૂળ પરિસ્થિતિ પર વિજય મેળવીને ખૂબ કુનેહથી ઈ. સ. ૧૭૮૪ થી ૧૭૯૪ ના સમય દરમિયાન દિલ્હીનો કારભાર સંભાળ્યો. દિલ્હીના કારભારની વ્યવસ્થા કરી મહાદજી પુણે આવ્યા. પુણે પાસે આવેલા વાનવડીમાં મહાદજીનું મૃત્યુ થયું.

શિંદે, હોળકર અને ભોંસલેની જેમ અન્ય કેટલાક મુખ્ય સરદારોએ પણ મરાઠી રાજ્યની ઉલ્લેખનીય સેવા કરી.

શિવાજી મહારાજે વિકસાવેલા નૌકાદળને કાન્હોજી અને તુળાજી આંગ્રે આ પિતા-પુત્રે પ્રબળ બનાવ્યું. આ પ્રબળ નૌકાદળના જોર ઉપર જ તેણે પોર્ટુગીઝ, અંગ્રેજ અને સિદ્દીની નૌકાદળની સત્તાઓ પર ધાક જમાવી. મરાઠી રાજ્યની કિનારાપટ્ટીનું (સરહદનું) રક્ષણ કર્યું.

ખંડેરાવ દાભાડે અને તેના પુત્ર ત્રંબકરાવે ગુજરાતમાં મરાઠી સત્તાનું વર્ચસ્વ સ્થાપિત કર્યું. ખંડેરાવના મૃત્યુ પછી તેની પત્ની ઉમાબાઈએ અમદાવાદના મોગલ સરદારનો પરાભવ કર્યો. ત્યાંનો કિલ્લો જીતી લીધો. પછીથી ગાયકવાડે ગુજરાતના વડોદરાને પોતાની સત્તાનું

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
કેંદ્ર બનાવ્યું. મધ્યપ્રદેશના ધાર અને દેવાસના પવારોએ શિંદે અને હોળકરને ઉત્તરમાં મરાઠી સત્તાનો વિસ્તાર કરવામાં મહત્ત્વની સહાય કરી.

માધવરાવ પેશવાના મૃત્યુ પછી મરાઠી રાજ્યની હાલત અસ્તવ્યસ્ત થઈ ગઈ હતી. તે પેશવાના પ્રસિદ્ધ કારભારી નાના ફડનવીસ જેવા મુત્સદ્દીએ મહાદજીની મદદથી વ્યવસ્થિત કરી. મહાદજી ઉત્તર ભારતમાં મરાઠાઓનું વર્ચસ્વ સ્થાપવામાં રોકાયેલા હોવાથી નાનાસાહેબે દક્ષિણના રાજકારણનાં સૂત્રો સંભાળ્યાં. આ કાર્યમાં પટવર્ધન, હરિપંત ફડકે, રાસ્તે વગેરે સરદારોએ તેને સાથ આપ્યો. તેને લીધે મરાઠી સત્તાનું વર્ચસ્વ દક્ષિણમાં સ્થાપિત થયું.

ઉત્તર અને દક્ષિણ ભારતમાં મરાઠી સત્તાનો પ્રભાવ નિર્માણ કરવામાં મરાઠી સરદારો યશસ્વી થયા. મહાદજી શિંદે અને નાના ફડનવીસના મૃત્યુ પછી મરાઠી સત્તાનો અસ્ત શરૂ થયો. બીજા બાજીરાવના સમયમાં મરાઠાઓનો ઉત્તર અને દક્ષિણમાં પ્રભાવ ઓછો થતો ગયો. મરાઠાઓની જગ્યા અંગ્રેજોએ લીધી. ઈ. સ. ૧૮૧૮ માં મરાઠાઓની સત્તાનો અંત આવ્યો. અંગ્રેજો સંપૂર્ણ ભારતને પોતાના આધિપત્ય હેઠળ લાવ્યા. ભારતના ઇતિહાસનો મધ્યયુગ સમાપ્ત થયો. આધુનિક કાળખંડની શરૂઆત થઈ.

સ્વાધ્યાય

૧. ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો.

(અ) મલ્હારરાવ હોળકર ..... યુદ્ધ પદ્ધતિમાં નિષ્ણાત હતા.

(આ) ગાયકવાડે ગુજરાતમાંના ..... ને પોતાની સત્તાનું કેંદ્ર બનાવ્યું.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ઇ) ખંડેરાવના મૃત્યુ પછી તેની પત્ની ..... એ અમદાવાદના મોગલ સરદારનો પરાભવ કર્યો.

૨. એક વાક્યમાં જવાબ લખો.

(અ) શાહુ મહારાજના સમયમાં પરસોજી ભોંસલેને ક્યા પ્રદેશોની સનદ આપી?

(આ) બાદશાહે મહાદજી શિંદેને ક્યો ખિતાબ આપીને તેનું ગૌરવ કર્યું?

૩. બે થી ત્રણ વાક્યોમાં જવાબ લખો.

(અ) મહાદજી શિંદેએ પોતાનું સૈન્ય શા માટે પ્રશિક્ષિત કર્યું?

(આ) નાના ફડનવીસે કઈ કામગીરી બજાવી?

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવન-કૌશલ્યોનું શિક્ષણ (Life-skills Education)

જીવન વધારેમાં વધારે કાર્યક્ષમતાથી અને સફળતાપૂર્વક જીવી શકાય, તે માટે વિદ્યાર્થીઓમાં કૌશલ્યો વિકસિત કરવાનો સાતત્યપૂર્ણ અને સુસંગત પ્રયત્ન એટલે જ 'જીવન-કૌશલ્યોનું શિક્ષણ'. તે સાધ્ય થવા માટે જીવનના પ્રાથમિક તબક્કામાં વિદ્યાર્થીઓને તક પૂરી પાડવાની અત્યંત જરૂરિયાત છે. આ ઉપરાંત આ શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓની ભૌતિક અને માનસિક ક્ષમતાનો વધારેમાં વધારે ઉપયોગ કરી તેમના વ્યક્તિત્ત્વનો વિકાસ કરવો એ પણ એક ઉદ્દિષ્ટ છે.

વૈશ્વિક આરોગ્ય સંગઠને (WHO) આ માટે નીચે પ્રમાણે દસ જીવન-કૌશલ્યોને પ્રાધાન્ય આપ્યું છે.

(1) સ્વજાગૃતિ (**Self awareness**) : પોતાની ક્ષમતા, મર્યાદા, પસંદગી-નાપસંદગી, આકાંક્ષા ઓળખવાનું કૌશલ્ય.

(2) સમાનુભૂતિ (**Empathy**) : બીજાની ભૂમિકામાં પ્રવેશી વિચાર કરવાનું કૌશલ્ય.

(3) સમસ્યા નિરાકરણ (**Problem solving**) : ઉપલબ્ધ પર્યાયોમાંથી યોગ્ય અને સંભવિત પર્યાય પસંદ કરી કાર્યવાહી કરવાનું કૌશલ્ય.

(4) નિર્ણય લેવો (**Decision making**) : સમસ્યા ઉકેલવાની પ્રક્રિયામાં અનેક પર્યાયો શોધીને તેમાંથી યોગ્ય પર્યાય સ્વીકારવાનું કૌશલ્ય.

(5) પ્રભાવી સંવાદ (**Effective communication**) : પોતાના વિચાર શાબ્દિક અથવા અશાબ્દિક માધ્યમ દ્વારા પ્રભાવશાળી રીતે વ્યક્ત કરવાનું કૌશલ્ય.

(6) ચિકિત્સક વિચાર (**Critical thinking**) : ઉપલબ્ધ માહિતીનું વિશ્લેષણ અને પરીક્ષણ વસ્તુનિષ્ઠ રીતે કરવાનું કૌશલ્ય.

(7) સર્જનશીલ વિચાર (**Creative thinking**) : પારંપારિક અને પુનરાવૃત્તિની પદ્ધતિ કરતાં જુદી અને આધુનિક પદ્ધતિથી એકાદી સમસ્યા અથવા પરિસ્થિતિ વિશે વિચાર કરવાનું કૌશલ્ય.

(8) આંતરવૈયક્તિક સંબંધ (**Interpersonal relations**) : દૈનંદિન જીવનમાં સતત સંપર્કમાં રહેનાર સાથેનો સંબંધ ઓળખીને શુદ્ધ અને સ્નેહપૂર્ણ સંબંધ રાખવાનું કૌશલ્ય.

(9) ભાવનાનું સમાયોજન (**Coping with emotions**) : પોતાની અને અન્યોની ભાવના તેમજ તેનું પરિણામ ઓળખીને તેના ઉપર નિયંત્રણ રાખવાનું કૌશલ્ય.

(10) તણાવનું સમાયોજન (**Coping with stress**) : તણાવ કે ખેંચતાણના કારણો શોધીને તેનાથી થતું શારીરિક અને માનસિક પરિણામ ધ્યાનમાં લઈ તેનો યોગ્ય ઉપાય કરવાનું કૌશલ્ય.

ઉપર જણાવેલા જીવન-કૌશલ્યો વર્ગ અધ્યાપનના માધ્યમ દ્વારા સાધ્ય કરવા અપેક્ષિત છે. ગણિત અધ્યાપનના ઉદ્દિષ્ટો અને આ જીવન-કૌશલ્યોનું યોગ્ય સમાયોજન સાધવાથી ઉપરમાંથી મોટાભાગના જીવન-કૌશલ્યોનો વિદ્યાર્થીઓમાં વિકાસ કરવો શક્ય થશે.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આજ્ઞાપત્રમાંનું' પર્યાવરણ રક્ષણ

રામચંદ્રપંત અમાત્યે 'આજ્ઞાપત્ર' લખ્યું છે. તેમાં શિવાજી મહારાજની નીતિનું પ્રતિબિંબ જોવા મળે છે. નીચેના ફકરામાં મહારાજનો પર્યાવરણ વિષયી દૃષ્ટિકોણ સ્પષ્ટ થાય છે.

નૌકાદળમાં લાકડાનાં પાટિયાં, થાંભલા, પાલખીની લાકડીઓ વગેરેથી લઈને મોટાં લાકડાં હોવાં જોઈએ. આપણા રાજ્યનાં જંગલમાં સાગવાન વગેરે વૃક્ષો છે, તેમાં જે અનુકૂળ લાગે તે હુજૂરની પરવાનગી લઈ તોડીને લઈ જવા. આ ઉપરાંત જે જોઈએ તે અન્ય મુલકમાંથી ખરીદ કરીને લઈ આવતા, સ્વરાજ્યમાંનાં આંબા, ફણસ વગેરેનું લાકડું નૌકાદળને આવશ્યક, પરંતુ તેને હાથ ન લગાડવા દેતા. શું કહીને કે, આ ઝાડ વર્ષ બે વર્ષમાં થતાં નથી. રૈયતે આ ઝાડ ઉગાડી બાળકની જેમ લાંબો સમય જતન કરી ઉછેર્યાં છે. તે ઝાડ તોડવાથી તેમને પારાવાર દુઃખ થાય. એકને દુઃખ દઈ જે કાર્ય કરીએ તે કાર્ય કરનારાનું હિત બહુ થોડા સમયનું હોય તેમ કહેવાય. નહિતર માલિકોને પ્રજાપીડનનો દોષ લાગે. આ વૃક્ષોના અભાવથી નુકસાન પણ થાય. તેથી આ બાબત સર્વથા ન થવા દેવી. કદાપિ એકાદ ઝાડ બહુ ખખડધજ થઈ નકામું થઈ ગયું હોય તો પણ તેના માલિકને રાજી કરી દ્રવ્ય આપી તેને સંતોષ આપી તે તોડી લાવવાં.

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

गुजराती इतिहास इयत्ता ७ वी

Rs. 13.00

CC-0.Panini Kanya Maha Vidyalaya Collection.